કિં. ₹૨૦/-
પાના નં-૧

ઑગસ્ટ - નવેમ્બર
૨૦૧૬

સળંગ અંક:૬૭-૬૮
વર્ષ : ૧૨

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું પારિવારીક સામાયિક

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

gnyatisetu.com

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની • કુ. એક્તા કટ્ટા

## કલા - દિપોત્સવી

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ
અમદાવાદ



યુવક-યુવતિ
પરિચય મેળો
રાયપુર

MED AID
જ્ઞાતિજનો દ્વારા સહયોગ

ગણેશ વંદના
સાંસ્કૃતિક કાર્યક્રમ - રાયપુર
કલાકારો
જેનિશા કટ્ટા - આયુશી બારમેડા

જ્યોતિ કળશ છલકે ...૨૬ | એનીમેશન આર્ટીસ્ટ- મેહુલ મહિયા...૨૮ | કલા સાધક - કિશોરભાઈ કટ્ટા...૨૯

Jaymin Soni
98245 46650

Gold & Silver Bullion Merchant

J.J Jewellers

GF-15 Super Mall, Nr. Lal Bunglow, C. G. Road, Ahmedabad-380006
Tel. : 079 66611322 • Email : johnson.soni@yahoo.in

એકમેકને ઓળખવાનો

**જ્ઞાતિસેતુ**

વર્ષ : ૧૨ ● અંક : ૧-૨

ઓગસ્ટ – નવેમ્બર '૧૬

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**વ્યવસ્થાપક સમિતિ**

**ચેરમેન**
મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**માનદ્ સંયોજક**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**મુદ્રણ આયોજન / ડિઝાઈન**
જયેશ ઘડિયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨

**વેબસાઈટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

**નાણાકીય આયોજન**
પ્રશાંત બીજલાણી

**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**

● **અમદાવાદ**
ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩

● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
(રૂલપ્રેસવાળા)

● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(ઉદય સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**
હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

● **સાબરકાંઠા**
દિનેશભાઈ સોની (વૈશાલી જ્વેલર્સ-તલોદ) ૯૬૦૧૭૧૭૫૫૫

**માનદ્ સંયોજક (ભુજ)**
શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** રાજેન્દ્ર સોની
ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮
વેબ સાઈટ : www.gnyatisetu.com
ઈ-મેલ : gnyatisetu@gmail.com

છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**

# તંત્રી સ્થાનેથી



*'જ્ઞાતિસેતુ'ના વહાલા વાંચકોને દિપાવલીની શુભ કામના. આગામી વિક્રમ સંવત ૨૦૭૩, સૌના જીવનમાં સુખ, સંપત્તિ અને સમૃધ્ધિ લાવે તેવી શુભેચ્છા. ગત વર્ષના લેખાજોખા સાથે આગામી નૂતન વર્ષના કાર્યોનું આગોતરૂ આયોજન થતું હોય છે. સામાજીક ક્ષેત્રે પણ સમય સાથે તાલ મેળવી સંસ્થાઓ સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરે છે.*

*વિવિધ સ્થળોએ નવરાત્રીના સફળ આયોજન બાદ આપણા સમાજના સૌથી મોટા વાર્ષિક આયોજન એવા સમૂહ લગ્ન સમારોહનું ભુજ જ્ઞાતિ દ્વારા સમયબધ્ધ આયોજન થઈ રહ્યું છે. બીજી તરફ મહામંડળના દશાબ્દી પ્રસંગે યોજાનાર અધિવેશનની તૈયારીઓ થઈ રહેલ છે ત્યારે આ આયોજનોને સર્વાંગી સફળતા મળે તેવી શુભ કામના.*

*ગત સમયમાં અમદાવાદ જ્ઞાતિ દ્વારા સંચાલિત મેડિકલ સહાયતા યોજના – "Med Aid"નું લોકાર્પણ મહામંડળ કારોબારી સમિતિની અમદાવાદ મિટીંગ દરમ્યાન મહામંડળના પ્રમુખશ્રી પ્રભુદાસભાઈ ખેતશી સોની દ્વારા થયેલ. આ પ્રસંગે અમદાવાદ સ્થિત સૌરાષ્ટ્ર કંસારા સમાજ તથા સમસ્ત કંસારા સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિએ સમસ્ત સમાજની સમરસતાની અનુભૂતિ કરાવેલ. તેમજ 'સારા કાર્ય માટે સમન્વય'નો સંદેશ પણ ઝીલાયો.*

*રાયપુર ખાતે યોજાયેલ પરિચય મેળા તથા અખિલ ભારતીય પદાધિકારી સંમેલન, શિસ્તબધ્ધ આયોજનના લીધે યાદગાર બની રહ્યો. પદાધિકારીઓની પાંખી હાજરી હોવા છતાં આપણા સમાજના વિવિધ સ્થળે સ્થિત સભ્યોની એકતા તથા તેમની સામાજીક ક્ષેત્રે સારા કાર્યો કરવાની કટીબધ્ધતા પ્રગટ થઈ.*

*'જ્ઞાતિસેતુ'નો આ કલા દીપોત્સવી અંક માનવ અંગોના સેવાભાવી શિલ્પકાર જ્યોતિકાબેન સોની (અમદાવાદ), ફિલ્મ એનિમેશન આર્ટીસ્ટ શ્રી મેહુલ મહીચા (બેંગ્લોર), કલાસાધક શ્રી કિશોરભાઈ કટ્ટા (રાયપુર) સહિત સમાજના સર્વે કલાકારો અને કલાપ્રેમી વાંચકોને સમર્પિત છે.*

*મહામંડળના બીજા દાયકામાં પ્રવેશ સમયે સામાજીક એકતા અને સમન્વયનો ઉજાસ વિવિધ સ્થળે વસતા ઘટકોમાં વિસ્તરતો રહે તેવી શુભ કામના.*

**– અતુલ સોની**

## ॥ नूतन वर्ष शुभेच्छा ॥

*सर्वेषां स्वस्ति भवतु, सर्वेषां शान्ति भवतु,*
*सर्वेषां पूर्ण भवतु, सर्वेषां भद्रं भवतु ।*

*– औपनिषदिक भावना*

*બધાનું કલ્યાણ થાય, બધાને શાંતિ મળે, બધા જ લોકો બધી રીતની પૂર્ણતા (શાંતિ) અનુભવે. પુનઃ બધાનું મંગલ (કલ્યાણ) થાય.*

*चतुर रेखा - समायुक्तं, बिन्दुभिः परिशोभितम् ।*
*आयुर्बल स्वस्तिकाय प्रदातारं त्वां नुमो वयम् ॥*

*ચાર રેખાઓથી સંયોજીત, બિંદુઓથી શોભાયમાન આયુષ્ય અને સામર્થ્ય આપનાર હે સ્વસ્તિક! તને નમસ્કાર કરીએ છીએ.*

***હિંદુ પ્રજામાં ૐ પછીનું બીજું અત્યંત ગૌરવપ્રદ, આદરણીય અને મંગલમય સ્થાન હોય તો તે સ્વસ્તિકનું છે.***

*'સ્વસ્તિક' પુસ્તકમાંથી તારવેલુ.*
*લે. : ધીરૂભાઈ શુક્લ*

# દીપાવલી - વીણેલા વાર - તહેવાર

## ધનતેરસ - ગજકેસરી યોગ

વિક્રમ સંવત ૨૦૭૨ આસો વદ તેરસ, શુક્રવાર, તા. ૨૮ ઓક્ટોબરના રોજ ધન તેરસનો શુભ દિવસ છે. આ વર્ષે ધન તેરસના રોજ ચંદ્ર ગુરૂનો કન્યા રાશિમાં યોગ છે. જેથી મહાલક્ષ્મી પૂજાનું વિશેષ મહત્ત્વ છે. સાંજે ૬.૨૨ સુધીનો સમય પૂજા અર્ચના માટે યોગ્ય છે. અભિજીત મુહૂર્ત બપોરે ૧૨.૦૦થી ૧૨.૪૬.

## રવિ પુષ્યામૃત યોગ

**(આસો વદ સાતમ-આઠમ શનિ-રવિ)**

શાસ્ત્રાનુસાર રાશિ મંડળની ૧૨ રાશિઓ છે, ૨૭ નક્ષત્રો છે. આ ૨૭ નક્ષત્રોમાંના ૨૪ નક્ષત્ર પ્રમાણમાં શુભ મનાય છે. આમાંનો એક આઠમો નક્ષત્ર 'પુષ્ય' સર્વશ્રેષ્ઠ મનાય છે. શાસ્ત્રોમાં તેનો અનેરો મહિમા છે. આ નક્ષત્ર વર્ષમાં ૧૩ વખત આવે છે. પુષ્યનો અર્થ 'પોષણકારી' છે. એનો રાશિપતિ ચંદ્ર છે. જ્યારે નક્ષત્ર પતિ શનિદેવ અને દેવપતિ બૃહસ્પતિ છે. જ્યોતિષ શાસ્ત્ર મુજબ ચંદ્ર જો પુષ્ય નક્ષત્રમાં હોય અને તે દિવસે રવિવાર હોય તો તેને 'રવિ પુષ્યામૃત યોગ' કહેવાય છે. શાસ્ત્રોક્ત દૃષ્ટિએ આ ઉત્તમ યોગ મંગલકારી ગણાય છે. આ યોગ દરમ્યાન પ્રારંભેલું દરેક શુભ કાર્ય વિશેષરૂપે સાર્થક થાય છે. વિદ્યાભ્યાસ તથા આધ્યાત્મિક સત્સંગ માટે પુષ્ય નક્ષત્ર ઉત્તમ છે.

વર્તમાન વર્ષે, આસો વદ સાતમ શનિવાર, તા. ૨૨-૧૦-૨૦૧૬ની રાત્રે ૮.૨૭ કલાકથી પુષ્ય નક્ષત્રનો પ્રારંભ થાય છે, જે રવિવાર તા. ૨૩-૧૦-૨૦૧૬ની રાત્રે ૮.૩૭ કલાકે પૂર્ણ થાય છે.

## ઇષ્ટ દેવી મહાકાળી પૂજન

**(આસો વદ ચૌદ, ૨૯ ઓક્ટોબર, શનિવાર)**

આપણા સમાજના ઈષ્ટદેવી મહાકાળી પૂજન. બપોરે ૩.૧૨થી રાત્રે ૧૨.૨૩ સુધી અમૃત, લાભ, શુભ અને અમૃત ચોઘડિયાં છે. પરંપરાગત સંધ્યા સમયે નૈવેદ્ય - પૂજા અર્ચના માટે અનુકૂળ છે.

## દિવાળી : આસો વદ અમાસ, ૩૦ ઓક્ટોબર, રવિવાર

સવારે ૯.૩૪થી રાત્રે ૯.૧૨ દરમ્યાન લાભ, અમૃત,

શુભ અને અમૃત ચોઘડિયાં છે. જે દરમ્યાન નૈવેદ્ય, પૂજા અર્ચના માટે અનુકૂળ છે. અભિજીત મુહૂર્ત બપોરે ૧૨થી ૧૨.૪૬ છે.

## નવ વર્ષ - કારતક સુદ એકમ

સવારે ૬.૪૫થી ૧૦.૫૯ સુધી અમૃત અને શુભ ચોઘડિયાં છે. બપોરે ૩.૪૬થી ૬.૩૦ સુધી ફરી લાભ અને અમૃત ચોઘડિયાં છે. અભિજીત મુહૂર્ત બપોરે ૧૨.૦૦થી ૧૨.૪૫ છે.

*સૌ. દિવ્ય ભાસ્કર*

## ૩૦ ઓક્ટોબર - દિવાળીનો દિવસ

આ દિવસે ઇ.સ. ૧૮૮૩ના રોજ ભારતીય સંસ્કૃતિના પુનઃ જાગરણના એક ઉત્તમ અધિષ્ઠાતા સ્વામિ દયાનંદ સરસ્વતીનું દેહાવસાન થયું. એમની પુણ્યતિથિ અવસરે એમણે પ્રગટાવેલી જ્યોતિ જેનો પ્રકાશ સમસ્ત આર્યાવર્તમાં આજ પણ પ્રજ્વલિત છે, તેને યાદ કરી સ્મરણાંજલી અર્પણ કરીએ.

*– તંત્રી મંડળ*

# ધન્ય બને ધનતેરસ

વિક્રમ સંવત ૧૯૬૫ની ધનતેરસને દિવસે અંજાર તાલુકાના દેવળિયા ગામે સોની પ્રાગજી સુંદરજી પોમલના ધર્મપત્ની મોંઘીબાઈની કૂખે **પુણ્યાત્મા ગોમતીબા**નો જન્મ થયો. બાળવયથી જ એમને શ્રીકૃષ્ણના બાળ સ્વરૂપની અનુભૂતિ થઈ હતી. નવ વર્ષનાં હતાં ત્યારથી તેઓ કૃષ્ણભક્તિનાં પદો ભજનો રચતા. અને એમના ઋજુ કંઠે ગાતા. સીધા સાદા ભક્તિભાવ અને પ્રેમાળ સ્વભાવને કારણે બિદડા અને એની આજુબાજુના ઘણા ગામોમાં એમની નિર્મળ સાધનાની સુવાસ હતી. એમનું નાનકડું ઘર ગોકુળિયું હતું. સવાર બપોર સાંજ એમને આંગણે સત્સંગીઓ, ભાવકો અનન્ય એવી પ્રભુ ભક્તિ (ભજન કીર્તન)નો લાભ લેતા. એમની પાસે કોઈ ચમત્કાર કે પારલૌકિક વિદ્યા નહોતી. હતું માત્ર પ્રાણીમાત્ર પ્રત્યે વાત્સલ્ય અને પ્રભુ સ્મરણ હેતુ સ્વયંભુ સ્ફુરેલાં ગીતો / પદો / ભજનો, જેનો આસ્વાદ સૌ સત્સંગી માણતા અને એમનું હૈયું હળવું કરતા.

આપણા સમાજને ગૌરવ બક્ષતા ‘ગોમતી બા’ નિરક્ષર હતા પરંતુ એમની ‘અક્ષર’ની ઓળખ અજબ હતી. એમણે લગભગ ૨૦૦ જેટલા પદો / ગીતો ભજનો રચ્યાં છે, જેમાના ઘણા ભજનો, ગુલાબ દેઢિયા સંપાદિત સંકલ્પિત ‘પૂજ્ય ગોમતીબાઈ જીવન અને કવન’માં ગ્રંથસ્થ થયા છે. એમાંની એક નાનકડી રચનાનો ‘સેતુ’ના આ અંકમાં સમાવેશ કરી, ‘ગોમતીબા’ને નમ્ર સ્મરણાંજલી અર્પણ કરીએ છીએ. જય શ્રીકૃષ્ણ.

*– તંત્રી મંડળ*

**પ્રભુજી પ્રેમે કરું હું પૂજન, પૂનમનો ચંદ્ર ઉદય થયો છે**
**ભાવના પુષ્પ ધરાવું**
**પ્રભુજી....**

**પ્રેમે દીપકથી આરતી ઉતારૂં, મંગલમય દરશન પ્રતિમા**
**કુમકુમ પગલે શ્રી પ્રભુ પધાર્યા, અંતરના આસને બિરાજે**
**પ્રભુજી૦**

**ભેટ શુ ધરું સર્વે વસ્તુ વિનાશી, અર્પણમય જીવન ચરણમાં**
**આજ્ઞાંકિત સંતો ભક્તોનું સેવન બ્રહ્મ વિચારે મન વિરમું**
**પ્રભુજી૦**

**તત્વ વિના કાંઈ અન્ય ન દીસે, જગત નંદનવન મનાયું**
**પ્રભુજી....**

# નૂતન વર્ષ શુભેચ્છા

પ્રીન્સી એન. સોની - નખત્રાણા

"દિપાવલી" આપણો અતિ મહત્વપૂર્ણ તહેવાર અને વધુમાં કહીએ તો એનું અઠવાડિયાનું સેલિબ્રેશન પેકેજ.

સામાન્ય રીતે દેશના અન્ય ભાગોમાં બે થી પાંચ દિવસ આ તહેવાર ચાલે છે. પણ ગુજરાતમાં એક અઠવાડિયા જેટલી તેની ઉજવણી થાય છે. દિવાળી પર્વની શુભ શરૂઆત આપણે ધનતેરસના બે દિવસ પહેલાંથી એટલે કે આસો વદ અગિયારસથી કરીએ છીએ. તેના તરત પછીનો દિવસ એટલે વાઘ બારસ.

અહીં વાઘ એટલે નાણાંકીય ઉધારની ચૂકવણી. આમ, વાઘ બારસના દિવસે ઉધાર - જમાનો હિસાબ કરી ખાતાઓ બંધ કરવામાં આવે છે. દિવાળી પર્વનો ત્રીજો દિવસ 'ધનતેરસ' તરીકે ઉજવાય છે. આપણે સૌ જાણીએ છીએ કે માન્યતા અનુસાર ધનતેરસના દિવસે ખર્ચ કરવામાં આવે તો લક્ષ્મીજી પ્રસન્ન થાય છે. માટે ધનતેરસના દિવસે સોનું ખરીદવાનું ઘણું મહત્ત્વ છે.

દિવાળી પર્વનો ચોથો દિવસ એટલે 'કાળી ચૌદસ.' આસો માસની વદ ચૌદસનો આ દિવસ મહાકાળીજીને સમર્પિત છે. આ દિવસ, આપણી અંદર કે બહાર રહેલ ખરાબ શક્તિઓના વિનાશના પ્રતીકરૂપે મનાવાય છે.

કાળી ચૌદસ પછીનો દિવસ એટલે દિવાળી. જે લક્ષ્મી પૂજનના દિવસ તરીકે પણ જાણીતો અતિ મહત્ત્વનો દિવસ છે. હિંદુ ધર્મ અનુસાર દિવાળીને વર્ષના સૌથી છેલ્લા દિવસ તરીકે મનાવાય છે. ઘરમાં અનેકવિધ શણગારો કરી દીવડાઓ પ્રગટાવવામાં આવે છે. ઘરની બહાર રંગોળી કરી, લક્ષ્મીજીના આગમન માટે શુકનવંતુ વાતાવરણ સર્જવામાં આવે છે.

ત્યારબાદ દિવાળી પર્વનો છઠ્ઠો દિવસ એટલે પડવો. હિંદુ કેલેન્ડર મુજબ વર્ષનો પ્રથમ દિવસ. બેસતા વર્ષની શરૂઆત સવારે ૪ વાગ્યાના બ્રહ્મ મુહૂર્તથી થાય છે. આપણે સૌ જાણીએ છીએ તેમ લોકો તે દિવસે એકબીજાને નૂતન વર્ષની શુભ કામનાઓ પાઠવે છે.

આ બધી બાબતોથી આપણે સૌ પરીચિત છીએ. પણ શું ખબર છે કે આપણે દર વર્ષે દિવાળી પર્વ શા માટે ઉજવીએ છીએ? દિવાળી પર્વની ઉજવણી પાછળ કેટલાક કારણો છે. ચાલો, એના વિશે થોડી ચર્ચા કરીએ.

### ૧. દેવી લક્ષ્મીજીના જન્મદિવસ તરીકે :

એવું કહેવાય છે કે દિવાળીના દિવસે સંપત્તિની દેવી લક્ષ્મીજીની સમુદ્રમાંથી ઉત્પત્તિ થઈ હતી. અમૃતને પામવાના હેતુસર દેવો અને દૈત્યોએ સમુદ્રમંથન કર્યું ત્યારે તે દરમિયાન જેનો તળીયો જ નથી તેવા સમુદ્રમાંથી લક્ષ્મીજી પ્રગટ થયા. તેમના વિવાહ શ્રી હરિ વિષ્ણુ સાથે કરવામાં આવ્યા. આ રીતે આસોની અમાસનો દિવસ શ્રી લક્ષ્મીનારાયણના આશિર્વાદ પ્રાપ્તિ કરનારું છે.

### ૨. રાજા મહાબલીની યાદમાં :

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રી હરિના પાંચમા અવતાર - વામન ભગવાનની કથા મળે છે. તેમાં જણાવ્યા અનુસાર ત્રેતાયુગમાં મહાબલી નામે એક શ્રેષ્ઠ રાજા હતો, જેનું સામ્રાજ્ય સમગ્ર વિશ્વમાં ફેલાયેલ હતું. વિષ્ણુ ભગવાન એક બ્રાહ્મણ બાળકનું રૂપ લઈ તેની પાસે આવ્યા. તે બાળકે પોતાના ત્રણ પગલામાં સમાઈ જાય તેટલી જમીન મહાબલી પાસે માંગી. મહાબલીએ આ વાત માન્ય રાખી. તરત જ વામન સ્વરૂપે આવેલ ભગવાને પોતાનું વિરાટ સ્વરૂપ ધારણ કર્યું અને માત્ર બે પગલામાં જ સમગ્ર સૃષ્ટિ અને બ્રહ્માંડ સમાઈ ગયા. બલીરાજા પાસે કંઈ જ શેષ ન બચ્યું. ત્યારે તેમણે ત્રીજો પગ પોતાના માથા પર મૂકવા કહ્યું. વિષ્ણુ ભગવાન તેના આવા સમર્પિત ભાવથી ખૂબ પ્રસન્ન થયા. આમ, આ કારણથી પણ દિવાળી પર્વનું મહત્ત્વ છે.

### ૩. નરકાસુરનો સંહાર :

ભાગવત પુરાણમાં નરકાસુર નામના અદ્ભુત શક્તિઓવાળા રાક્ષસોના રાજાની એક કથા મળે છે. તેણે સ્વર્ગ અને પૃથ્વીલોક પર કબજો કર્યો હતો. તેણે દેવોની માતા અદિતીના કુંડળ ચોરી તેમનું સામ્રાજ્ય કબજે કર્યું.

વિષ્ણુ ભગવાનના કૃષ્ણ અવતારમાં દિવાળી પર્વના આગળના દિવસે તેમણે નરકાસુરનો વધ કરી ૧૬,૦૦૦ સ્ત્રીઓને તેના કબજામાંથી મુક્ત કરી હતી. માટે ત્યારથી ઉજવણીના ભાગરૂપે દિવાળી મનાવવાની પ્રથા ચાલી આવે છે.

### ૪. પાંડવોની વાપસી

મહાભારતમાંથી મળતી કથા મુજબ આસોની અમાસના દિવસે પાંડવો પોતાના બાર વર્ષના વનવાસથી હસ્તિનાપુર પરત ફર્યા હતા. લોકોના અતિપ્રિય એવા પાંડવો અને દ્રૌપદીના પરત આવવાની ખુશીમાં લોકોએ દીવડાઓ પ્રગટાવી ઉત્સવ મનાવ્યો હતો. આમ, દિવાળી વર્ષની ઉજવણી માટે આ એક કારણ પણ શાસ્ત્રમાં મળી આવે છે.

### ૫. પ્રભુ રામનો વિજય

રામાયણમાં મળતા વર્ણન અનુસાર રાવણને પરાસ્ત કરી ૧૪ વર્ષના વનવાસ બાદ પ્રભુ શ્રીરામ સીતા માતા સહિત પોતાના રાજ્ય અયોધ્યામાં પરત ફર્યા. તેમના આગમનના ઉત્સાહમાં અયોધ્યાવાસીઓએ આખી નગરીનો ભવ્ય રીતે શણગાર કર્યો. દરેક ઘરને રંગોળી અને દીવડાઓથી સજ્જ

કરવામાં આવ્યા અને પ્રભુ શ્રી રામનું ભવ્ય સ્વાગત થયું. આમ, દિવાળી પર્વ ઉજવવાનું અનેરું મહત્ત્વ છે.

**૬. વિક્રમાદિત્યનો રાજ્યાભિષેક :**

મહારાજા વિક્રમાદિત્ય પોતાની ચતુરાઈ અને ઉદારતા માટે અત્યંત પ્રસિદ્ધ હતા. તેની બહાદુરી થકી તેણે અનેક લોકોના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું. ઈ.સ. પૂર્વે ૫૬ના સમયગાળા દરમિયાન તેણે લગભગ સમગ્ર વિશ્વમાં પોતાનું આધિપત્ય સ્થાપ્યું હતું. માટે આસો વદ અમાસના દિવસે તેના રાજ્યાભિષેકનો ભવ્યાતિભવ્ય સમારંભ યોજાયો હતો અને તે દિવસથી દર વર્ષે તેની ભવ્ય ઉજવણી કરવામાં આવતી, જે આજ પર્યંત ઉજવાય છે.

આમ, દિવાળી એક ધાર્મિક તહેવારની સાથે ઐતિહાસિક કારણોસર પણ ઉજવાય છે.

**૭. સ્વામી દયાનંદ સરસ્વતીનો બોધ**

મહાન સંત અને સમાજ સુધારક સ્વામી દયાનંદ સરસ્વતીને દિપાવલીના દિવસે આત્મબોધ થયો હોવાનું મનાય છે. સન ૧૮૭૫માં મહર્ષિ દયાનંદ સરસ્વતીએ હિંદુ સમાજના રક્ષણ ખાતર "આર્ય સમાજ"ની સ્થાપના કરી હતી. આમ, હિંદુઓ દ્વારા દર વર્ષે દિવાળી પર્વ ઉજવાય છે.

**૮. વર્ધમાન મહાવીરનો બોધ :**

ઈ.સ. પૂર્વે ૫૨૭ના સમયગાળા દરમિયાન જૈનોના ચોવીસમા અને અંતિમ તીર્થંકર વર્ધમાન મહાવીરે બોધ પ્રાપ્ત કર્યો. આમ, જૈન ધર્મમાં પણ દિવાળી ઉજવવાનું મહત્ત્વ વધ્યું. આ કારણથી પણ દિવાળી એક પવિત્ર તહેવાર તરીકે જૈન લોકો ઉજવે છે.

**૯. શીખ લોકો માટે વિશિષ્ટ દિવસ**

શીખોના ત્રીજા ધર્મગુરૂ અમરદાસે તેમના ધર્મના લોકોને દિવાળીના પવિત્ર દિવસને પ્રકાશના પર્વ તરીકે ઉજવવાનો નિર્દેશ કર્યો. જેથી શીખ ધર્મના લોકો એક સ્થળે એકત્ર થઇ તેમના ગુરૂના આશીર્વાદ પ્રાપ્ત કરી શકે.

ઈ.સ. ૧૬૧૯ના દિવાળીના દિવસે જ શીખોના છઠ્ઠા ધર્મગુરૂ હરગોવિંદજી, કે જેઓ મુગલ બાદશાહ જહાંગીર દ્વારા ગ્વાલિયરના કિલ્લામાં કેદ થયેલ હતા, અને અન્ય બાવન હિંદુ રાજાઓને મુક્ત કરવામાં આવ્યા. તે સિવાય ઈ.સ. ૧૫૭૭માં અમૃતસરના સુવર્ણ મંદિરનો પાયો દિવાળીના દિવસે નખાયો હતો.

આમ, શીખ ધર્મના લોકો પણ દર વર્ષે ભાવભેર દિવાળીની ઉજવણી કરે છે.

**૧૦. મહાશક્તિ કાલી**

મહાશક્તિ કાલી શ્યામા નામે પણ ઓળખાય છે. જે નવદુર્ગાનું જ એક સ્વરૂપ છે. દંતકથા અનુસાર એક વખત જ્યારે દેવો, દૈત્યો સામે હારી ગયા ત્યારે પોતાના રક્ષણ અને સ્વર્ગને બચાવવાના હેતુથી દેવોએ મા આદ્યશક્તિને અસૂર સંહાર માટે પોતાનું વિકરાળ રૂપ ધારણ કરવાની પ્રાર્થના કરી.

દેવોની આજીજી સાંભળી માતાજીએ કાળા રંગની શાહી જેવું પોતાનું વિકરાળ રૂપ ધારણ કર્યું. એક પછી એક તમામ અસૂરોનો સંહાર કરી તેમનું લોહી પીવા લાગ્યા. બધા જ અસૂરો સમાપ્ત થઈ ગયા. પરંતુ ત્યારબાદ માતાજીને નિયંત્રણમાં લાવવું અતિ મુશ્કેલ થઈ પડ્યું. એમની સામે જે કોઈ આવે તેનો તેઓ વધ કરવા લાગ્યા. આથી મહાદેવ યુક્તિપૂર્વક રસ્તા વચ્ચે સૂઈ ગયા. તેમના પર પગ પડતાં જ માતાજીને પોતાની સ્થિતિનું ભાન થયું. આથી તેમની રક્તયુક્ત જીભ બહાર નીકળી ગઈ.

કાળી ચૌદસના દિવસે અસૂરોનો નાશ થઈ દેવોને પોતાનો સ્વર્ગ પાછું મળ્યું. એથી એમણે માતાજીની સ્તુતિ કરી હર્ષોલ્લાસ સાથે પર્વની ઉજવણી કરી.

આમ, દિવાળી પર્વ દરમિયાન કાળી ચૌદસના દિવસે મહાકાળી માંના પૂજનનું અનેરૂં મહત્ત્વ છે.

**૧૧. કાપણી / ફસલની મોસમ**

ભારત સદીઓથી કૃષિપ્રધાન દેશ રહ્યો છે. દિવાળી બરાબર લણણીની ઋતુ દરમિયાન આવતું પર્વ છે. આ મોસમ દરમિયાન ચોખાની લણણી પુષ્કળ પ્રમાણમાં થાય છે. આમ,આ પર્વને ઉજવણીનો નવો અર્થ આપી શકાય છે.

**૧૨. હિંદુ નવું વર્ષ**

હિંદુ ધર્મ વિશ્વનો ત્રીજા નંબરનો મોટો ધર્મ છે. પાછલા વર્ષની વિદાય અને નવા વર્ષને આવકારવાનો આ અનેરો અવસર હોવાથી આપણે હિંદુઓ ધામધૂમથી દિવાળીની ઉજવણી કરીએ છીએ.

આમ ઉપર્યુક્ત કારણોને લીધે દિવાળી પર્વની ઉજવણીનું મહત્ત્વ છે. પણ આ બધા કારણોમાંનું ખૂબ જ મહત્ત્વનું કારણ હોય તો એ તહેવારને બહાને બધા સાથે મળી એકબીજાની હૂંફ અને લાગણીઓ આપ-લે કરવાનું છે.

તો ચાલો, આપણે પણ સૌની સાથે મળીને દિવાળીના પાવન પર્વની ઉજવણીના ભાગ બનીએ.

**॥ શુભ દિપાવલી ॥**

# 'સ્વ' માંથી સર્વને પામવાનો ઉત્સવ – દિવાળી

પરેશ સી. ગુજરાતી - ભુજ

આપણો દેશ ઉત્સવપ્રેમી છે. પ્રત્યેક ધર્મ, સમાજ, જ્ઞાતિના અલગ અલગ ઉત્સવો હોય છે. પરંતુ દિવાળીનું પર્વ એ આપણો શિર્ષસ્થ ઉત્સવ છે. આપણું દિવાળી પર્વ એ દીવડાઓનો મહોત્સવ છે. આ ઉત્સવ દરેકના હૃદયમાં પ્રેમનો દીવડો અને પ્રત્યેકના ઘરમાં સમૃધ્ધિનો દીપ પેટાવે છે. એમ કહી શકાય કે આપણા દેશનો આ લોકોત્સવ છે. સૌ હળીમળીને ઉજવતા આ પર્વમાં વર્તનની ભીનાશ છે, તો વ્યવહારની મીઠાશ છે. સ્વ માંથી સર્વને પામવાનો આ પર્વ છે.

આપણે જાણીએ છીએ કે અંધકાર, એ અજ્ઞાનનું પ્રતીક છે. જ્યારે પ્રકાશ અંધકારને દૂર કરી જ્ઞાનનો માહોલ ફેલાવે છે. આથી આપણામાંનો સંચિત રહેલો અંધકાર દીવડાઓના તેજમાં શાણપણના પ્રકાશથી દૂર કરીએ. જ્ઞાનદીપની મદદથી લોભ, ભય, હિંસા, કામેચ્છા, દુષ્ટતા જેવા નકારાત્મક પરિબળોને નષ્ટ કરીએ. આમ, દીવડાઓની હારમાળાનું પર્વ એટલે દિવાળી – જે જીવનમાં પ્રાપ્ત શાણપણ ઉપર પ્રકાશ ફેલાવે છે, સત્યના વિજયનો ડંકો વગાડે છે અને અજ્ઞાન વિરુદ્ધ પ્રેમનો વિજય અભિવ્યક્ત કરે છે. ફક્ત ઘરને શણગારવા આપણે દીવડા પ્રગટાવતા નથી પણ પ્રેમથી ઉજાગર થવાનો સંદેશ એથી આપણને મળે છે.

આ એ જ દિવસ છે જ્યારે શ્રીરામ લંકાથી રાવણ ઉપર વિજય પ્રાપ્ત કરીને અયોધ્યા પાછા ફરે છે. રામ એટલે પરમ આત્મા. જ્યારે આપણા જીવનમાં આત્મા પ્રવર્તમાન રહે છે, હકુમત કરે છે ત્યારે જ્ઞાન પ્રગટે છે. એટલે કે જ્યારે જીવનમાં આત્મજ્ઞાન જાગૃત થાય છે ત્યારે દિવાળી વિદ્યમાન બને છે.

આપણું જીવન સંઘર્ષોથી ભરેલું છે. જીવન દરમિયાન એકાદ પાસુ અંધકારથી ઘેરાયેલું હોય ત્યારે જીવનની સાર્થકતા પૂર્ણ થતી નથી. આ અપૂર્ણતાને દૂર કરવાનો વખત એ દિવાળીનું પર્વ. આપણે અન્નદાન કરીએ છીએ, કેમકે કુદરત આપણને ખોરાક આપે છે. આપણે અગરબત્તી પ્રગટાવીએ છીએ કેમકે તે વાતાવરણને સુગંધમય બનાવે છે. આપણા કુટુંબનો કોઈ એક સભ્ય અંધકારમાં સપડાયેલ હોય તો આપણું કુટુંબ સુખી છે એમ કહી શકાશે? આથી કુટુંબના પ્રત્યેક સભ્યમાં શાણપણનો દીવો પ્રગટાવવો જરૂરી છે. દીપમાળા આપણને આ સંદેશ આપે છે. દિવાળી પર્વનું આ જ તો છે મહત્ત્વ.

તો આવો, આ દિપાવલીના પર્વના સંગે આપણે સહુ આપણા અંતરમાં પ્રેમનો - શ્રદ્ધાનો દીવડો પ્રગટાવીએ. આ દીવડાને સુશોભિત કરીએ. આપણે આપણા ઘરમાં સ્નેહનો અને સમૃદ્ધિનો, અન્યોની સેવામાં કાર્યરત રહેવા કરૂણાનો, અજ્ઞાનના અંધકારને દૂર કરવા જ્ઞાનનો દીવો પ્રગટાવવાની સાથે શ્રદ્ધાનો દીવો પણ પ્રગટાવીએ. તેમજ ઈશ્વરે બક્ષેલી સમૃદ્ધિ પરત્વે કૃતજ્ઞતાનો દીવડો પ્રગટાવવાનું ન ભૂલીએ. આ એવું પર્વ છે જેમાં કોઈપણ પ્રકારના ભેદભાવથી ઉપર ઉઠીને આપણે એને લોકોત્સવનું પર્વ બનાવીએ. આપણે સહુ એક જ વિશ્વની, એક જ ઈશ્વરના, એક જ પરિવારના સંતાન છીએ એવો પ્રેમાળ સંદેશો આ પર્વ નિમિત્તે સુદ્રઢ કરીએ.

---

## તમસો મા જ્યોતિર્ગમય (વાર્તા)

(અનુસંધાન : પાના નં.-૪૦ નું શેષ)

*'કષ્ટો'નું કારણ 'ભય' છે.*
*ભયનું કારણ 'ક્રોધ' છે.*
*ક્રોધનું કારણ 'એષણા' છે.*
*'એષણા' 'ક્રોધ' અને 'ભય' હટે*
*જો 'અંતરદીપ' સ્વયં પ્રગટે*
*'તમસો મા જ્યોતિર્ગમય'*

★

***દીપોત્સવીની શુભકામના...***
***નવ વર્ષ આપને***
***એષણા મુક્ત થઈ નિર્ભય થવા***
***પ્રેરણાદાયક બને તેવી પ્રાર્થના.***

અજયે ડ્રોઈંગરૂમની બત્તી બુઝાવી. પંખો બંધ કર્યો. અલ્પાની ઊંઘમાં ખલેલ ન થાય એ માટે એ બાલ્કનીમાં હીંચકા પર સૂતો. હિંડોળો હળવેકથી હલતો રહ્યો. આસો માસનું એ તારે મઢ્યું આભ એની આંખમાં સમાણું અને એને એક નવું સત્ય સમજાણું.

***આટલા બધા તારા ઝળહળતા હતા છતાં એનો સામટો પ્રકાશ પણ સૃષ્ટિને ઉજાળવા સમર્થ નહોતો. એ બધા તારલાઓની આસપાસ પણ અંધારાં જ હતાં.***

લગભગ પરોઢ થવા આવી હતી. ચંદ્ર એની છેલ્લી કળાના ઝાંખા અજવાળાં લઈ આવી ગયો હતો. ઝાકળ વર્ષા થતી હતી. એને એના બાળપણની એના ગામની દિવાળી યાદ આવતી હતી. દીપાવલીના સપરમા દિવસે પરોઢે ઘેર ઘેર અને ગલીએ ગલી 'સબરસ'નો સાદ અને લવણના પ્રસાદનું શુભ શુકન થતું હતું. મંગળા આરતી ગુંજતી હતી...

"...પપ્પા... ઊઠો, જલ્દી ઊઠો...આજે બારસ છે. સરસ્વતી વંદનાની બારસ. અમારી સાથે સરસ્વતી વંદના કરો." અંટુ અજયને ઢંઢોળતો હતો. અલ્પા અને તૃપ્તિ એની બાજુમાં ઊભાં હતાં.

અજયે અધખુલ્લી આંખે બધા સામે જોયું. પ્રભાતમાં ખીલેલાં પુષ્પો જેવાં એમના પ્રફુલ્લિત વદન ઉજ્જવળ ભવિષ્યનો સંકેત કરતા હતા. અજયે જોયું તો એના કુર્તાની બાંય કોણીની ઉપર હતી. એની કોણીના ઉઝરડા પર આયોડેક્સ લગાડેલું હતું.

અજયને પહેલી વાર આયોડેક્સની એ વાસ ગમી ગઈ!

***સૌજન્ય : "મંગલ મંદિર"***

# સર્વશ્રેષ્ઠ વ્રત નવરાત્રી

હીરાલાલ મોહનલાલ સોની - નખત્રાણા

તહેવારોમાં દિવાળીને શ્રેષ્ઠ તહેવાર માનવામાં આવે છે. તે રીતે વ્રતમાં નવરાત્રીના વ્રતને સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે અને વિધિપૂર્વકની ઉપાસનાથી માં ચંડિકા પ્રસન્ન થાય છે. શરદઋતુના નવરાત્ર અને વસંતઋતુના નવરાત્ર આસો અને ચૈત્ર માસના બંનેમાં ભાવપૂર્વક જગજનનીમાં જગદંબા ચંડિકાના અનુષ્ઠાન કરવા જોઈએ. શરદ અને વસંત બંને ઋતુઓ તમામ પ્રાણીઓ માટે યમનીદાઢ માનવામાં આવે છે. તેથી સમજદાર લોકોએ ભક્તિપૂર્વક દેવી ચંડિકાની ઉપાસના વિધિપૂર્વક કરવી જોઈએ.

આસો અને ચૈત્રના નોરતાં દરમ્યાન અનુષ્ઠાન કરનારે, પોતાના ઘરે, પૂજાના રૂમમાં અથવા અલાયદા રૂમમાં નવ નોરતાં અને દશમના હવન માટે ચોખ્ખાઈપૂરવકની વ્યવસ્થા કરવી જોઈએ. આ વ્રત દરમ્યાન દેવીની સ્થાપના કરવામાં આવેલ રૂમમાં એમ.સી.વાળી વ્યક્તિનો પડછાયો પણ પડવો ના જોઈએ અને નહાયા ધોયા વિના આ રૂમમાં પ્રવેશ પણ કોઈએ કરવો નહીં. અને વિધિપૂર્વક વ્રત કરવામાં આવે તો જગત જનની પ્રસન્ન થાય જ છે. પહેલું નોરતું શરૂ થાય તેના આગલા દિવસે એટલે કે અમાસના દિવસે વ્રત કરનારે સાદું અને હલકું ભોજન માત્ર એકવાર જમવું. અમાસની રાત્રે દેવી તત્ત્વને જાણનાર બ્રાહ્મણ મારફત નક્કી કરી પ્રથમ નોરતે સવારે દેવીના પાઠ કરવા માટે વૈદિક વિધિથી શાંતિપાઠ (સ્વસ્તિ વાંચન) કરવો. વેદી પર રેશમી વસ્ત્ર બિછાવી તેના પર સિંહાસન પધરાવવું. સિંહાસન પર દેવીની ચાર ભુજાવાળી પ્રતિમા પધરાવવી અને ચારે ભુજાઓમાં આયુધો ધારણ કરેલ હોવી જોઈએ. દેવીની પ્રતિમા ના હોય તો નર્વાણ મંત્રવાળા યંત્રની પૂજા કરી પીઠ પર સ્થાપના કરી કળશમાં તીર્થનું પવિત્ર જળ ભરવું. તેમાં સુવર્ણ મુદ્રા અને પંચરત્ન મૂકવા તથા પંચપલ્વથી યુક્ત તે કળશની વેદમંત્રોથી પૂજા કરવી. નંદા તિથિ અથવા પ્રતિપદામાં હસ્ત નક્ષત્ર હોય તો પૂજન માટે અતિ ઉત્તમ ગણવામાં આવે છે. આ પ્રમાણે વિધિપૂર્વક કરેલાં પૂજન મનુષ્યોની મનોકામના પૂરી કરે છે. ઉપવાસ, વ્રત કે એક ટાણાનાં નિયમ સાથે પૂજાની વિધિ કરવી અને દેવીને પ્રાર્થના કરવી. તમે જગતના માતા છો, હું ઉત્તમ નવરાત્રનું વ્રત કરૂં છું. હે માતા! તમે મારા બધા કાર્યમાં મદદ કરવાની કૃપા કરો અને મંત્રોચ્ચારપૂર્વક પૂજા કરવી. ચંદન, અગર, કપૂર, પુષ્પો, બિલીપત્ર તથા ધૂપ-દીપથી પૂજન કરવું. અર્ધ્ય આપવો. નારિયેળ, લીંબુ, કેળા, નારંગી, દાડમ, ફણસ, બીલાં વગેરે ફળો દેવીને અર્પણ કરવા અને પછી ભક્તિપૂર્વક ભોજનથાળ દેવીને અર્પણ કરવા.

હવન માટે ત્રિકોણ કુંડ બનાવવો જોઈએ તથા વ્રત ચાલે તેટલા દિવસ વ્રત કરનારાઓએ સવાર, બપોર અને સાંજ દેવીની પૂજા કરવી. પોતાના ઘરે એક અથવા ગમે તેટલી વ્યક્તિ એકસાથે આ વ્રત કરી શકે છે. નોમ કે દશેરાના હવન કરાવી બે વરસથી ૮ વરસ સુધીની ખોડખાંપણ વગરની અને બીમાર ના હોય તેવી ૯ બાલિકાઓની પૂજા કરવી અને દેવી સમજીને ભોજન કરાવી, વસ્ત્ર, માળા, શૃંગાર વગેરે ભાવપૂર્વક બાલિકાઓને અર્પણ કરવા. તેથી દુઃખ, દારિદ્રય અને શત્રુઓનો નાશ થાય છે અને વ્રતને સફળતા મળે છે. તેથી નવરાત્રીના વ્રત દરેક વ્રતોમાં શ્રેષ્ઠ છે. જે માત્ર આસો માસ કે ચૈત્ર માસના નોરતામાં જ થઈ શકે છે. આ દિવસો દરમ્યાન જગતજનની સાથે પ્રત્યક્ષ સાધના તરત પહોંચતી હોઈ તરત ફળ આપનારી કહેવાય છે.

નવરાત્રમાં રોજ પૂજા જેનાથી ના થઈ તો આઠમના દિવસે વિશેષરૂપે પૂજા કરવી આવશ્યક છે. ભદ્રકાળીનો અવતાર આઠમના દિવસે થયો હતો. પૂરા નવ દિવસ ઉપવાસ ના થઈ શકે તો સાતમ, આઠમ અને નોમ – ત્રણ દિવસ ઉપવાસ કરીને દેવીની પૂજા કરવાથી તમામ ફળ મળે છે. દેવી પૂજન, હવન, કુમારિકા પૂજન - ભોજન અને બ્રાહ્મણ ભોજન – આ ચાર કાર્ય પોતાના ઘરે થવાથી નવરાત્રી વ્રત ચોખ્ખાઈથી સાંગોપાંગ પૂરૂં થાય છે. જગતમાં બીજા અનેક વ્રત - દાન છે પરંતુ તે બધાં નવરાત્ર વ્રતની તુલના કરી શકે નહીં કારણકે આ વ્રત ધન-ધાન્યની પ્રાપ્તિ કરાવનારૂં, સુખ-શાંતિ આપનારૂં, આયુ - આરોગ્ય વધારનારૂં તથા સ્વર્ગ અને મોક્ષ આપવા સમર્થ છે. આ મંગળકારી વ્રત વિધિપૂર્વક કરવાથી દરેક પ્રકારની અભિલાષા પૂરી કરે છે. બ્રહ્મા, વિષ્ણુ, શંકર, સૂર્ય, અગ્નિ, વરૂણ, કુબેર, ઈન્દ્ર વગેરે દેવતાઓ ખૂબ જ ભાવપૂર્વક જે દેવીનું ધ્યાન કરે છે, તેવા દેવી ચંડિકાને કોણ ના ભજે? મનુ મહારાજે કહેલું છે કે જે દેવીના 'સ્વાહા' અને 'સ્વધા' નામનો જપ કરે છે, તેના પર બધા દેવતાઓ અને પિતૃઓ તૃપ્ત થાય છે. આ દેવીની ઈચ્છાથી બ્રહ્મા આ જગતની ઉત્પત્તિ કરે છે, વિષ્ણુ આ દેવીની કૃપાથી અનેક અવતારો ધારણ કરી જગતનું પાલન કરે છે અને શંકર પણ આ દેવીની કૃપાથી સંહાર કરવામાં શક્તિમાન રહે છે. મનુષ્યો, નાગ, પક્ષીઓ, પિશાચ, રાક્ષસ અને દેવતાઓ વગેરે આ જગતમાં એવું કોઈ નથી જેનામાં આ દેવી ચંડિકાની શક્તિ ના હોય. તેથી તે આદ્યશક્તિ કહેવાય છે. મંગળદાયી ચંડિકા બધી કામનાઓ સિધ્ધ કરી દે છે. નવરાત્ર વ્રત કરનારના દરેક પાપોનો નાશ થઈ તેનો ઉધ્ધાર થઈ જાય છે. બ્રાહ્મણ ઉપલબ્ધ ના હોય કે આ વ્રત પોતાના હાથે જ કરવા માંગતા હો, તો ચંડીપાઠના પુસ્તકમાં પૂજન વિધિ આપવામાં આવેલ છે. દરેક પૂજન કે વિધિ કરીને જગજનની ચંડિકા દેવીની માફી માંગવાનું ભૂલવું નહીં અને માફી માંગવી કે, 'પૂજન વિધિમાં અમારી કોઈપણ ભૂલ થઈ હોય તો માતા, મને / અમને માફ કરશો.'

# સમસ્ત બારમેડા પરિવાર - ભુજ

ચેતન બારમેડા - ભુજ

## ભુજમાં સમસ્ત બારમેડા પરિવાર દ્વારા પાટોત્સવ, સરસ્વતી સન્માન, સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો








સમસ્ત બારમેડા પરિવાર દ્વારા ખેતરપાળ દાદાની પાટોત્સવની પરંપરાગત ઉજવણી સાથે શિક્ષામાં આગળ વધતા બાળકોની પીઠ થાબડવા અને આ જ પરિવારના ભાવિ પેઢીમાં રહેલી સુષુપ્ત શક્તિને પીછાણી, બહાર લાવવાની મહત્ત્વના કામ સાથેનો ત્રિવેણી સંગમ કાર્યક્રમ યોજાયો હતો.

આ અવસરે ૧૦૦ જેટલા ધોરણ-૧ થી ઉચ્ચ શિક્ષણની ડિગ્રી ધારકોનું સન્માન કરાયું હતું. જેમાં ચંદુભાઈ ચનાણી મહામંડળ ખજાનચીએ જણાવેલ કે સમાજને ઓળખવા અને તેમની સિદ્ધિઓ બિરદાવવા આવા કાર્યક્રમની જરૂર છે.

આ પ્રસંગે ભુજ જ્ઞાતિના ગોર શ્રી મૈત્રેય સુમનભાઈએ આશિર્વચન પાઠવેલ. જેમાં મહામંડળના પ્રમુખશ્રી પ્રભુદાસભાઈ કે. ગુજરાતી, દિલીપભાઈ કાનજી બગ્ગા, ભુજ જ્ઞાતિ પ્રમુખશ્રી, ગીરીશભાઈ કે. બારમેડા, અમદાવાદ બિલ્ડર જયમીન જે. બારમેડા, અમદાવાદ જ્ઞાતિ પ્રમુખ, નિશ્ચલભાઈ એચ. બારમેડા, જામનગર ઉદ્યોગપતિ, શાંતિલાલભાઈ બારમેડા હેમલેખા તંત્રી, ઈશ્વરલાલ નેણશી બારમેડા (દહીંસરા), ચંપાબેન પી. બારમેડા, જશોદાબેન વી. બારમેડા, જ્યોત્સનાબેન કે. બારમેડા, ચંદુભાઈ ઓ. બારમેડા, અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતા. જેમનું સન્માન શાલ દ્વારા કરવામાં આવ્યું હતું.

બારમેડા પરિવારના સર્વશ્રી ચેતનભાઈ, સત્યમભાઈ, મનોજભાઈ, મુકેશભાઈ, ગીરીશભાઈ, ધર્મેન્દ્રભાઈ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે દાતાઓનો સારો સહયોગ મળેલ હતો. જેમાં સ્વ. ઓધવજી રતનશી, શ્રી ઈશ્વરલાલ નેણશી (દહીંસરા), મુકેશભાઈ લખમશી (માધાપર), જગદીશ હરીલાલ (માધાપર), કાંતિલાલ કેશવજી, સ્વ. નરોત્તમ પરષોત્તમ, ભાઈલાલ ટોકરશી, સ્વ. જીવરામ ધનજી (ધનસુરા), જેઠાલાલ જીવરામ (તલોદ), મનોજ નવીનચંદ્ર (ભુજ), વિઠ્ઠલદાસ પ્રાગટી (અંજાર), મહેશ કાંતિલાલ, જગદીશભાઈ શિવજી, શાંતિલાલ દેવજી, મનસુખલાલ પરષોત્તમ, કિરીટ વીરજી, જમનાદાસ વિઠ્ઠલદાસ, પીયુષભાઈ – આ બારમેડા પરિવારો દ્વારા દાન આપવામાં આવ્યું હતું.

સવારના હવન દ્વારા કાર્યક્રમ શરૂ થયો હતો. જેમાં હવનના યજમાન (૧) પ્રાણજીવન ઓ. બારમેડા, (૨) રસિકભાઈ પોપટલાલ બારમેડા, (૩) બકુલભાઈ મોહનભાઈ બારમેડા, (૪) હરીશભાઈ સી. બારમેડાએ લાભ લીધો હતો. ■

*કળાની ઉપાસના એ કંઈ બાળકની રમત નથી.*
*કળા તો એના ઉપાસક પાસેથી આકરી ઉપાસના ઈચ્છે છે.*

# શિક્ષણ સન્માન કાર્યક્રમ

શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના ઉપક્રમે ચાર વર્ષમાં (વર્ષ ૨૦૧૨-૧૩, ૨૦૧૩-૧૪, ૨૦૧૪-૧૫, ૨૦૧૫-૧૬) માન્ય યુનિવર્સિટીનો અભ્યાસ ક્રમ પૂર્ણ કરી ઉચ્ચ શિક્ષણની ડિગ્રી પ્રાપ્ત કરી હોય એવા સમગ્ર ભારતના, જ્ઞાતિના વિદ્યાર્થી ભાઈ-બહેનોનું સન્માન કરવાનું આયોજન કરવામાં આવેલ છે. નીચે જણાવેલ કક્ષાઓમાં ડિગ્રી પ્રાપ્ત કરનાર જ્ઞાતિના ભાઈ-બહેનોને સન્માનિત કરવામાં આવશે.

| ક્રમ | કેટેગરી | ડિગ્રી |
|---|---|---|
| ૧. | અનુસ્નાતક | MA, M.Sc., MBA, MCA, M.Ed., LLM, M.Pharm etc. |
| ૨. | મેડિકલ સાયન્સ | MBBS, BHMS, BAMS, BDS, B.Phy., M.D. etc. |
| ૩. | એન્જિનિયરિંગ અને ટેકનોલોજી | M.E., B.E., M.Tech., B.Tech. in Engg. Branch |
| ૪. | એકાઉન્ટન્સી | CA, CS, ICWA etc. |
| ૫. | ડિઝાઇન અને આર્કિટેક્ચર | B.Arch., M.Arch., Interior Design, Fashion Design, Music and other recognized courses |
| ૬. | રીસર્ચ સ્ટડી | M.Phil., Ph.D. |
| ૭. | પબ્લિક સર્વિસ કમિશન | I.A.S., I.P.S. and other Govt. recruitment examinations Class one Officer Exam clearance |
| ૮. | અસાધારણ તેજસ્વિતા | રાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ મેળવનાર વિદ્યાર્થીઓ |

જે વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉપરોક્ત કેટેગરીમાં શૈક્ષણિક વર્ષ : ૨૦૧૨-૧૩, ૨૦૧૩-૧૪, ૨૦૧૪-૧૫, ૨૦૧૫-૧૬માં પદવી પ્રાપ્ત કરી હોય તેઓને ડિગ્રી સર્ટીફિકેટ અથવા માર્કશીટની નકલ, કોન્ટેક્ટ નંબર અને સરનામું, ફોટોગ્રાફ, જન્મ તારીખ સાથે તા. ૩૧-૧૦-૨૦૧૬ સુધીમાં મોકલી આપવા વિનંતી છે.

મારૂ કંસારા સોની જ્ઞાતિ ઘટક પ્રમુખ / મંત્રીશ્રીઓ / શિક્ષણ સમિતિના સભ્યશ્રીઓને નમ્ર વિનંતી છે કે તેઓ તેના વિસ્તારના સન્માનપાત્ર ભાઈ-બહેનોની વિગતો એકત્રિત કરીને નીચેના સરનામે મોકલી આપે.

★ ***માર્કશીટ / પ્રમાણપત્રો મોકલવાનું સરનામું :***

મહામંડળના શિક્ષણ સમિતિ ચેરમેનશ્રી – શ્રી બારમેડા ચેતનભાઈ ઈશ્વરલાલ
"ઈશ્વરકૃપા", ૮, યોગીરાજ પાર્ક, એસ.ટી. વર્કશોપ સામે, સંસ્કાર નગર, ભુજ, કચ્છ.
મો. ૯૮૭૯૨ ૮૬૦૬૪

મહામંડળની શિક્ષણ સમિતિને ડોનેશન આપવા ઈચ્છુક જ્ઞાતિજનો રૂા. ૧૧,૦૦૦/-થી વધુ ડોનેશન આપનાર સ્ટેજ પર સન્માન અને તેમના વરદ્ હસ્તે ઈનામનું વિતરણ કરવામાં આવશે.

| મહામંત્રીશ્રી | કન્વીનર | પ્રમુખશ્રી |
|---|---|---|
| **પ્રેમજીભાઈ સોલંકી** | **ચંદ્રકાંત ચનાણી** | **પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી** |

***નોંધ : માત્ર માન્ય યુનિવર્સિટી ડિગ્રી સન્માનપાત્ર થશે.***

**શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ**

**સરસ્વતી સન્માન સમારંભ અંગેનું ફોર્મ (ઉચ્ચ શિક્ષણ)**

**વર્ષ : ૨૦૧૨-૧૩, ૧૩-૧૪, ૧૪-૧૫, ૧૫-૧૬**

**સંપર્ક સૂત્ર : ચેતનભાઈ બારમેડા મો. ૯૮૭૯૨ ૮૬૦૬૪**

પાસપોર્ટ સાઇઝ ફોટોગ્રાફ

ફોર્મ નંબર ______ તારીખ ______

ડિગ્રી ______

વિદ્યાર્થી / વિદ્યાર્થિનીનું પૂરું નામ : ______

વાલીનું પૂરું નામ : ______

વાલીનું સરનામું : ______

______

ફોન : ______ મો.નં. : ______ ઈ-મેઈલ ______

જન્મ તારીખ : ______ ઉં.વર્ષ : ______ સ્ત્રી / પુરુષ : ______

હાલની પ્રવૃત્તિ : સર્વિસ / ધંધો / વ્યવસાય ______

પાસ થયેલું ડિગ્રીનું વર્ષ : ૨૦૧૨-૧૩, ૧૩-૧૪, ૧૪-૧૫, ૧૫-૧૬ (પાછળ જુઓ)

| કુલ માર્ક | મેળવેલ માર્ક | ટકા | યુનિ.માં સ્થાન મેળવેલ હોય તો |
|---|---|---|---|
| | | | |

*જો તમો ઈત્તર પ્રવૃત્તિ વર્ષ : ૨૦૧૨-૧૩, ૧૩-૧૪, ૧૪-૧૫, ૧૫-૧૬ રાષ્ટ્રીય કક્ષાએ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય, તૃતીય સ્થાન મેળવેલ હોય તો તે સિદ્ધિની વિગતના આધારો ફોર્મ સાથે બીડવા.*

*વિદ્યાર્થીની સહી* *વાલીની સહી*

**સરસ્વતી સન્માન અંગેના નિયમો :**

૧. માર્કશીટ / પ્રમાણપત્રની નકલ સામેલ રાખવી તેમજ સારી ગુણવત્તા માટે અખબારોમાં થયેલ સમાચારના કટીંગ કોપી સાથે બીડવા.
૨. સરસ્વતી સન્માનના નિયત ફોર્મ તા. ૩૧-૧૦-૨૦૧૬ સુધી પરત કરવાના રહેશે. ત્યારબાદ ફોર્મ પરત સ્વીકારવામાં આવશે નહીં.
૩. સરસ્વતી સન્માન અંગે શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ શિક્ષણ સમિતિનો નિર્ણય આખરી રહેશે.
૪. અધૂરાશ તથા છેકછાકવાળા ફોર્મ રદ્દ થવાને પાત્ર ગણાશે જેની ખાસ નોંધ લેવી.

## પહોંચ

આપના તરફથી ______

ની ______ ડિગ્રીની માર્કશીટ / પ્રમાણપત્રની નકલ સાથે ફોર્મ મળેલ છે.

તારીખ : ______

**ફોર્મ નંબર :** ______


*ફોર્મ સ્વીકારનારની સહી*

# અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ – મહિલા સેલ

**લતા સોલંકી**

## "કલા ગુર્જરી મેળો – ૨૦૧૬"

આપણા સમાજમાં જુદી જુદી પ્રતિભા ધરાવતા જ્ઞાતિજનોમાં અનેક પ્રતિભા, કલા કારીગરી છૂપાયેલી છે. કેટલાય નામી અનામી કારીગરોને અને કલાકારોને પોતાની પ્રતિભા વ્યક્ત કરવાનો એક રૂડો અવસર ફરી આપણા સમાજના આંગણે આકાર પામવા જઈ રહ્યો છે.



શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના દશાબ્દી વર્ષ પૂર્ણ થવાના સ્વર્ણિમ અવસરે શ્રી અ.ભા.મા. કંસારા સોની જ્ઞાતિ મહિલા સેલ દ્વારા "કલા ગુર્જરી મેળો – ૨૦૧૬"નું આયોજન ભુજમાં આગામી સમૂહ લગ્નમાં તા. ૧૧-૧૨-૨૦૧૬ અને તા. ૧૨-૧૨-૨૦૧૬ના રોજ કરવામાં આવેલ છે.

કલા ગુર્જરી મેળો ૨૦૧૬નો મૂળ હેતુ આપણા જ્ઞાતિજનોમાં ધરબાયેલી કલાને જ્ઞાતિજનો સમક્ષ મૂકવી અને કલાના માધ્યમથી આર્થિક ઉપાર્જન કરી પોતાના પરિવારને આર્થિક સધ્ધરતા બક્ષવાની છે.

***કલા ગુર્જરી મેળામાં જ્ઞાતિજનો માટે સ્ટોલ નિઃશુલ્ક ફાળવવામાં આવશે.***

મેળામાં મોતીકામ, માટીકામ, પેપર વર્ક, ચાંદીકામ, ગ્લાસ પેઈન્ટીંગ, ફેબ્રિક પેઈન્ટીંગ, ભરત ગૂંથણ, શટલ વર્કના સ્ટોલ, ભગવાનના શણગાર, રમકડાના સ્ટોલ રાખી શકાશે.

ગૃહ ઉપયોગમાં અથાણા, પાપડ, મસાલા, ફરસાણ કે અન્ય વસ્તુનો સ્ટોલ રાખી શકાશે. મીનાકામ અને મોતીકામનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન ગોઠવી શકાશે.

ફિઝિયોથેરાપી, હાડવૈદ, વીમા એજન્ટ, ઈન્સ્યુરન્સ કંપની સાથે સંકળાયેલા અને અન્ય પ્રોફેશનલ જ્ઞાતિજનો જેવા કે ટિફીન સર્વિસ, બ્યુટી પાર્લર, મહેંદીના સ્ટોલ રાખી શકાશે. લાઈવ ફેસ પેઈન્ટીંગ, ફોટોગ્રાફરો પોતાના સ્ટોલ રાખી શકશે. ખાણીપીણીના સ્ટોલ રાખી શકાશે. જેમાં કોલ્ડ ડ્રિંક્સ, ચા-કોફી, તૈયાર પેકિંગની વસ્તુના સ્ટોલ.

ફોર્મ મેળવવા માટે ઘટક પ્રમુખશ્રીનો સંપર્ક સાધવા વિનંતી.

## મહિલા મંડળ - અંજાર : શ્રાવણ માસે આયોજીત ધાર્મિક કાર્યક્રમ

***– અંજના એન. પોમલ***



અંજાર મહિલા મંડળ દ્વારા શ્રાવણ માસ નિમિત્તે ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ સોમવારે શ્રી માનકેશ્વર મહાદેવ મંદિર મધ્યે શિવ - મહિમ્ન સ્તોત્રના પાઠ રાખવામાં આવ્યા હતા. શ્રાવણ માસ એટલે તહેવારોનો માસ. આ માસમાં અનેક વ્રતો તથા તહેવારો આવતા હોય છે. આ માસમાં મુખ્ય તહેવારોમાં કૃષ્ણ જન્મોત્સવ હોય છે. તે દરમિયાન મેળાઓ ભરાતા હોય છે. આ માસમાં શિવની સાથે કૃષ્ણને પણ રીઝવવામાં આવે છે. વૈષ્ણવ સંપ્રદાયમાં લાલાને હિંડોળામાં ઝુલાવવામાં આવે છે. અંજાર મહિલા મંડળ દ્વારા દર વર્ષે શ્રાવણમાં શિવની સાથે કૃષ્ણને રીઝવવા શિવ મહિમ્નના પાઠ રૂદ્રી તથા હિંડોળા દર્શન, હિંડોળા શણગાર સ્પર્ધા, લાલાની પિકનિક જેવા કાર્યક્રમો રાખવામાં આવે છે. આ સાલ સમૂહ હિંડોળાનું આયોજન કર્યું હતું. જેમાં ૮ બહેનોએ ભાગ લીધો હતો. શ્રાવણ સુદ એકાદશીના શ્રી કાલીકા માતાજી મંદિર મધ્યે હિંડોળા દર્શન તથા ભજન સત્સંગનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં હેતલબેન બુધ્ધભટ્ટી તથા દક્ષાબેન બુધ્ધભટ્ટી, કુ. પ્રિયા બારમેડા, કુ. હેતલ સાકરીયા, માનસીબેન સાકરીયા, તરૂણાબેન બુધ્ધભટ્ટી, પીંકીબેન કટ્ટા, અંજનાબેન પોમલ તથા મહિલા મંડળનો હિંડોળો કુ. પ્રિયલ ગુજરાતી (આદિપુર)એ શણગાર્યો હતો. આ દરેક બહેનોએ ખૂબ જ સરસ હિંડોળાને શણગારી સાથે લાલાની બાળ લીલાઓના દર્શન કરાવ્યા હતા. પોતાની અનોખી કલા અને લાલા (કાનાજી) પ્રત્યેની શ્રધ્ધા પ્રદર્શિત કરી હતી. શ્રધ્ધાને પ્રદર્શિત કરવાની નથી હોતી, તે તો ભાવ (શ્રધ્ધા) હોય એટલે પ્રદર્શિત થઈ જતી હોય છે.

શ્રાવણ માસના આખર સોમવારે રૂદ્રીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જ્ઞાતિની ઘણી બહેનો જોડાઈ હતી અને પૂજાનો લહાવો લીધો હતો. જ્ઞાતિના ગોર પૂજ્ય દેવેનભાઈ વ્યાસે પૂજા કરાવી હતી. મહિલા મંડળ દ્વારા આવી જ રીતે ધાર્મિક કાર્યક્રમો દર વર્ષે જ્ઞાતિની બહેનો મળીને કરતી રહે છે.

## શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુર

કિરણબેન સોની - રાયપુર

# ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનો અહેવાલ

દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૪-૯-૨૦૧૬ને રવિવારના શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ સમાજ - રાયપુરમાં શ્રી કૌશિકભાઈ કટ્ટા - અધ્યક્ષ દ્વારા જ્ઞાતિ મેળાવડાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્ષે મહામંડળના પદાધિકારીઓનું મહાસંમેલન અને યુવક - યુવતી પરિચય સંમેલન કાર્યક્રમની પ્રમુખ વિશેષતા હતી. પૂરા કાર્યક્રમને મનોરંજન પૂરૂં પાડનાર 'સાંસ્કૃતિક કાર્યક્રમ' મહિલામંડળ અધ્યક્ષ શ્રીમતી ઉર્મિલાબેન પોમલ અને કમિટી દ્વારા સંચાલિત કરવામાં આવ્યું હતું.



સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગણેશ વંદના, છત્તીસગઢી ગ્રુપ ડાન્સ, રાજસ્થાની ગ્રુપ ડાન્સ, શિવ - તાંડવ સ્તોત્ર ડાન્સ અને ૨ ફ્યુઝન ડાન્સ આયોજીત કરવામાં આવેલ હતા.




ગણેશ વંદના ક્લાસીકલ નૃત્ય પર આધારિત હતું. જેમાં કુ. જેનીશા કટ્ટા અને આયુષી બારમેડાએ પરફોર્મ કર્યું હતું. એ પછી છત્તીસગઢ ગ્રુપ નૃત્યની પ્રસ્તુતિ નાની નાની બાળકીઓ દ્વારા આપવામાં આવી. જેમાં છત્તીસગઢી લોકોના રહન-સહન અને સદાય મસ્ત રહેતા સરળ - સૌમ્ય છત્તીસગઢની સંસ્કૃતિની ઝલક આ નૃત્ય દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી. બાળકીઓની વેશભૂષા અને છત્તીસગઢી લોકોના એકતાલ - એક લયમાં ડાન્સ કરીને બાળવૃંદે સૌના દિલ જીતી લીધા.

શિવ - તાંડવ સ્તોત્રમાં શિવજીની ભાવ ભક્તિપૂર્ણ આરાધના દ્વારા ક્લાસીકલ નૃત્યની પ્રસ્તુતિ બાળકીઓએ આપી હતી. નવી જનરેશન આપણી સંસ્કૃતિ, પૌરાણિક કથાઓનું મહત્ત્વ સમજે અને જાણે, એમનામાં શ્રધ્ધાભાવ જાગે એવો હેતુ આ પ્રસ્તુતિ પાછળ હતો. શિવ તાંડવમાં તાલ - લય સાથે પોશ્ચરનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. શિવ - તાંડવની કોરીયોગ્રાફી કુ. દૃષ્ટિ બારમેડાએ કરી હતી.

સાંસ્કૃતિક કાર્યક્રમનું પ્રમુખ આકર્ષણ જ્ઞાતિ સમાજની બહેનો દ્વારા 'રાજસ્થાની નૃત્ય'ની પ્રસ્તુતિ રહી. જેમાં રાજસ્થાની લહેકાઓ સાથે કરતબો પણ કરવાના હતા. જેમાં શ્રીમતી ઉર્વશી બારમેડા અને શ્રીમતી વિદ્યા બારમેડાએ માથા પર આગ ભરેલી મટકી અને પગને થાળમાં પરોવીને રાઉન્ડ પણ લેવાનો હતો. સાથે જ શ્રીમતી ધ્રુપાલી બારમેડા અને યોગીતા બારમેડાએ મટકી પર ઊભા રહીને... તો કુ. મનાલી બારમેડાએ કાચના ગ્લાસ પર ઊભા રહીને ડાન્સ કરવાનો હતો. કુ. હેતલ બારમેડાએ ડાન્સ કરતાં કરતાં મ્હોંએથી રૂમાલ ઉપાડવાનો હતો. ડાન્સમાં શ્રીમતી રીનાબેન બારમેડા, શ્રીમતી ખ્યાતિબેન કટ્ટા, શ્રીમતી કલ્પનાબેન બારમેડા અને શ્રીમતી વામિનીબેન બારમેડાએ પરફોર્મ કર્યું હતું.

આવા કરતબ આપણે રાજસ્થાનના ટ્રેઈન્ડ ડાન્સરોને કરતા જોયા હતા. જેનું અદ્‌ભુત આલેખન આ પ્રસ્તુતિમાં કરાયું હતું. રાજસ્થાનની સંસ્કૃતિ અને ગરિમાનું સફળતાપૂર્વક પ્રદર્શન સમાજની બહેનો દ્વારા થયું હતું. આવા મનોરંજક અને અદ્‌ભુત ડાન્સ માટે બહેનોએ પોતાના ઘર-પરિવાર - બાળકોની જવાબદારીમાંથી સમય ફાળવીને ખૂબ જ ધીરજ અને ખંતથી મહેનત કરી હતી. નૃત્યના દરેક પાસા લય-તાલ, ગીત અને રાજસ્થાની લહેકાઓની સાથે કરતબને સમાવી લેતા આ ડાન્સને ''મોહન દીપ'' સરે કોરિયોગ્રાફ કર્યો હતો, જે લોકનૃત્ય અને ક્લાસિકલ ડાન્સમાં માસ્ટર છે. છત્તીસગઢી નૃત્ય પણ એમણે જ કોરિયોગ્રાફ કર્યો હતો.

સાંસ્કૃતિક કાર્યક્રમની કડીમાં બે ફ્યુઝન ડાન્સ હતા જેમાં ફિલ્મી ગીતોના મુખડા અને નૃત્યમાં ગરબાની સાથે થોડી ફિલ્મી સ્ટેપ્પનું ફ્યુઝન પણ હતું. આ બંને ડાન્સ ભરપૂર ઊર્જા અને ઉત્સાહિત કરનાર હતા જેમાં ટીન એજર્સ અને યુવક - યુવતીઓએ ભરપૂર મનોરંજન કર્યું. આ ડાન્સની અંતિમ કડીમાં શ્રી ગણેશના આગમનનો સીન ક્રીએટ કર્યો હતો, જે ખૂબ જ મનોરંજક અને શ્રધ્ધાભાવ જગાડે એવું હતું. ફ્યુઝન ડાન્સ 'બમ બમ બોલે જુનિયર' અને 'બમ બમ બોલે સિનિયર'ને કુ. નિધિ મૈચા અને કુ. શુભ્રા પોમલે કોરિયોગ્રાફની સાથે ડાન્સ પણ કર્યો હતો.

સાંસ્કૃતિક કાર્યક્રમ મહિલા મંડળ કમિટી માટે એક ઉત્સવ સમાન હતો. જેની મીઠી સ્મૃતિઓ હંમેશા અમારા મન પર બની રહેશે. આયોજનમાં ભાગ લેનાર સમાજની જ્ઞાતિ બહેનો, બાળાઓ અને યુવક-યુવતીઓનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. એમના સહકાર અને મહેનતથી જ આયોજનને સફળતા મળી છે.




સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. જેની નોંધ સૌ કોઈએ લીધી હતી અને એ માટે મહિલા મંડળ પણ પ્રમુખશ્રી અને કમિટીને અભિનંદન આપે છે.

મહિલા મંડળને સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવાની તક મળી. અમે આ કાર્યના સહભાગી બન્યા જેમાં મહામંડળના પદાધિકારીઓ અને યુવક - યુવતી પરિચય સંમેલનમાં પધારેલા અતિથિઓએ અમારી પ્રસ્તુતિને જોઈ ખૂબ વધાવી, એ અમારા માટે ખૂબ જ આનંદ અને ગર્વની પળો હતી.

કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન કરનાર ગં.સ્વ. માલાબેન સોની, શ્રી નીતિનભાઈ પોમલ, શ્રી જયેશભાઈ પોમલનો ખૂબ ખૂબ આભાર અને અભિનંદન.

જ્ઞાતિ સમારોહમાં પ્રમુખ શ્રી કૌશિકભાઈ કટ્ટા અને એમની પૂરી ટીમે જડબેસલાક બંદોબસ્તનું ઉદાહરણ પ્રસ્તુત કરી કાર્યક્રમનું

એ માટે જ્ઞાતિ સમારોહમાં પધારેલાં અતિથિઓ, રાયપુર સમાજનાં દરેક જ્ઞાતિજનોનો મહિલા મંડળ અને કમિટી ખૂબ ખૂબ આભાર માને છે. ■

## અખિલ ભારતીય પદાધિકારી સંમેલન તથા યુવક - યુવતી પરિચય સંમેલન

*– નીતિન પોમલ*

શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુર દ્વારા શ્રાવણ માસની ઉજવણી સાથે અખિલ ભારતીય પદાધિકારી મહાસંમેલન તથા અખિલ ભારતીય યુવક - યુવતી પરિચય સંમેલન તા. ૪-૯-૨૦૧૬ને રવિવારના દિવસે રાયપુર (છ.ગ.) મધ્યે આયોજીત કરવામાં આવ્યું.




આ કાર્યક્રમ માટે ૩ દિવસની વ્યવસ્થા (રહેઠાણ, ભોજન વિ.) આયોજન કમિટી દ્વારા કરી આપવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત, ગણેશ વંદના તથા રાષ્ટ્રગાન સાથે કરવામાં આવી. ત્યારબાદ સમસ્ત ભારતવર્ષમાં વસતા આપણા સમાજના પદાધિકારીઓનું મહાસંમેલન પ્રારંભ કરવામાં આવ્યો. આ સંમેલનનો એજન્ડા હતો : "સમાજની પ્રગતિ." આ વિષય પર વિભિન્ન શહેરોથી આવેલા પદાધિકારીઓના વિચાર સાંભળવા મળ્યા. જેનાથી ઘણી જાણકારી તથા ઉપયોગી વાતો શીખવા મળી. યુવક - યુવતી પરિચય સંમેલનની પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું. ત્યારબાદ મહિલા મંડળની ટીમ દ્વારા ૪-૫ પ્રકારના જુદા જુદા વિભિન્ન નૃત્યોનું પ્રસ્તુતિકરણ સમાજજનો વચ્ચે કરવામાં આવ્યું. જે બધાયને ખૂબ જ ગમ્યું અને બધા આનંદવિભોર થઈ ગયા. બપોરના જમણવાર પછી મુખ્ય કાર્યક્રમ યુવક - યુવતી પરિચય સંમેલનનો પ્રારંભ કરવામાં આવેલ. આ પરિચય સંમેલનમાં ૫૦ નામોનું રજીસ્ટ્રેશન થયું હતું. આ કાર્યક્રમનો પણ સમાજજનોને ખૂબ લાભ મળશે તેવી આશા છે. સાંજના હાઈ-ટી ની વ્યવસ્થા રાખવામાં આવી હતી. ત્યારબાદ અમુક સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવ્યા. ત્યારબાદ કાર્યક્રમના પ્રાયોજકોના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું.

હર્ષોલ્લાસભર્યો દિવસ પૂર્ણ થયા પછી રાત્રિ ભોજનની વ્યવસ્થા પણ ત્યાં જ રાખવામાં આવી હતી. ભોજન બાદ બધા જ દિવસભરનાં કાર્યક્રમથી પ્રાપ્ત થયેલા આનંદને માણતા અને સ્મૃતિમાં રાખીને વિદાય થયા. બહારગામથી આવેલ મહેમાનોની વ્યવસ્થા આ જ આયોજન સ્થળ પર કરી આપવામાં આવી હતી.

બીજા દિવસે તા. ૫-૯-૨૦૧૬ સોમવારે રાયપુર દર્શનના કાર્યક્રમનું આયોજન કરેલ હતું. જેના માટે બે એ.સી. બસ તથા ૬થી ૭ અન્ય વાહનોની વ્યવસ્થા કરવામાં આવી હતી. સવારના ચા-નાસ્તા બાદ બધા, આ વાહનોમાં બેસીને રાયપુર દર્શન માટે રવાના થયા. વિભિન્ન સ્થળોનું ભ્રમણ કરતાં બપોરના ભોજનનું આયોજન એક શાનદાર ફાર્મ હાઉસમાં કરવામાં આવેલ. ત્યારબાદ પાછા, બાકી રહી ગયેલા સ્થાનોનું ભ્રમણ કરતા સાંજના ૭ વાગે આ કાર્યક્રમનું સમાપન થયું.

આ રીતે બધું મળીને ૩ દિવસનો કાર્યક્રમ તા. ૩-૯-૧૬થી તા. ૫-૯-૧૬ — શાનદાર રીતે સંપન્ન થયો ■

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ

સુધા એ. બુધ્ધભટ્ટી

# નવરાત્રી મહોત્સવ - ૨૦૧૬

રૂડી નવરાત્રી આવી અને ચાલી પણ ગઈ. મા ના પ્રામાણિક પૂજાના દિવસો એટલે નવરાત્રી. અને તેથી જ આપણા હૃદયમાં અંગત જળવાયેલ ભક્તિથી ભીની થયેલી આંતરડી, માં ને પ્રાર્થના કરે છે. પ્રાર્થના એટલે 'મા' સાથે વાતચીત, ભક્ત અને માતા સાથેનો મધુર સંવાદ. એવી જ રીતે

*'કુમકુમના પગલા પડ્યા, માડીના હેત ઘણા...'*
*'રૂડે ગરબે રમે છે દેવી અંબિકા રે...'*
*'સોનલ ગરબો શિરે, અંબેમા ચાલો ધીરે ધીરે...'*

નવરાત્રીમાં ગરબે ઘૂમતી બહેનો ઉપરોક્ત ગરબાઓને અભિવ્યક્ત કરી નૃત્ય દ્વારા 'સ્વ' સુધી પહોંચાડે છે. જે જીવનની શુધ્ધત્તમ અનુભૂતિ કરાવે છે. ગરબા રમવા એટલે માતાજીને ભક્તિ કરવી એ સંકલ્પના, ભલે આજની યુવાપેઢી સ્વીકારતી ના હોય, છતાં મન મૂકીને ગરબા રમીને, પ્રવર્તમાન ક્ષણોમાં સ્વને ભૂલી જવાની સિધ્ધિ તો જાળવી જ લે છે. અને આ દૃષ્ટિએ ગરબા કે રાસ રમવા, એ શારીરિક અને માનસિક ફિટનેસ માટે અત્યંત લાભદાયક ગણાય છે. ગરબા અને રાસ મુખ્યત્વે ગુજરાતી - લોકનૃત્ય છે. આસો મહિનાના શુક્લ પક્ષની એકમથી નોમ સુધીની તિથિઓ દરમ્યાન ઉજવાતા નવરાત્રી ઉત્સવમાં ગરબા અને રાસ રમીને માતાજીની આરાધના કરવામાં આવે છે.





તો આવી જ આરાધના કરવામાં આપણા સમાજના મહિલા મંડળ અને યુવક મંડળ વંચિત રહે તેમ નથી. સાંજે ૫ થી ૭ દરમિયાન મહિલા મંડળ અને રાત્રે ૯ થી ૧૨ દરમિયાન યુવક મંડળ દ્વારા દાંડિયા ખેલી ખેલૈયાઓ આપણા સમાજનું ગૌરવ વધારે છે. મહિલા મંડળ દ્વારા આયોજીત ગરબાઓમાં બહેનો માતાજીની આરતી, થાળ તેમજ માતાજીની સ્તુતિ કરી, ગરબાઓ ગાઈ માં ની આરાધના કરે છે.

ચનાણી પાર્ટી પ્લોટમાં યોજાતા રાસ ગરબાઓમાં સમાજના જ ભાઈ-બહેનો દ્વારા ગાવા - વગાડવાનું આયોજન કરવામાં આવે છે. સતત દસ વર્ષથી વાજીંત્ર, ઓર્ગન પર તેમજ નોબત પર બાળકો તેમજ બહેનોને ઝઝુમતા રાખવાનું મુખ્ય શ્રેય તરૂણભાઈ બીજલાણી તેમજ પ્રતાપભાઈ બીજલાણીને ફાળે જાય છે. સદાયે સામાજીક ભાવનાની ખેવના રાખતા કાર્યશીલ ભાઈઓ ખૂબ અભિનંદનને પાત્ર છે. તો વળી, ફક્ત વાજીંત્ર પર ગરબા રમવાથી માં ની આરાધના પૂર્ણ થતી નથી. માટે સુંદર ગરબાઓ ગાઈ માતાજીને ગરબે રમવાનું આમંત્રમ આપતી બહેનો સુધા એ. બુધ્ધભટ્ટી – જેઓ સતત દસ વર્ષતી સૂરીલા ગરબાઈ ગાઈ બહેનોને રમાડે છે. તો છેલ્લા બે વર્ષથી સમાજની જ બહેન સીમાબેન દીપકભાઈ મહીચા પણ પોતાના સૂરીલા સૂરથી ગરબા ગાઈ પોતાની આગવી પ્રતિભા વ્યક્ત કરે છે.

મહિલા મંડળના પ્રમુખ શ્રી રોહિણીબેન બુધ્ધભટ્ટીના નેતૃત્વમાં નવરાત્રી મહોત્સવ - ૨૦૧૬ કે જે દર વર્ષ પૂર્ણ કરેલ છે. સતત દસ વર્ષથી ગરબે ઘૂમતા બાળકો અને બહેનો કે જેઓ ડ્રેસકોડ અને પોતાની રમવાની આગવી સ્ટાઈલથી નિર્ણાયકોના નિર્ણય પ્રમાણે વિજેતા થતા હતા. જેમાં આ વર્ષ દરમિયાન થોડું પરિવર્તન કરી જેટલા પણ બાળકો - બહેનો રમતા હોય, તેઓની ચિઠ્ઠીઓ દ્વારા લક્કી ડ્રો પધ્ધતિ દ્વારા વિજેતા જાહેર કરવામાં આવેલ. દરરોજ ૪ બાળકો અને ૨ બહેનોને ઉપરોક્ત નિયમોનુસાર વિજેતા જાહેર કરેલ. વિજેતા થયેલ બાળકો અને બહેનોના નામ આ પ્રમાણે છે.

બાળકોના રાઉન્ડમાં વિજેતાઓ : પોમલ દિયા, સોની ઈશીતા, સોલંકી રૂદ્ર, પોમલ માન, હેડાઉ ધ્રુવ, હેડાઉ હીર, હેડાઉ કુંજ, સોલંકી નંદિની, છત્રાળા મલય, પોમલ રીષી, પોમલ આરતી, પોમલ જાનકી, સોની ભવ્યા, બુધ્ધભટ્ટી રીયા, પોમલ દામોદર, સોલંકી આર્ય, સોલંકી શિવમ, બુધ્ધભટ્ટી

દિવ્ય, હેડાઉ શિવમ, સાકરીયા ભૂમિ, બારમેડા વીરા, છત્રાળા રૂદ્ર, છત્રાળા પ્રિયાંશી, છત્રાળા ઓમ, બારમેડા તુલસી, પોમલ શિયા, બારમેડા મંત્ર, સોલંકી નૈતિક, પરમાર જનાદય, પોમલ શ્રીયા, સોની શામી, બુધ્ધભટ્ટી ભવ્ય, પોમલ દેવાંશી, છત્રાળા પ્રાચી, બીજલાણી જીત, કોટડિયા વિશ્વા, બીજલાણી મિશા, કટ્ટા વાણી, બીજલાણી ધ્રુવી, બારમેડા શૈલી, બુધ્ધભટ્ટી કશ્યપ, બુધ્ધભટ્ટી સુજલ, બુધ્ધભટ્ટી ધાર્મિક, સોની પ્રિન્સ, સોની પૂર્વલ.



બહેનોના રાઉન્ડમાં વિજેતાઓ : પોમલ મધુબેન, પોમલ શીતલબેન, ચનાણી જુલીબેન, મહીચા સુશીલાબેન, પરમાર ભાવિનીબેન, પોમલ વસંતબેન, છત્રાળા ખ્યાતિબેન, બુધ્ધભટ્ટી પદ્માબેન, પોમલ દીપીકાબેન, બુધ્ધભટ્ટી તારાબેન, બુધ્ધભટ્ટી હર્ષાબેન, પોમલ નયનાબેન, બીજલાણી જનકબેન, સોની ઉર્મિલાબેન, બુધ્ધભટ્ટી જીજ્ઞાબેન, બુધ્ધભટ્ટી કંચનબેન, સોલંકી ઈંદીરાબેન, પોમલ હીનાબેન, પોમલ સરોજબેન.

ઉપરોક્ત સર્વે વિજેતાઓને જ્ઞાતિ તરફથી તેમજ રામજીભાઈ સોલંકી (માધાપર), રાહુલભાઈ સોલંકી પરિવાર તેમજ સીમાબેન દીપકભાઈ મહીચા તરફથી ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ઉપરોક્ત પરિવારોની સાથે સાથે દરેક બાળકોને પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી મહિલા મંડળ, વેલજી આણંદજી પરિવાર તેમજ અન્ય જ્ઞાતિ પરિવારો તરફથી બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

વાજીંત્ર પર પ્રતાપભાઈ બીજલાણી તથા તરૂણભાઈ બીજલાણીની સાથે સુધા બુધ્ધભટ્ટી, સીમાબેન મહીચાએ ગરબાઓ ગાયા હતા. જ્ઞાતિ પ્રમુખ દિલીપભાઈ બગ્ગા, મહામંડળના મહામંત્રી પ્રેમજીભાઈ સોલંકીએ શુભ કામના વ્યક્ત કરેલ. 'હેમલેખા'ના તંત્રી શ્રી શાંતિલાલભાઈ સોની, હર્ષદભાઈ બુધ્ધભટ્ટી તથા નીતિનભાઈ હેડાઉએ પ્રશંસા કરેલ.

મહિલા મંડળ દ્વારા આયોજીત નવરાત્રી મહોત્સવને દસ વર્ષ પૂર્ણ થતાં દરેક જ્ઞાતિના મહિલા મંડળના આગેવાનોને આમંત્રિત કર્યા હતા જેમણે કંસારા સોની મહિલા મંડળની પ્રવૃત્તિઓને ગૌરવપ્રદ ગણાવી હતી.

પ્રોજેક્ટ ચેરપર્સન ભાવનાબેન ચનાણી, વીણાબેન પોમલ, ઈંદીરાબેન સોલંકીની સેવા પ્રશંસનીય રહી હતી. તદુપરાંત માલતીબેન ગુજરાતી, જયેષ્ઠાબેન બારમેડા, જયશ્રીબેન છત્રાળા, પ્રીતિબેન બગ્ગા, કીમ છત્રાળા તેમજ મહિલા મંડળના સભ્યો તેમજ સત્સંગ મંડળની બહેનોનો સહકાર મળ્યો હતો. ■


ઝગમગતા દીપકનો તહેવાર એટલે શુભ દીપાવલીના પ્રસંગે
આપ સૌ પરિવારજનોને હાર્દિક શુભકામના અને નૂતન વર્ષ આ ધરતી પર
સુખ, શાંતિ અને સમૃધ્ધિની બહાર લાવે તેવી અભ્યર્થના સાથે હાર્દિક અભિનંદન....

**ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિના સર્વે સભ્યશ્રીઓ**

**તથા 'જ્ઞાતિસેતુ' પરિવાર**

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ

**શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ**

**કાર્યાલય :** ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૩૮૦ ૦૦૧ ફોન : (૦૭૯) ૨૨૧૪ ૪૦૦૮
વેબ સાઈટ : www.gnyatisetu.com • ઈ-મેલ : gnyatisetu@gmail.com

# શ્રી પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ એજ્યુકેશન ટ્રસ્ટ

## શૈક્ષણિક સન્માન સમારોહ

શ્રી પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ધોરણ-૧૦, ૧૨ તેમજ કોલેજ, ડિગ્રી તથા ઉચ્ચ ડિગ્રી તેમજ શિક્ષણમાં વિવિધ ક્ષેત્રે પ્રાપ્ત કરેલ સિધ્ધિઓ બદલ વિદ્યાર્થીઓનું શૈક્ષણિક સન્માન તથા પશ્ચિમ કચ્છ સમાજમાં નિવૃત્ત થયેલ સરકારી કર્મચારીઓનું સન્માન, સમાજના વિવિધ ક્ષેત્રે જેમનું યોગદાન રહેલ તેમનો સન્માન સમારોહ, ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી લખમશીભાઈ ઇશ્વરદાસ સોનીના અધ્યક્ષપદે નખત્રાણા ખાતે યોજાયો.

પ્રારંભમાં સમાજના છેલ્લા બે વર્ષમાં જે લોકો અવસાન પામ્યા હતા તેમને તેમજ તાજેતરમાં અક્ષરનિવાસ પામેલ પ.પૂ. પ્રમુખ સ્વામીને શ્રધ્ધાંજલી આપવામાં આવેલ હતી. દીપ પ્રાગટ્ય બાદ પ્રારંભમાં ટ્રસ્ટના મંત્રી શ્રી હેમેન્દ્રભાઈ કંસારાએ જણાવ્યું કે, આપણી જ્ઞાતિનાં બાળકો કે જેમણે શિક્ષણ ક્ષેત્રે સિધ્ધિ પ્રાપ્ત કરેલ છે તેવા આપણા અને તાલુકાના બાળકોનું એક જગ્યાએ સન્માન થાય તે માટે આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.





આજે આ કાર્યક્રમમાં એવા વિદ્યાર્થીઓ કે જેમણે ડૉક્ટર, વકીલ તથા સિવિલ એન્જિનિયર, ઇલેક્ટ્રોનિક એન્જિનિયર, માસ્ટર એન્જિનિયર જેવી ડિગ્રીઓ પ્રાપ્ત કરી હોય. સી.એ. કે ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરી હોય તેવા ૫૪ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે.

આ વિદ્યાર્થી જ્યારે 'સન્માનિત' થશે ત્યારે પોતે જ જ્યારે વ્યવસાયમાં જોડાશે ત્યારે સમાજનું આ ઋણ યાદ રહેશે.

એવી જ રીતે ટ્રસ્ટ દ્વારા સમાજમાં શિક્ષણ, મેડિકલ, સામાજિક પ્રવૃત્તિમાં જેમનું યોગદાન રહ્યું છે તેમને પણ સન્માનિત કરવામાં આવે છે. તેમણે મેડિકલ ક્ષેત્રે માહિતી આપતાં જણાવ્યું કે, ભુજ અને અમદાવાદ જ્ઞાતિ તેમજ અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ દ્વારા પણ મેડિકલ સહાય પ્રવૃત્તિ થઈ રહી છે. તેમની વિગત પણ આપી હતી.

તેમણે સમાજની બહેનોને મહિલાલક્ષી રોજગારી પ્રાપ્ત થાય તેવી કામગીરી કરી, ગુજરાત સરકાર દ્વારા મહિલાઓને મળતા લાભોની તથા યોજનાઓની વાત કરી. આ કાર્ય માટે બહેનોને આગળ આવવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત ભુજ મારૂ કંસારા સોની જ્ઞાતિનાં પ્રમુખ દિલીપભાઈ બગ્ગાએ જણાવ્યું કે જ્ઞાતિમાં શિક્ષણ ક્ષેત્રે જેટલી બહેનો આગળ રહે છે તેના પ્રમાણમાં ભાઈઓની સંખ્યા ઓછી રહે છે. તેમણે યુવાનોને રોજગારલક્ષી અભ્યાસમાં જોડાવા તેમજ પરંપરાગત વ્યવસાયને બદલાવી અન્ય નવા વ્યવસાયમાં જોડાવા વિનંતી કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું કે, જેમને ભુજની કોલેજમાં અભ્યાસ કરવાનો હોય પરંતુ જો વિદ્યાર્થીઓ માટે રહેવાની વ્યવસ્થા ન હોય તો સ્વ. ખેતશી ખેંગાર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સ્મૃતિ હોલમાં આની વ્યવસ્થા કરી આપવામાં આવશે. નખત્રાણા જ્ઞાતિના પ્રમુખ ભરતભાઈ સોનીએ નખત્રાણા જ્ઞાતિની સમાજવાડીની વિસ્તૃતિકરણની માહિતી આપી હતી.

અંજાર જ્ઞાતિના પ્રમુખ શ્રી ફોરમભાઈ સોનીએ એજ્યુકેશન ટ્રસ્ટનાં આજના આ કાર્યને બિરદાવી સહયોગની ખાતરી આપી હતી.

નખત્રાણા જ્ઞાતિના પૂર્વપ્રમુખ શ્રી હીરાલાલભાઈ સોનીએ આ અગાઉ પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ જ્યારે સક્રિય હતી ત્યારે તેમની કામગીરીની માહિતી આપી હતી અને તેને પુનઃ જાગૃત કરવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે સમગ્ર કચ્છમાંથી ઉપસ્થિત જ્ઞાતિના પ્રમુખો હરેશભાઈ નેણશી (માંડવી), બાબુભાઈ સાકરિયા (નલીયા), અનિલભાઈ બારમેડા (દયાપર), કાંતિભાઈ પોમલ (કોઠારા),

હર્ષદભાઈ પોમલ (ગઢશીશા), પરમેશભાઈ લાયચા (કોટડા જડોદર), વિનોદભાઈ કટ્ટા (રવાપર), કીર્તિભાઈ પરમાર (નેત્રા), ચંદુભાઈ બુધ્ધભટ્ટી (વિરાણી), શિવજીભાઈ મઈચા (અંજાર) વિ.એ શિક્ષણના કાર્યને વધુ વેગ મળે તે માટે સંપૂર્ણ સહયોગની ખાતરી આપી હતી.

આજના કાર્યક્રમમાં અધ્યક્ષપદે ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી લખમશીભાઈ ઈશ્વરદાસ સોનીએ જણાવ્યું કે આવા કાર્યક્રમથી વિદ્યાર્થીઓને વધુ પ્રોત્સાહન મળે છે. તેમણે ટ્રસ્ટની કામગીરીની માહિતી આપતા જણાવ્યું કે પશ્ચિમ કચ્છના મૂળ રહેવાસીઓ ભલે કચ્છ, ગુજરાત કે ગુજરાત બહાર રહેતા હોય તો પણ તેમના બાળકોનું અહીં સન્માન કરવામાં આવે છે. જેમ જેમ ટ્રસ્ટની આર્થિક સ્થિતિ મજબૂત થશે તેમ તેમ ટ્રસ્ટની કામગીરીનો વ્યાપ વધારવામાં આવશે. તેમણે સમાજની બહેનોને વ્યવસાયલક્ષી તાલીમ લેવી જોઈએ અને યુવાનોએ પણ રોજગારલક્ષી તાલીમ લેવી જોઈએ તે વાતનો અનુરોધ કરી ટ્રસ્ટ તરફથી સંપૂર્ણ સહકારની ખાતરી આપી હતી.

ટ્રસ્ટના ઉપપ્રમુખ શ્રી ધનજીભાઈ હરીદાસ સોની (કોઠારા)એ ટ્રસ્ટની કામગીરીની પૂરક માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં શ્રી પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિના પૂર્વપ્રમુખ શ્રી જેઠાલાલભાઈ રાઘવજી સોની (નલીયા)નું તેમની ૬૦ વર્ષ લગી જ્ઞાતિ સેવાના કાર્યને બિરદાવી, તેમને સમાજ શ્રેષ્ઠી તરીકેનું બિરૂદ આપી, શ્રી પશ્ચિમ કચ્છ એજ્યુકેશન ટ્રટ, શ્રી અબડાસા તા. મારૂ કંસારા સોની જ્ઞાતિ તેમજ દયાપર, નેત્રા, રવાપર, કોઠારા, નલીયા, નખત્રાણા વિ. જ્ઞાતિના આગેવાનોએ તેમને સન્માનિત કરી સન્માન પત્ર અર્પણ કર્યું હતું. તેમજ તેમના પરિવારજનો દ્વારા પણ તેમનું ઉચિત સન્માન કરવામાં આવેલ હતું. સન્માનિત શ્રી જેઠાલાલભાઈએ ગળગળા થઈ સમાજનો આભાર માનેલ હતો અને ઉપસ્થિત સમગ્ર કચ્છનાં જ્ઞાતિ આગેવાનોએ આજના આ કાર્યક્રમને ઐતિહાસિક પ્રસંગ ગણાવ્યો હતો.

તેવી જ રીતે આજના પ્રસંગે જેમનો વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ, તે શ્રી બકુલભાઈ ગુજરાતી (ભુજ) (સમાજ સહયોગી દાતા), શ્રી મહેશભાઈ કંસારા (મેડિકલ ક્ષેત્રે યોગદાન), શ્રી ચેતનભાઈ બારમેડા (શિક્ષણ ક્ષેત્રે યોગદાન) તથા ગુજરાત આચાર્ય સંઘના સંગઠન મંત્રી તરીકે વરણી થવા બદલ શ્રી ભાવેશભાઈ બગ્ગા (ભુજ સમૂહ લગ્નના કન્વીનર થવા બદલ) શ્રી રમેશભાઈ સોની (આણંદ સર), પત્રકાર તરીકે શ્રી નીતિનભાઈ હેડાઉ (સમાજ મુખપત્ર હેમલેખાના મેનેજર તરીકે), શ્રી રતિલાલ હંસરાજ - નખત્રાણા (વડીલ વંદના) એ રીતે શ્રેષ્ઠીઓનું પણ સન્માન કરવામાં આવેલ હતું. ■

## MATRIMONIAL



| | | |
|---|---|---|
| **Name** | : | Pratik Dineshchandra Parmar |
| **Father's Name** | : | Dineshchandra Chhotalal Parmar |
| **Mother's Name** | : | Indiraben Dineshchandra Parmar |
| **Address** | : | "Kudrat", Gopal Nagar, B/h. Ranchhod Nagar, Keshod-362 220. Dist.: Junagadh. |
| **Birth Date** | : | 17th February, 1987 |
| **Birth Time** | : | 11.20 a.m. |
| **Birth Place** | : | Junagadh |
| **Height** | : | 5'8" |
| **Weight** | : | 68 Kg. |
| **Education** | : | B.A. with English |
| **Occpuation** | : | Business (Proprietor of Mobile Shop) |
| **Younger Brother:** | | Shreyash Dineshchandra Parmar |
| **Contact No.** | : | +91 99981 82334 (Dineshchandrabhai) |

## MATRIMONIAL



| | | |
|---|---|---|
| **Name** | : | Shreyas Dineshchandra Parmar |
| **Father's Name** | : | Dineshchandra Chhotalal Parmar |
| **Mother's Name** | : | Indiraben Dineshchandra Parmar |
| **Address** | : | "Kudrat", Gopal Nagar, B/h. Ranchhod Nagar, Keshod-362 220. Dist.: Junagadh. |
| **Birth Date** | : | 31st July, 1998 |
| **Birth Time** | : | 05.35 p.m. |
| **Birth Place** | : | Junagadh |
| **Height** | : | 5'8" |
| **Weight** | : | 69 Kg. |
| **Education** | : | M.Com. (English Medium) |
| **Occpuation** | : | Excise & Import - Export Executive at Parth Poly Woven Pvt. Ltd. - Junagadh |
| **Elder Brother:** | | Pratik Dineshchandra Parmar |
| **Contact No.** | : | +91 99981 82334 (Dineshchandrabhai) |

## સારવાર અર્થે અમદાવાદ આવતા મારૂ કંસારા સોની જ્ઞાતિના દર્દીઓ માટે 'મેડ+એઇડ' યોજનાનું લોકાર્પણ





ગત તા. ૨૧-૮-૨૦૧૬ના રોજ અમદાવાદ મુકામે સરકીટ હાઉસ ખાતે યોજાયેલ શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળની કારોબારી મિટીંગ મળી હતી. આ બેઠકમાં અમદાવાદ જ્ઞાતિ મંડળ દ્વારા પ્રાયોજીત "મેડ + એઇડ" યોજનાનું મહામંડળ પ્રમુખ શ્રી પ્રભુદાસ ખેતશી ગુજરાતી દ્વારા ઉપરોક્ત યોજનાનું લોકાર્પણ કરવામાં આવેલ. પ્રમુખશ્રીએ તેમના વક્તવ્યમાં અમદાવાદ જ્ઞાતિ મંડળની આ પહેલને બિરદાવતા કહ્યું કે કચ્છ અને અન્ય સ્થળોએથી અમદાવાદ સારવાર અર્થે આવતા આપણી જ્ઞાતિના જરૂરિયાતમંદ દર્દીઓને સમયોચિત માર્ગદર્શન અને તત્કાલીન આવશ્યક્તા અને શક્યતા અનુસાર આંશિક આર્થિક સહાય મળશે. સમગ્ર દેશમાંથી પધારેલા મહામંડળના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં અમદાવાદ જ્ઞાતિ માનદ્ મંત્રી શ્રી અતુલ સોનીએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સમગ્ર "મેડ + એઇડ" યોજનાની માહિતી આપેલ. આ યોજનાને સુચારુરૂપે ચલાવવા શ્રી ગીરીશભાઈ સોનીના કન્વીનરપદે "મેડિકલ સહાયતા સમિતિ"નું ગઠન કરવામાં આવેલ છે. આ સમિતિ જરૂરિયાતમંદ દર્દીઓને માટે હોસ્પિટલ અંગે માર્ગદર્શન, લોહી, ટિફીન, એમ્બ્યુલન્સ જેવી જરૂરિયાતો, રહેવાની વ્યવસ્થા તથા આર્થિક જરૂરિયાત માટે શક્ય તે રીતે સહાયરૂપ થવા પ્રયત્ન કરશે. આ ઉપરાંત સરકારી આરોગ્ય યોજનાઓ અને મેડીક્લેઇમ વિશે સમાજમાં જાગૃતિ આવે તે માટે કાર્ય કરવામાં આવશે. આ યોજના માટે "સ્વ. કાંતિલાલ નાગજી બારમેડા મેડિકલ સહાયતા ફંડ"ની રચના કરવામાં આવેલ છે. જેમાં દાતાઓ દ્વારા સારો આર્થિક સહયોગ મળી રહેલ છે. આ ઉપરાંત જ્ઞાતિના પૂર્વપ્રમુખ શ્રી તુલસીદાસ કંસારાએ કેન્સર જેવા રોગ માટે સહાયરૂપ થઈ શકાય તે માટે "જ્યોતિ કેન્સર ફાઉન્ડેશન" નામથી વિશેષ ફંડની જાહેરાત કરેલ અને તે અમદાવાદ જ્ઞાતિની મેડિકલ સહાયતા યોજના સાથે સંલગ્ન રીતે કાર્ય કરશે તેમ જણાવેલ છે.

બેઠકની શરૂઆતમાં અમદાવાદ જ્ઞાતિ પ્રમુખ શ્રી જયમીનભાઈ સોનીએ મહામંડળના પ્રમુખશ્રી તથા સર્વ મહેમાનોનું સ્વાગત કરી અમદાવાદ જ્ઞાતિ દ્વારા કરવામાં આવતી વિવિધ કામગીરીથી માહિતગાર કરેલ. ભુજ જ્ઞાતિપ્રમુખ શ્રી દિલીપભાઈ બગ્ગા, અંજાર જ્ઞાતિપ્રમુખ શ્રી ફોરમભાઈ સોની, સાબરકાંઠા પ્રમુખ શ્રી ગોપાલભાઈ સોની, ભચાઉના અગ્રણી શ્રી ચમનભાઈ કંસારા, શિક્ષણ સમિતિ કન્વીનર શ્રી ચેતન બારમેડા, 'હેમલેખા'ના તંત્રી શ્રી શાંતિલાલ સોની, દિનેશભાઈ સોની (તલોદ) વગેરે મહાનુભાવોએ અમદાવાદ જ્ઞાતિની પહેલને બિરદાવી શુભેચ્છા પાઠવેલ. સમસ્ત કંસારા સમાજના અગ્રણી શ્રી રાજેશભાઈ કંસારા તથા સૌરાષ્ટ્ર કંસારા સમાજના અગ્રણી શ્રી ધનવંતભાઈ કંસારાએ મેડિકલ ક્ષેત્રે સેવાની જરૂરિયાત દર્શાવી, અમદાવાદ જ્ઞાતિને શુભેચ્છા પાઠવી. શ્રી સૌરાષ્ટ્ર કંસારા સમાજ દ્વારા આ કાર્ય માટે આર્થિક સહયોગની જાહેરાત કરવામાં આવેલ. સમસ્ત કંસારા સમાજના પ્રમુખ શ્રી બટુકભાઈ કંસારા, મંત્રીશ્રી મેહુલભાઈ ખાખી, શ્રી ભરતભાઈ શેઠ તેમજ સૌરાષ્ટ્ર કંસારા સમાજના મંત્રી શ્રી મનીષભાઈ કંસારા, સુરેશભાઈ કંસારા સહિત અગ્રણીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સમસ્ત સમાજની સમરસતાની અનુભૂતિ કરાવેલ.

શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના ખજાનચી શ્રી ચંદુભાઈ ચનાણી તથા મહામંત્રી શ્રી પ્રેમજીભાઈ સોલંકીએ શુભ કાર્ય માટે શુભેચ્છા આપી પ્રોત્સાહિત કરેલ. મહામંડળના ઉપપ્રમુખ શ્રી હરિલાલ લખમશી વિશા પરમારે અમદાવાદ ઘટકને એક રોલ મોડેલ

ગણાવી ઘટકની પ્રવૃત્તિઓની વિશેષ પ્રશંસા કરેલ.

મહામંડળના પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતીએ સમગ્ર આયોજનને બિરદાવી આ યોજના માટે સંપૂર્ણ સહાયરૂપ થવા ખાતરી આપેલ. મહામંડળના માનદ્ મંત્રી શ્રી ઇન્દુભાઈ સોલંકી તથા કુ. એકતા કટ્ટા, કુ. સુધા બુધ્ધભટ્ટી, અંજનાબેન પોમલ, રોહિણીબેન બુધ્ધભટ્ટી, નીતિનભાઈ હેડાઉ, મુળજીભાઈ કટ્ટા, સાબરકાંઠાથી નરેશ સોની, પ્રતીક સોની, ધર્મેન્દ્ર સોની, ગોપાલભાઈ સોની, રશ્મિન બારમેડા, મુંબઈથી શ્રી ડોલરભાઈ સાકરીયા વિશેષરૂપે ઉપસ્થિત રહેલ.



આગામી સમયમાં મહામંડળના દશાબ્દી વર્ષની ઉજવણી માટે વિશેષ આયોજન કરવા વિચારણા કરવામાં આવેલ. સંગઠનમંત્રી શ્રી મનુભાઈ કોટડિયાએ સંગઠનની પ્રવૃત્તિઓને વિશેષ પ્રાધાન્ય આપી કાર્ય કરવા જણાવેલ. કાર્યક્રમને સફળ બનાવવા ઉપપ્રમુખ શ્રી જયેશભાઈ ઘડિયાળી, શ્રી રાજેન્દ્રભાઈ સોની, ગીરીશભાઈ સોની, સૂર્યકાંત સોની, હર્ષદ સોની, હરીશભાઈ બુધ્ધભટ્ટી, નીલેશભાઈ સોની, અમિત બીજલાણી, સૂરજ કંસારા, રશ્મિનભાઈ સોની, ચિરાગ બુધ્ધભટ્ટી વગેરેએ ભારે જહેમત ઉઠાવેલ.

કાર્યક્રમનું સંચાલન શ્રી અતુલ સોની તથા શ્રી ચંદ્રકાંતભાઈ ચનાણી દ્વારા કરવામાં આવેલ.

## 'Med-Aid' ને શુભેચ્છા

*– અંજના પોમલ*

આપણી જ્ઞાતિના દરેક ઘટકમાં સરસ્વતી સન્માન, પાટોત્સવ, ધાર્મિક તહેવારોની ઉજવણી, રમત-ગમત સ્પર્ધાઓ જેવી કે ક્રિકેટ ટુર્નામેન્ટ વગેરે જેવા વિવિધ કાર્યક્રમોનાં આયોજન થતા હોય છે. તદુપરાંત સમૂહ લગ્ન જેવા સમયની માંગ કહી શકાય તેવા આયોજનો પણ થતા હોય છે.

શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ દ્વારા પ્રથમ અને હાલ રાયપુર ઘટક દ્વારા પણ યુવક - યુવતી પરિચય મેળાનું પણ આયોજન સુપેરે પાર પાડવામાં આવ્યું હતું. તો મહામંડળ દ્વારા ક્રાફ્ટ મેળાનું પણ આયોજન આપણી જ્ઞાતિમાં સફળતાપૂર્વક કરવામાં આવે છે.

ઉપરોક્ત બધા જ આયોજનોનું મેનેજમેન્ટ તે કાર્યક્રમના સમય પૂરતું જ રહે છે. આયોજન પૂરૂં થતાં જ તેનું મેનેજમેન્ટ પણ પૂરૂં અને 'લાભ' પણ તત્કાલ પૂરતો જ રહે છે.

હાલ, ટૂંક સમય પહેલા આપણા અમદાવાદ ઘટક દ્વારા 'Med-Aid' નામના લાંબાગાળાના પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવેલ છે. જે આજના સમયની તાતી જરૂરિયાત છે. આજે શિક્ષણ સરખું જ તમામ વર્ગને સ્પર્શતું અને મહત્ત્વનો મુદ્દો સ્વાસ્થ્ય છે. એક તો જીવનને સાંકળતો અને બીજો આર્થિક પાસાને પણ એટલો જ પ્રભાવિત કરતા આ મુદ્દાને ધ્યાને લઈ આ પ્રોજેક્ટ રજૂ કરવામાં આવ્યો છે.

આપણી જ્ઞાતિનાં શ્રેષ્ઠીઓ પોતાના વ્યસ્ત રૂટીનમાંથી પણ જ્ઞાતિજનોને ઉપયોગી બની રહેતા કાર્યો કરે છે તે જરૂરથી પ્રશંસનીય છે. કોઈપણ કાર્યની શુભ શરૂઆત કરવી કઠિન હોય છે. શરૂઆત કર્યા પછી તો અન્ય લોકોનો સહકાર મળી રહે છે.

પણ ટૂંકા ગાળાના આયોજનો જેવા કે સરસ્વતી સન્માન, નવરાત્રિ જેવા ધાર્મિક આયોજનો તત્કાલ પૂરતાં સમય, આર્થિક, શારીરિક સહકાર આધારિત હોય છે જેમાં જ્ઞાતિ શ્રેષ્ઠીઓ અને જ્ઞાતિજનોની શક્તિ મુજબનો સહયોગ મળતો જ રહે છે.

ત્યારે સ્વાસ્થ્ય કે જેના પર જીવન ટકેલું છે, તેને સાંકળતા 'Med-Aid' જેવા મહત્ત્વનાં અને લાંબાગાળાના સહયોગ પર નિર્ભર આયોજનો, સમયની જરૂરિયાત છે. આવા આયોજનો સાચે જ ખૂબ પ્રશંસનીય છે. તો સાથે-સાથે જ્ઞાતિ શ્રેષ્ઠીઓથી લઈ નાનાથી નાના વર્ગના તમામ જ્ઞાતિ પરિવારોનો જાગરૂકપણે સહયોગ જરૂરી છે. તે માટે આશાવાદી રહી અમદાવાદ ઘટકે સમયસૂચકતા દાખવી આયોજન કરેલ છે. જેને બિરદાવવું ઘટે. જ્ઞાતિમાં સાહિત્યની ભૂખ ઉઘડે અને સમય સાથે તાલ મેળવી જ્ઞાતિ વિકાસ થાય તે માટે અમદાવાદ ઘટકે "જ્ઞાતિ સેતુ" જેવું લાંબાગાળાનું આયોજન તો સ્વીકાર્યું જ છે ત્યારે 'Med-Aid' પણ તેવી જ સફળતા મેળવે તેવી શુભેચ્છા.

## "Med-Aid" યોજનાને મળ્યો પ્રેમભર્યો પ્રતિસાદ

અમદાવાદની મેડિકલ સહાયતા યોજના સમસ્ત જ્ઞાતિ સમાજને માટે ઉપયોગી થઈ રહેલ છે. અમદાવાદ સ્થિત દાતાઓના દાનની પહેલને સમસ્ત સમાજના દાનવીરો દ્વારા હૂંફાળો પ્રતિસાદ મળી રહેલ છે. લોકાર્પણ દરમ્યાન સ્વ. કાંતિલાલ નાગજીભાઈ બારમેડા મેડિકલ સહાયતા ફંડ માટે આર્થિક યોગદાનની જાહેરાત કરેલ. તે ઉપરાંત યોજના શરૂ થયા બાદ અમદાવાદ સ્થિત સ્વ. શાંતિલાલ નરશીભાઈ બીજલાણી પરિવાર દ્વારા રૂા. ૨,૨૧,૦૦૦/-નું માતબર દાન આપવામાં આવેલ છે. અમદાવાદ જ્ઞાતિ સર્વે દાતાઓ તથા શુભેચ્છકોનો હૃદયપૂર્વક આભાર માને છે. અત્યાર સુધી જાહેર થયેલ તમામ દાનની વિગતો નીચે દર્શાવેલ છે.

બીજી તરફ અમદાવાદની મેડિકલ સહાયતા સમિતિની કામગીરીની શરૂઆત થઈ ગયેલ છે. ગત સમયમાં માધાપર સ્થિત એક મહિલા દર્દી, જે અમદાવાદ સારવાર અર્થે આવેલ તેમજ નખત્રાણાથી આવેલ એક દર્દીને સહાયરૂપ કામગીરી થયેલ છે. આ ઉપરાંત મુંબઈથી આવેલ દર્દી માટે રક્તની જરૂરિયાત માટે જરૂરી વ્યવસ્થા કરવામાં સમિતિના સભ્યો સહાયરૂપ થયેલ છે.

## "Med-Aid"

### "સ્વ. કાંતિલાલ નાગજીભાઈ બારમેડા મેડિકલ સહાયતા યોજના" માટે અત્યાર સુધી જાહેર થયેલ દાનની વિગત

| | | | |
|---|---|---|---|
| રૂા. | ૧,૫૧,૦૦૦/- | શ્રી ગીરીશભાઈ કાંતિલાલ બારમેડા | અમદાવાદ |
| રૂા. | ૨,૨૧,૦૦૦/- | સ્વ. શાંતિલાલ નરશીભાઈ બીજલાણી પરિવાર | અમદાવાદ |
| રૂા. | ૧,૨૧,૦૦૦/- | સ્વ. જેઠાલાલ જીવરામ સોની પરિવાર | તલોદ તથા અમદાવાદ |
| રૂા. | ૫૧,૦૦૦/- | શ્રી સૌરાષ્ટ્ર કંસારા સમાજ | અમદાવાદ |
| રૂા. | ૨૫,૦૦૦/- | શ્રી મનુભાઈ વિઠ્ઠલદાસ કોટડિયા પરિવાર | અમદાવાદ |
| રૂા. | ૨૫,૦૦૦/- | શ્રી અતુલભાઈ શંકરલાલ બગ્ગા | અમદાવાદ |
| રૂા. | ૨૫,૦૦૦/- | શ્રી જયેશભાઈ ઘડિયાળી | અમદાવાદ |
| રૂા. | ૨૫,૦૦૦/- | શ્રી રાજેન્દ્ર કાંતિલાલ સોની | અમદાવાદ |
| રૂા. | ૨૧,૦૦૦/- | સ્વ. વેલજીભાઈ નાગજીભાઈ બારમેડા | મુંબઈ |
| રૂા. | ૨૫,૦૦૦/- | સ્વ. શશીકાંત કેશવજી બુધ્ધભટ્ટી | અમદાવાદ |
| રૂા. | ૨૫,૦૦૦/- | સ્વ. મોહનલાલ શિવજી સોનીની સ્મૃતિમાં ઉર્મિલાબેન મોહનલાલ સોની તરફથી | ભચાઉ |
| રૂા. | ૨૫,૦૦૦/- | શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ | ભુજ |
| રૂા. | ૧૫,૦૦૦/- | શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ | અંજાર |
| રૂા. | ૫,૦૦૦/- | શ્રી રમેશભાઈ વેલજી સોની | અમદાવાદ |
| રૂા. | ૫,૦૦૦/- | શ્રી પ્રવીણભાઈ મોહનલાલ સોની | અમદાવાદ |

*આ દુનિયામાં પ્રેમથી મહાન બીજો કોઈ ચમત્કાર નથી. લોખંડના ટુકડામાંથી સોનું બની જાય એ ચમત્કાર છે પણ લોખંડ જેવું કઠોર હૈયું પ્રેમને લીધે મલમલ જેવું મુલાયમ બની જાય એ એના કરતાં મહાન ચમત્કાર છે.*

# સમસ્ત કંસારા સમાજ દ્વારા પરિચય મેળાનું આયોજન

સમસ્ત કંસારા સમાજનો સાતમો પરિચય મેળો આગામી તા. ૦૮-૦૧-૨૦૧૭ના રોજ નવદીપ હોલ, ડી.કે. પટેલ હોલની બાજુમાં, નારાણપુરા ખાતે રાખેલ છે. તા. ૦૪-૦૯-૨૦૧૬ના રોજ અમદાવાદ ખાતે સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ની કારોબારી મિટીંગમાં પરિચય મેળાનું આયોજન સમાજના "મેરેજ બ્યુરો" સાથે મળીને કરવાની ઉદ્‌ઘોષણા સમાજના પ્રમુખ શ્રી બટુકભાઈ કંસારા દ્વારા કરવામાં આવેલ હતી તેમજ પરિચય મેળાના કન્વીનર તરીકે શ્રી હસમુખભાઈ લાલજીભાઈ ખાખી તથા પરિચય પુસ્તિકાના કન્વીનર તરીકે શ્રી અનંતરાય ગોપાલદાસ શેઠની નિમણુંક કરવામાં આવેલ છે.

અત્યાર સુધી આપણે આયોજીત પરિચય મેળાની સફળતાનો આપણને સૌને અનુભવ છે. પરિચય મેળાની શરૂઆત થયા બાદ નીચે મુજબ તેની ઉત્તરોત્તર પ્રગતિ જણાઈ આવે છે.

| | વર્ષ | યુવક | યુવતી | કુલ |
|---|---|---|---|---|
| • ૧લો પરિચય મેળો | ૧૯૯૮ | – | – | ૩૫૦ |
| • ૨જો પરિચય મેળો | ૨૦૦૨ | ૨૧૩ | ૧૪૨ | ૩૫૫ |
| • ૩જો પરિચય મેળો | ૨૦૦૪ | ૩૬૯ | ૧૨૫ | ૫૮૪ |
| • ૪થો પરિચય મેળો | ૨૦૦૭ | ૨૪૪ | ૧૩૬ | ૪૧૦ |
| • ૫મો પરિચય મેળો | ૨૦૧૧ | ૩૩૬ | ૧૬૫ | ૫૦૧ |
| • ૬ઠ્ઠો પરિચય મેળો | ૨૦૧૩ | ૩૬૦ | ૧૪૯ | ૫૦૯ |

આપણી જ્ઞાતિના વડીલો વાલીઓના વિચારોમાં આધુનિકતા આવી છે. અભ્યાસ તથા નોકરી-ધંધા માટે યુવક - યુવતીઓ પોતાના વતનથી દૂર સ્થાયી થાય છે અને સંબંધ બાંધવા માટે યોગ્ય પાત્ર શોધવા સમયનો અભાવ રહે છે. દરેક યુવક - યુવતી પોતાની પસંદગીની, ગમા-અણગમાની રજૂઆત વાલીઓને કરતા થયા છે અને વાલીઓ ગમા-અણગમાની પસંદ પ્રથમ સંતાનોને પૂછતા થયા છે. આ રીતે વાલીઓ તથા યુવક - યુવતીઓને એક વિશાળ પ્લેટફોર્મ પરિચય મેળામાં ઉપલબ્ધ છે. જ્યાં યુવક - યુવતી, વાલીઓ એકબીજાનો પરિચય મેળવી શકે છે.

છેલ્લા અઢી વર્ષથી આપણા સમાજમાં મેરેજ બ્યુરોનું સફળ સંચાલન થાય છે. જેમાં આજ સુધી ૩૫૦ યુવક-યુવતીઓનું રજીસ્ટ્રેશન થયેલ છે. આનંદની વાત છે કે, મેરેજ બ્યુરોમાં રજીસ્ટ્રેશન થયેલ પૈકી આશરે ૮૦ યુવક-યુવતીના સગપણ - લગ્ન થઈ ચૂકેલ છે. જેમાં ૧૮ યુવક-યુવતીના લગ્ન મેરેજ બ્યુરો થકી થયેલ છે.

આ પરિચય મેળામાં મેરેજ બ્યુરોમાં રજીસ્ટ્રેશન થયેલ યુવક - યુવતીને કોઈ રજીસ્ટ્રેશન ફી આપવાની નથી તથા તેમની પાસે ઓનલાઈન ડેટાબેઈઝ ઉપરથી પરિચય મેળામાં મેળાપનું એક પ્લેટફોર્મ બની રહેશે.

***સમસ્ત કંસારા જ્ઞાતિના વડીલો, યુવક-યુવતીઓને અપીલ છે કે :***

૧. તમો એવી માન્યતામાંથી બહાર આવો કે સંબંધ ના બંધાતો હોય તેઓ જ પરિચય મેળામાં આવે છે. પરિચય મેળો એ એવું પ્લેટફોર્મ છે જ્યાં ઓછો સમય, ઓછા ખર્ચથી વિશાળ પસંદગીનો અવકાશ મળી રહે છે.

૨. દરેક કારોબારી સભ્ય પોતાના વિસ્તારમાંથી ઓછામાં ઓછા ત્રણ ફોર્મ ભરાવી મોકલાવે. જેથી આપણો ૬૫૦નો લક્ષ્યાંક સિધ્ધ કરી શકાય.

૩ યુવક-યુવતીને એક નમ્ર સૂચન છે કે, તમારી વિચારધારા, અભ્યાસ, સ્ટેટસ તેમજ આપની પસંદને અનુરૂપ પાત્ર મેળવવા માટે આ પરિચય મેળો એક ઉત્કૃષ્ટ મોકો છે. જેથી વિના વિલંબે આપશ્રીનું રજીસ્ટ્રેશન કરાવી લેવા નમ્ર વિનંતી.

૪. પરિચય મેળાના ફોર્મ કારોબારી સભ્ય પાસેથી અથવા samastkansaramb@gmail.com ઉપર મેઈલ કરી મંગાવી શકો છો.

***સૌજન્ય : "ટાઈમ્સ ઓફ કંસારા સમાજ"***

## OUR INDIA

*Punjab for fighting,*
*Bengal for writing.*

*Tamilnadu for duty,*
*Kashmir for beauty.*

*Rajasthan for history,*
*Maharashtra for victory.*

*Karnataka for silk,*
*Haryana for milk.*

*Gujarat for peace,*
*Kerala for breeze.*

*Himachal Pradesh for apples,*
*Orissa for temples.*

*Madhya Pradesh for tribals,*
*Bihar for minerals.*

*States for Unity,*
*"India" for integrity.*

***Nirav Kalpeshkumar Soni - Mamaymora, Mandvi, Kutch.***

# આપણા પરિવારો – મણકો ૧૪મો

તુલસીદાસ કંસારા

## પરાશર ગોત્રના છત્રાળા

સોળ નુખો અને નવ ગોત્રમાં સમાવિષ્ટ આપણો કારીગરોનો સમાજ સમયના વહેણ સાથે વિસ્તરીને આશરે પંદરથી સત્તર હજારની સંખ્યાએ પહોંચેલ હશે. આપણે ૧૩મા મણકામાં અમદાવાદ સ્થિત સમસ્ત કંસારા સમાજની કારોબારીમાં શ્રી અનિલભાઈ કેશવલાલ છત્રાળાની થયેલ વરણી બાબતની વાત કરી ગયેલ છીએ (સેતુ એપ્રિલ-મે ૨૦૧૬) તેમજ તેમના છત્રાળા પરિવાર વિશે ઉલ્લેખ કરેલ. છત્રાળા પરિવાર વિસે વિશેષ માહિતી હાલમાં જ મારી મુંબઈની મુલાકાત દરમિયાનમાં શ્રી નરોત્તમભાઈ કંસારા (છત્રાળા) અને હરીશભાઈ છત્રાળાને મળેલ, તેમની પાસેથી પ્રાપ્ત થયેલ છે. તે મુજબ આ પરિવારની ૭ પેઢીની માહિતી અહીં પ્રસ્તુત છે.

**પુરૂષોત્તમ**
- **ઠાકરશી**
  - **ગોવિંદજી** **(વંશાવળી નીચે આપેલ છે)**
  - **રામજી**
    - **માવજી**
      - **ગારામ**
        - **હરીશભાઈ (મુંબઈ)**
          - **સંજય (મુંબઈ) અને ઉમેશ (મુંદ્રા)**
        - **જગદીશભાઈ**
        - **દિનેશભાઈ (નાગપુર)**
        - **નવીનભાઈ**
      - **બેચરદાસ - અંજાર (મંજીરાવાળા)**
        - **હરિલાલ**
          - **ઇશ્વરલાલ**

પુરૂષોત્તમના પુત્ર ઠાકરશી અને તેમના બે પુત્રો ગોવિંદજી અને રામજી. ગોવિંદજીના ત્રણ પુત્રોમાં જેરામ, રવજી અને દેવશી. અહીં જે મુંબઈમાં વસવાટ કરતા નરોત્તમભાઈનો ઉલ્લેખ કરેલ છે તે આ રવજીભાઈના પૌત્ર અને પ્રાગજીભાઈ તેમજ વીરૂબેનના પુત્ર થાય. તેમનું મુંબઈમાં નોકરીને કારણે સ્થળાંતર થયું ૧૯૭૩ની સાલમાં. કંસારા બજારની મોચી શેરીમાં તેમની વડિલોપાર્જીત મિલ્કતમાં પોતાનું ઘર. તેમના બાપુજી શ્રી પ્રાગજીભાઈનું સોના-ચાંદીને લગતા કામકાજની દુકાન પણ તે જ શેરીના નાકે હતી. નાની વયે તેમનું અવસાન થયેલ. તેથી નરોત્તમભાઈના બચપણનો સમય તેમના મોસાળ અંજારમાં વીતેલ. શ્રી પ્રાગજીભાઈ એટલે સ્વ. એલ.એમ. પોમલના ખાસ મિત્ર અને તેની યાદગીરીરૂપે તેમનો એકાદ ફોટો નરોત્તમભાઈ પાસે સચવાયેલ છે.

**ગોવિંદજી**

**જેરામભાઈના પાંચ પુત્રો**
(૧) **વિશનજીભાઈ**
(૨) **વેણીલાલ**
(૩) **કેશવલાલ**
(૪) **મણિલાલ**
(૫) **અરવિંદ**

**રવજી**
- **પ્રાગજીભાઈ**
  - **નરોત્તમ**
    - **મિહિર**

**દેવશીભાઈના પાંચ પુત્રો**
(૧) **ભાઈલાલભાઈ**
(૨) **રામભાઈ**
(૩) **શામજીભાઈ**
(૪) **વલ્લભભાઈ**
(૫) **વિનોદભાઈ**

યોગાનુયોગ શ્રી નરોત્તમભાઈએ પણ, પોતાની ઓળખ છત્રાલાને બદલે કંસારા રાખેલ છે. તેઓએ લાલન કોલેજમાં અભ્યાસ કરતાં કરતાં નોકરી શોધી અને એ જ દિશામાં આ લખનારને ફૉલો કરતાં કરતાં જિલ્લા પંચાયતમાં, જમાદાર ફતેહમામદના ખોરડામાં આવેલ ઓફિસમાં, તેમની ટેબલ મળતાં ત્યારના હેડક્લાર્ક શ્રી છોટુભાઈ ઠક્કરે કોમેન્ટ કરી કે 'કન ભધલ કન મલ્યો' એક કંસારાએ રાજીનામું આપ્યું (૧૯૬૬) અને તે જ ટેબલ પર બીજા કંસારા આવ્યા! એમ.એ. સુધીનો અભ્યાસ પૂરો થતાં જ રાષ્ટ્રીય ફર્ટીલાઇઝર કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર નોકરી મળતાં શ્રી નરોત્તમભાઈએ મુંબઈની વાટ પકડી (૧૯૭૩). અને ત્યારથી તે આજ દિવસ સુધી તેઓ ઘાટકોપર મધ્યે સ્થિર થયેલ છે. તેમના લગ્ન ભુજના નાનજીભાઈ મહીચાની પુત્રી ભાવનાબેન સાથે થયેલ. નાનજીભાઈનું પણ કંસારા બજારમાં સોના-ચાંદીનું કામકાજ હતું. તેમના પરિવારમાં એક પુત્ર મિહિર અને પુત્રી આરતી છે. જેઓ બંને સારા હોદ્દા પર પ્રાઈવેટ કંપનીઓમાં નોકરી કરે છે. પુત્ર મિહિરને તેમની કંપની એસેન્ચયુર (ફાઇનાન્સ) તરફથી 'સ્ટાર ઑફ ધી બિઝનેસ'થી નવાજીત કરવામાં આવેલ છે.

મોચી શેરીનો એક છેડો વોરા શેરીમાં પડતો હતો અને નરોત્તમભાઈની આવ-જા લગભગ ત્યાંથી જ. તે સાઠ - સિત્તેરના દશકામાં, બજારમાં ન બેસતા હોય તેમને જ્ઞાતિ-ભાઈઓ ઓળખે નહીં. એક પ્રસંગે તેમને જ્ઞાતિમાં જમવા જવાનું થયું. ખાસ કોઈ ઓળખાણ ન હોવાથી કોઈક સાથે વાતચીત કરવા નજર ફેરવી. તો એક ભાઈ નજદીક આવ્યા અને પૂછ્યું કે તમે વોરાજી છો? આ પળ તેમના માટે ક્ષોભજનક હતી. ત્યારબાદ તો તેમણે જ્ઞાતિભાઈઓ સાથે ઘરોબો કેળવ્યો અને તેમના લગ્ન પણ જ્ઞાતિમાં જ થયા!

ગોવિંદજીના ત્રીજા પુત્ર દેવશીના પાંચ પુત્રોમાં શ્રી શામજીભાઈના સામાજીક કાર્યોથી આપણી જ્ઞાતિ સુપેરે જાણકાર છે. ખાદીનું સફેદ ધોતીયું, ઝભ્ભો અને બંડી અને સફેદ ટોપી એ તેમનો કાયમનો પહેરવેશ. સ્ટેટ ટ્રાન્સપોર્ટની સલાહકાર સમિતિના મુખ્ય સલાહકાર અને તેમની હાજરી વગર મિટીંગ ન થાય. માટે તેમને એસ.ટી.ની નોકરી દરમિયાન અવારનવાર મળવાનું થતું અને જ્યારે મેં એમ.એ.ની પરીક્ષા પસાર કરી પોસ્ટ ગ્રેજ્યુએશનની ડિગ્રી મેળવી ત્યારે આવી ડિગ્રી સમાજમાં પ્રથમ મેળવ્યાનો રેકોર્ડ થયેલ તેવું મને કહેવામાં આવેલ અને તે બદલ મુંબઈના કંસારા મંડળે આપેલ સન્માન અને ચાંદીનો સિક્કો લાવનાર પણ શ્રી શામજીભાઈ જ હતા! આ શામજીભાઈના અન્ય ભાઈઓમાં ભાઈલાલભાઈ, રામભાઈ, વલ્લભભાઈ અને વિનોદભાઈ.

ગોવિંદજીભાઈના ભાઈ રામજીભાઈની પેઢી અંજાર અને મુંબઈ - નાગપુર સુધી વિસ્તરેલ. ૧૯૪૭ના ભાગલા બાદ કરાંચીથી નીકળી કલકત્તા જતા રસ્તામાં શ્રી જગદીશભાઈની તબિયત લથડતાં નાગપુર સ્ટેશને જ ઉતરવાનું થયું અને પછી ત્યાં જ તેઓ તેમના ભાઈઓ સાથે સ્થિર થઈ ગયા. રામજીભાઈના પ્રપૌત્ર શ્રી હરીશભાઈ પાસેથી મળેલ વિગતોને આધારે બનાવેલ આ પરિવારની સાત પેઢીની વંશાવળી ઉપર આપેલ છે. જગદીશભાઈના લગ્ન બુધ્ધભટ્ટી પરિવારમાંતી મુંબઈના બર્માશેલવાળા શ્રી બાબુભાઈની પુત્રી સાથે થયેલ.તેઓ સરકારી નોકરીમાં શિક્ષણખાતામાં સહાયક ડાયરેક્ટરના ઉચ્ચ હોદ્દા પરથી નિવૃત્ત થઈ હાલે મુંબઈમાં વસવાટ કરે છે. થોડા સમય પહેલાં અમદાવાદમાં બર્માશેલવાળા શ્રી બાબુભાઈના ભાઈ શ્રી દલપતભાઈ બુધ્ધભટ્ટીનું અવસાન થયું ત્યારે બેસણામાં શ્રી જગદીશભાઇને પ્રથમ વખત મળવાનું થયેલું. તેમનો મળતાવડો સ્વભાવ અને સમાજના સભ્યોમાં રસ લેવાની રૂચિ તેમને મળતાં જ તમારા પર એક અદ્વિતીય અસર મૂકી જાય છે. તેમના અન્ય બે ભાઈઓ હજુ નાગપુરમાં જ વસવાટ કરે છે.

આ પરિવારના અંજાર સ્થિત બેચરદાસ મંજીરાવાળાના પોત્ર શ્રી ઇશ્વરલાલભાઈ યુકો બેંકમાં મેનેજરના પદે પહોંચેલ અને નિવૃત્તિ બાદ હાલે રાજકોટમાં રૈયા રોડ પર આવેલ અસ્પા એપાર્ટમેન્ટમાં તેમના પરિવારના સભ્યો સાથે રહે છે.

- **હેલ્થ ફર્સ્ટ :**

પરિવાર એટલે કોઈપણ વ્યક્તિ પાછળ રહી ના જાય કે ના તો ભૂલાઈ જાય.

*'Family means no one gets left behind or forgotten.'*

**– *Princess Diana***

*તા.ક. :* આ પરિવારની પૂરક માહિતી આવકાર્ય છે.

***જીવન એક સંગ્રામ છે, રણમેદાન છે. વારંવાર પરાજ્ય પામવા છતાં પણ જે વિજયની આશા સાથે ફરી લડવા ઊભો થાય છે એ જરૂર એક દિવસ વિજય પ્રાપ્ત કરે છે. પણ જે આ રણમેદાનથી ડરીને ઊભો છે એ તો સદા પરાજિત જ છે.***

# જ્યોતિ કળશ છલકે....

હંસરાજ કંસારા

## સેવાલક્ષી 'શિલ્પકાર' જ્યોતિકા સોની

ગત ૨૮મી સપ્ટેમ્બરના રોજ એક અનોખો અનુભવ થયો. પ્રસંગ હતો, અમદાવાદની વિખ્યાત કેન્સર હોસ્પિટલમાં ૩૨ વર્ષ સેવા આપી, નિવૃત્ત થતા જ્યોતિકાબેન સોનીનો વિદાયમાન કાર્યક્રમ.

અમદાવાદના સરકીટ હાઉસ ખાતે આયોજીત આ કાર્યક્રમમાં જ્યોતિકાબેનના સહયોગીઓ, કેન્સર હોસ્પિટલની મેડિકલ તેમજ એડમિનિસ્ટ્રેટીવ ફ્રેટરનીટી અને હોસ્પિટલ મેનેજમેન્ટ કમિટીના ટ્રસ્ટી ઉપસ્થિત રહ્યા હતા.

તદુપરાંત અમદાવાદના કચ્છી સમાજના પ્રમુખ શ્રી અશોક મહેતા, મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળના પ્રમુખ શ્રી જયમીન સોની તેમજ મંત્રીશ્રી અતુલ સોની અને 'જ્ઞાતિસેતુ'ના ચેરમેન શ્રી મનુભાઈ કોટડિયા અને 'સેતુ'ના તંત્રી તરીકે હું (આ લેખનો પ્રસ્તુતકર્તા) વિશેષ આમંત્રિતો તરીકે આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

નોકરીમાંથી નિવૃત્ત થતા કર્મચારીને એના સહયોગીઓ સમૂહમાં વિદાય આપે તે એક સ્વાભાવિક ઘટના ગણાય. પરંતુ આ વિદાય સમારંભ (આપણા સમાજ માટે) થોડો અનોખો કહી શકાય તેવો હતો.

પ્રથમ વાત, આ વિદાય કાર્યક્રમ જ્યોતિકાબેનના કાર્યસ્થળે નહીં પરંતુ એક વિશેષ સ્થળે યોજાયો હતો. બીજી મહત્ત્વની વાત એ હતી કે કાર્યક્રમ અલગ સ્થળે હોવા છતાં કેન્સર હોસ્પિટલની સિનિયર મેડિકલ ફ્રેટરનીટી અને એડમિનિસ્ટ્રેશનના સિનિયર અધિકારીઓ, ખાસ સમય ફાળવી ઉપસ્થિત રહ્યા હતા અને જ્યોતિકાબેનની કાર્યનિષ્ઠા ઉપરાંત એમના ઉમદા વ્યક્તિત્વની લાગણીસભર શબ્દોમાં પ્રશંસા કરી હતી.

આપણા સમાજના સભ્યો, જે આ કાર્યક્રમને સાક્ષીભાવે માણતા હતા, એમના હૈયે હર્ષ છલકાતો હતો. આપણા સમાજની એક મહિલાને મળતું આ સન્માન અને એની પ્રશંસામાં વ્યક્ત થતી લાગણી ખરેખર અનોખી હતી.

કોઈ બાળકની નાની મોટી સિદ્ધિ બદલ એના માતા-પિતાને જેટલો હરખ થાય, તેવો હરખ આપણા સમાજના તત્સમયે ઉપસ્થિત સભ્યોના વદન પર સ્પષ્ટ વરતાતો હતો.

જ્યોતિકાબેન વલ્લભવિદ્યાનગર કલાકેન્દ્રમાંથી 'ફાઇન આર્ટ'નો અભ્યાસ કરી શિલ્પકાર થયા. સને ૧૯૮૪માં અમદાવાદની દેશભરમાં વિખ્યાત કેન્સર હોસ્પિટલમાં, ગુજરાતના એકમાત્ર પ્રોસ્થેટીક વિભાગમાં 'સ્ક્લપ્ચર આર્ટીસ્ટ' તરીકે જોડાયા. કેન્સરના ઘણાં દર્દીઓના કેન્સર મુક્ત થયા પછી એની અસરરૂપે ઘણાં અંગો કાઢી નખાય છે અથવા વિકૃત થઈ જતા હોય છે. તદુપરાંત બીજી પણ એવી અનેક વ્યક્તિઓ હોય છે, જેમના કોઈ વિલગ થયેલા અંગની બદલીમાં કૃત્રિમ અંગ નાખવાના હોય છે. પ્લાસ્ટીક સિલિકોન રબરમાંથી બનતા આવા કૃત્રિમ અંગોને પ્લાસ્ટીક સર્જન આવી વ્યક્તિઓના શરીરમાં પ્રત્યારોપણ કરે છે.

જ્યોતિકાબેનનું કાર્ય આવા અંગો આબેહૂબ બનાવવાનું એટલે કે શિલ્પ કરવાનું કળામય કામ હતું. આ કાર્ય ગહન કળાસુઝ અને માનવ અંગોની સર્વાંગી સમજ માંગી લે છે. જ્યોતિકાબેન જન્મજાત કલાકાર તો હતા જ, અનુભવે એમણે માનવ અંગોની સમજ પણ કેળવી અને પોતાના કાર્યમાં નિપુણ થયા. અને સૌથી મોટી વાત, એમનો ઋજુ સ્વભાવ અને કેન્સરના દર્દીઓ પ્રત્યેની હમદર્દી એમની સેવાલક્ષી વ્યવસાયિક કુશળતાનું સૌથી મહત્ત્વનું પાસું હતું. અને એટલે જ એમના સહયોગીઓમાં એમનું એક આગવું માનભર્યું સ્થાન હતું.

ટૂંકમાં આ વિદાય સમારંભમાં એક નિષ્ઠાવાન કર્મચારીને એમના સહયોગીઓ દ્વારા જે લાગણીસભર સન્માન મળ્યું એ વ્યક્તિ આપણા સમાજની સભ્ય હોતાં - આપણા માટે ખાસ ગૌરવપ્રદ બાબત કહી શકાય.

જ્યોતિકાબેન વિશે બીજી એક ખાસ વાત એ કહેવાની છે કે કચ્છથી સારવાર અર્થે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં આવતા દર્દીઓને નાત-જાત ધર્મના ભેદભાવ વિના નિઃસ્વાર્થભાવે એમનાથી થઈ શકે તેવી બધી મદદ અને માર્ગદર્શન આપવા તેઓ સદૈવ તત્પર રહેતા. આપણા સમાજના અનેક સભ્યોને એમની આ 'સ્વજન ભાવના'નો અનુભવ થયો છે.

જ્યોતિકાબેન કચ્છમાં અબડાસા તાલુકાના તેરા ગામના મૂળ વતની છે. એમના પિતાશ્રી હરીરામભાઈએ ૧૯૫૦માં ઉત્તરસંડા (નડિયાદ તાલુકો)માં સ્થાયી વસવાટ કર્યો. એમના માતુશ્રી સિવિલ હોસ્પિટલમાં પરીચારિકા હતા. એમના સિવિલ હોસ્પિટલના આ સંપર્કે, એમના 'આર્ટ'ને આવા નવતર સેવાકીય વ્યવસાયમાં ઢાળ્યો. એ જ એમના લાગણીશીલ સ્વભાવનું દ્યોતક છે. તેમને એક Service minded sensitive sculptor કહી શકાય. આપણા સમાજને ગૌરવ બક્ષતી આ સેવાભાવી વ્યક્તિની હાલમાં જ શ્રી કચ્છી સમાજ - અમદાવાદે યોગ્ય કદર કરી એમનું બહુમાન કર્યું હતું.

કચ્છી મારૂ કંસારા સોની સમાજ - અમદાવાદમાંથી શ્રી અતુલભાઈ સોનીએ જ્યોતિકાબેનનો ટૂંકમાં પરિચય આપેલ અને એમની સેવાને બિરદાવેલ.

આમંત્રિત મહેમાનોમાં ● રેડિયોથેરાપી વિભાગમાંથી ડૉ. પૂજાબેન પટેલ નંદવાણી ● પેઇન પેલીએટીવ વિભાગમાંથી ડૉ. પ્રીતિબેન શાહ, ડૉ. ઇલાબેન પટેલ. ● ડેન્ટલ વિભાગમાંથી ડૉ. શ્વેતાબેન પાલ. ● ઇ.એસ.આઇ. હોસ્પિટલમાંથી પેથોલોજિસ્ટ પારૂલબેન શાહ. ● એમ.આર.આઈ.માંથી રેડિયોગ્રાફર જિતેન્દ્રભાઈ દવે. ● સીટી સ્કેનમાંથી રેડિયોગ્રાફર ઉષાબેન પંચાલ તેમજ સિવિલ હોસ્પિટલમાંથી મેટ્રન તથા ગુજરાત કેન્સર રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાંથી મેટ્રન અને પચ્ચીસ નર્સીંગ સ્ટાફ તથા ક્લાર્ક ઉપસ્થિત રહ્યા હતા.

## જ્યોતિકાબેનના વિદાય સમારંભમાં ઉપસ્થિત મહાનુભાવો અને તેમના હૃદયસ્પર્શી ઉદ્‌ગારો

★ **ડૉ. કિરણભાઇ કોઠારી, ડેપ્યુટી ડાયરેક્ટર**
*"મારી અને જ્યોતિબેનની સર્વિસની શરૂઆત સાથે જ થઈ. તેમની કામ કરવાની પ્રકૃતિ શાંત રહી."*

★ **ડૉ. ગીતાબેન જોશી, ડેપ્યુટી ડાયરેક્ટર**
*"જ્યોતિ સાથે કામ બાબતે અને કામને પ્રદર્શિત કેવી રીતે કરવું, લખાણ કેવી રીતે કરવું જેથી કરેલું કાર્ય દેખાય."*

★ **શ્રી ક્ષિતિજભાઇ મદનમોહન, સંસ્થાના ટ્રસ્ટી**
*"તેમના ઘરમાં દરબારગઢનો સ્ટફ્ડ સિંહ હતો તેની આબેહૂબ આંખ જ્યોતિકાબેને બનાવેલી, તે યાદ અપાવીને પ્રોસ્થેસીસ વિભાગમાં જ્યોતિકાબેને કરેલ કાર્યથી વાકેફ કર્યા."*

★ **શ્રી નરેન્દ્રસિંહ ચાવડા, એડમિનિસ્ટ્રેટરશ્રી**
*"છેલ્લા ૩૨ વર્ષથી પ્રોસ્થેસીસ વિભાગને સહકાર અને મદદગાર રહ્યા છે."*

★ **ડૉ. હેમેન જાજુ (ડૉ. જે.આર. જાજુના સુપુત્ર), પ્લાસ્ટિક સર્જન**
*"પ્રોસ્થેસીસને લગતું કંઈ પણ કામ તેમના માર્ગદર્શન અને નવું કંઈક પણ સર્જન કાર્ય હોય તેઓની પ્રેરણા રહેતી. એમ.ડી.એસ.ના વિદ્યાર્થીઓને તેઓ મારી પાસે મોકલતા અને તેમને શીખવા માટે કહેતા." વધુમાં તેમણે કહ્યું કે, "આમતૌર પર ડૉક્ટર પાસે શીખવા જતા, પરંતુ એમ.ડી.એસ.ના વિદ્યાર્થીઓ જ્યોતિબેન પાસે શીખવા આવતા."*

★ **ડૉ. દીપકભાઇ રાઠોડ, આર.એમ.ઓ.**
*"જ્યોતિબેનનો ઘણા જ વર્ષોથી પરિચય છે. બધા એમને મળવા આવે. અમારે જ્યોતિબેનને શોધવા હોય તો તેમના જ વિભાગમાં મળે. વધારે કંઈ કહી શકું તેમ નથી."*

★ **ડૉ. ધ્રુતિબેન દેસાઈ, આર.એમ.ઓ.**
*"જ્યોતિબેનના વિભાગમાં બે જ જણાનો સ્ટાફ. એક જ્યોતિબેન, અને બીજા તેમના સરવન્ટ. ક્યારેક કોઈ બાબતે તેમની ફરિયાદ નથી. તે ભલા, તેમનું કામ ભલું. પરંતુ દૂરથી આવતા ગરીબ દર્દીઓ માટે સવારે સાડા આઠે આવી જતા. સાડા આઠથી નવ દરમ્યાન દર્દીને સમજાવી જે તે વિભાગનું ફોર્મ ભરવું, સગાઓને સમજાવવા અને મદદ કરવું.*

★ **શ્રીમતી કોકીલાબેન, સંસ્થાના નર્સિંગ સ્ટાફ વતી**
*"જ્યોતિકાબેન તેમની નિવૃત્તિને પ્રવૃત્તિમય બનાવે અને એમનું સ્વાસ્થ્ય સદાય તંદુરસ્ત રહે.""*

★ **શ્રી અશોક મહેતા, પ્રમુખશ્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
*"સ્વાસ્થ્ય બરાબર હોય તેવા કર્મચારીની ઉંમર જોવાને બદલે એના કાર્યને બિરદાવીને એમની સેવાનો લાભ લેવો જોઈએ."*

★ **શ્રી વિઠ્ઠલભાઈ પરમાર, સમાજ કલ્યાણ ખાતાના નિવૃત્ત સચિવ**
*"જ્યોતિકાબેન નિવૃત્ત સાથે પ્રવૃત્ત બની રહે. સ્વાસ્થ્ય સદાય તંદુરસ્ત રહે. ભગવાનને પ્રાર્થના સાથે નવા જીવનની શુભેચ્છા."*

★ **ફાધર વિજય આનંદ, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ ઓફ લોયલા**
*"ગરીબો પ્રત્યેની કરૂણા, સેવાભાવ સદાય પ્રજ્વલિત રહે તેવી ભગવાનને પ્રાર્થના કરૂં છું."*

**યુવા પ્રતિભા**

# એનિમેશન ફિલ્મ ડિઝાઇનિંગ ક્ષેત્રે આગવી પ્રતિભા : મેહુલ મહીચા - બેંગ્લોર

**હંસરાજ કંસારા**



કળા અને કસબ આપણા સમાજની વિશિષ્ટ વિરાસત છે. ગત પેઢીઓ પાસે આપણા સમાજના અનેક કસબીઓની સોના-ચાંદી અને ત્રાંબા પિત્તળ કાંસા પર કળા કારીગરીની બેનમૂન પકડ હતી. કળા કારીગરી ક્ષેત્રે આપણા સમાજની દેશ વિદેશમાં ખ્યાતિ હતી. આપણા સમાજનો છેલ્લા લગભગ સિત્તેર-એંસી વર્ષનો ઇતિહાસ જોતાં જણાશે કે આજે પણ કળા કારીગરી ક્ષેત્રે, સમયના વહેણ સાથે બદલાતા પરિપ્રેક્ષ્યમાં પણ, આપણા સમાજમાં કળા ક્ષેત્રે આધુનિક, વૈવિધ્યસભર, વિકાસ થયો છે. ચિત્રકળા, શિલ્પકળા અને છબીકળા જેવા પરંપરાગત વિષયો ઉપરાંત આધુનિક ઇલેક્ટ્રોનિક મલ્ટી મીડિયા ક્ષેત્રે પણ આપણા આજના યુવાવર્ગે સારું એવું કાઠું કાઢ્યું છે. દેશ વિદેશમાં નામના મેળવી આપણા સમાજને ગૌરવ પ્રદાન કર્યું છે. આપણી યુવા પેઢીની આવી જ એક પ્રતિભાનો આછેરો પરિચય અત્રે પ્રસ્તુત છે.

આ યુવકનું નામ છે મેહુલ. એના પિતાશ્રી સ્વ. તનસુખ મહીચા પણ ચિત્રકાર હતા. ટેક્ષટાઈલ ડિઝાઈન ક્ષેત્રે એમની દેશ વિદેશમાં ખ્યાતિ હતી. મેહુલ પણ મૂળે ચિત્રકાર છે. અમદાવાદની સી.એન. વિદ્યાલયમાંથી 'ફાઇન આર્ટ'ની ડિગ્રી મેળવી, વિશ્વ વિખ્યાત નેશનલ ડિઝાઇન ઇન્સ્ટિટ્યૂટ - અમદાવાદમાંથી એણે એનિમેશન ફિલ્મ ડિઝાઇન ક્ષેત્રે પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યું છે.

છેલ્લા બાર વર્ષથી મેહુલ આ ક્ષેત્રે કાર્યરત છે. એનિમેશન ફિલ્મ ડિઝાઇનર, કો-ડાયરેક્ટર, ઇલસ્ટ્રેટર અને એનિમેશન ફિલ્મ નિર્માતા તરીકે મેહુલની કારકિર્દીની એક ઝલક જોઈએ.

***મેહુલના એનિમેશન પ્રોજેક્ટ્સમાં :***

★ UNICEF માટેની બે ફિલ્મો (1) Rights of Education, (2) What is an ideal school. ઉપરાંત UNDP માટે 'Dost App' Film Series ની Natural Disaster Management અને Web Series for Sesame India (pre-school education animation) ઉપરાંત Promotional Animation series for Max BUPA નોંધપાત્ર છે.

★ મેહુલના ઇલસ્ટ્રેશન અને ડિઝાઇનિંગ પ્રોજેક્ટ્સમાં યુનિસેફના પ્રકાશનો : 'Convention on the rights of the child', 'Millenium Development Goals' અને 'Safe Motherhood'ના પ્રોજેક્ટ ડાયરેક્ટર સોહિની રોય ચૌધરીના પ્રકાશનોનું ડિઝાઇનિંગ અને ઇલસ્ટ્રેશન વર્ક કર્યું છે.

★ સ્વતંત્ર ડાયરેક્ટર ડિઝાઇનર અને એનીમેટર તરીકે મેહુલે મિડટેક પ્રા.લી. માટે 'ગલ્લી ગલ્લી સીમ સીમ' અને એના ભારતીય વર્ઝન 'સીસેમેસ્ટ્રીટ' અને 'સ્કેટોમી' Children Quiz ફિલ્મો બનાવેલી જે POGO નેટવર્ક પરથી રીલીઝ થઈ હતી.

★ એનીમેશન ફિલ્મ વિઝ્યુઅલાઈઝર અને ડિઝાઈનર તરીકે મેહુલે મલ્ટી મીડિયા - મુંબઈ માટે 'જે બોલે તે જાદુ' એનીમેશન સીરીઝ બનાવેલી જે નિક્લોડીઓન ચેનલ પરથી પ્રસારીત થઈ હતી. એણે 'બોલીવુડ વોલીટન'નો પાઇલોટ એપીસોડ બનાવ્યો છે.

★ મેહુલનું માસ્ટર વર્ક 'Bheeru No.-1' કહી શકાય. આ ફિલ્મને ૨૦૦૨માં UAE માં IBDA'A તરફથી અને IDPA India તરફથી બેસ્ટ એનીમેશન ફિલ્મ એવોર્ડ મળ્યા છે. આ ઉપરાંત, આ ફિલ્મને મોચા ફિલ્મ ક્લબ અને સોની ટેલિ. એન્ટરટેઇનમેન્ટ તરફથી Best Popular Film Award ઉપરાંત Siggarph Singapore તરફથી મેરીટ સર્ટીફિકેટ મળેલ છે. Bheeru No.-1 ને Anima Brussels, Belgium, Frames, ૨૦૦૪ અને 'Bollywood and beyond' film Festival stutgart માટે પસંદગી પામી હતી. ૨૦૦૮ મુંબઈમાં FRAMES 2008 માટે એની ફિલ્મ 'Chhar' પસંદ થઈ હતી.

તદ્દુપરાંત મેહુલે TVS Jupiter, Trane AC, Monster.com, Tata Docomo, Britannia, Khalifa University - UAE, Landmark Shops.com - UAE, Home Centre - UAE, Nokia Mobile, Airtel, LG Havells, Virgin Mobile, Window Live IE-8, Nokia, ENO, MYRINIDA WE CHAT આદિ અનેક એનીમેશન કોમર્શિયલ્સ અને ડિજીટલ પ્રમોશનલ ફિલ્મ્સના ડાયરેક્ટર એનીમેટર તરીકે કામ કર્યું છે.

એનીમેશન ક્ષેત્રે આવી ઝળકતી કારકિર્દી હાંસલ કરનાર મેહુલનો જન્મ ૨૩ જૂન, ૧૯૭૭ના અમદાવાદ મધ્યે થયો હતો. હાલે બેંગ્લોર સ્થાયી થયેલ છે અને એની પત્ની રીતા જે પણ એનીમેશન ફિલ્મ ડાયરેક્ટર અને ડિઝાઈનર કન્સલ્ટન્ટ છે, તેની સાથે મળીને એમની પોતાની ફર્મ ચલાવે છે. (શ્રીમતી રીતાની પણ આ ક્ષેત્રે સફળ કારકિર્દી છે.) ■

**વ્યક્તિ વિશેષ**

# ઉલટા ચિત્રના સીધા કલા સાધક : શ્રી કિશોરભાઈ કટ્ટા

**અતુલ સોની**

*સોનાચાંદીના આભૂષણોની કારીગરી સાથે સંકળાયેલ આપણા સમાજમાં કલા - કસબ રગરગમાં વહે છે. સામાન્ય રીતે ચિત્રકાર કેન્વાસ પર પોતાની કલ્પના ઉતારે છે જ્યારે આપણા સમાજના કસબીઓ ધાતુ જેવા કઠિન માધ્યમ પર પણ પોતાની આગવી કલાસુઝથી અમીટ છાપ ઉપસાવી શકે છે.*

*રાયપુર નિવાસી શ્રી કિશોરભાઈ કટ્ટા આવા જ એક કલાસાધક છે. ચિત્રકલા અને પરંપરાગત કસબને પોતાના વ્યવસાયમાં વણી તેમણે આગવી ઓળખ ઊભી કરેલ છે. કોઈપણ ચિત્રકાર માટે ઉલટું ચિત્ર બનાવવું ખૂબ કઠિન હોય ત્યારે સમગ્ર ચિત્રને ઉલટું રેખાંકિત કરી અને તેને લોહધાતુ પર એન્ગ્રેવિંગ કરવાની કળા એટલે 'ડાઈ મેકિંગ.' દિપાવલી જેવા શુભ પ્રસંગે અથવા કોઈ ખાસ પ્રસંગે સ્મૃતિચિહ્ન સ્વરૂપે પરસ્પર ચાંદીના સિક્કાની ભેટ આપવાનો રિવાજ છે. ચાંદીના સિક્કા પરના ચિત્ર કે લખાણ ડાઈ મશીનમાં બને છે. પરંતુ તે માટે માસ્ટર ડાઈ બનાવવી પડે. જે ભારે કલાસુઝ અને જહેમત માંગી લે છે. શ્રી કિશોરભાઈ કટ્ટા છેલ્લા પાંચ દાયકાથી ડાઈ મેકિંગના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ એક ઉમદા ચિત્રકાર પણ છે. તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલ શ્રી મહાકાળી માતાજીનું ભવ્ય ચિત્રનું વિમોચન રાયપુર સમાજ દ્વારા પરિચય મેળા પ્રસંગે યોજાયેલ સમારોહમાં કરવામાં આવેલ.*

*મૂળ કરાંચી (પાકિસ્તાન)થી સ્થળાંતરીત થયેલ શ્રી કિશોરભાઈ ગોપાલજીભાઈ કટ્ટાના સમગ્ર પરિવારે દેશના ભાગલાનું કષ્ટ વેઠી, સંઘર્ષ કરી છત્તીસગઢની રાજધાની રાયપુરમાં વ્યવસાયિક, સામાજીક તેમજ કલા ક્ષેત્રે અપ્રતિમ સફળતા પ્રાપ્ત કરેલ છે.*


*'જ્ઞાતિસેતુ' સાથેની વાતચીતમાં શ્રી કિશોરભાઈએ તેમની જીવન સફર અને કલા પ્રત્યેના લગાવની દિલ ખોલીને વાત કરેલ. તેના અંશો તેમના શબ્દોમાં જ માણીએ....*

*સવાલ : આપનો પરિવાર કરાંચી - પાકિસ્તાનથી આવેલ છે. તો રાયપુરમાં કઈ રીતે સ્થાયી થયો?*

*જવાબ :* અમારો પરિવાર ૧૯૪૮-૪૯માં ભાગલા સમયે ઘરબાર છોડી પાકિસ્તાનથી આવેલ. શરૂઆતમાં ભુજ અને ત્યારબાદ કેટલોક સમય માટે મુંબઈ રહ્યા પરંતુ મારા મામા રાયપુરમાં હોવાથી અમને રાયપુર રહેવાનું થયું. મારા પિતાજી ગોપાલજીભાઈ કટ્ટા અને અમે સાત ભાઈઓ હતા. ભાગલા સમયે મારી ઉંમર આઠેક વર્ષની હતી. કરાંચીમાં અમારા વડવાઓ દરવાજા પર લાગતા ચાંદીના પતરા બનાવવાના કામમાં હતા.

*સવાલ : ડાઈ બનાવવાના વ્યવસાયની શરૂઆત કેવી રીતે થઈ?*

*જવાબ :* ડાઈ બનાવવાના વ્યવસાય માટે મારા મામા પ્રાણલાલભાઈ પાસેથી માર્ગદર્શન મળ્યું. તેથી આ વ્યવસાય સાથે સંકળાયા. શરૂઆતમાં સાબુના આકાર આપતી ડાઈ બનાવતા. જેનાથી સાબુને વિશિષ્ટ આકાર તથા તેના પર બ્રાન્ડનું નામ છપાતું.






સિક્કા પરના ચિત્ર લખાણ માટેની ડાઈ બનાવવાની કામગીરી વધારે અઘરી! નક્કર લોખંડ - સ્ટીલ પર ઉલટું ચિત્ર દોરી તેને પંચ અને કલમથી ખોદતા જઈ ડાઈ તૈયાર કરવી પડે.

*સવાલ : ઉલટા ચિત્ર બનાવવાની મહારત કેવી રીતે હાંસલ થઈ?*

*જવાબ :* ડાઈ બનાવવા માટે ચિત્ર કે લખાણને ઉલટું જ બનાવવું પડે. સતત પ્રેક્ટીસ અને સાધનાથી જ આ શક્ય બને. મારા વર્ષોના અનુભવ પછી એવી આદત પડી ગઈ કે ખરેખર સીધું ચિત્ર બનાવવા ઈચ્છું તો પણ મારાથી ઉલટું રેખાંકન જ થઈ જાય.

***સવાલ : આપને ચિત્રકલાનો શોખ ક્યારથી થયો?***

*જવાબ :* નાનપણમાં સ્કૂલમાં હતો ત્યારથી જ ચિત્રો બનાવવાનો શોખ હતો. પરંતુ આર્થિક પરિસ્થિતિ અને પારિવારિક જરૂરિયાતના લીધે શોખ કરતાં ધંધામાં જોડાવું વધારે જરૂરી હતું. ડાઇ મેકિંગનું કામ ખૂબ જહેમત અને થકાવી દે તેવું! પણ મારા ચિત્રકળાના શોખના લીધે મને કાર્ય કરવાનો વિશિષ્ટ આનંદ થતો. છેલ્લા પાંચ વર્ષથી કામ છોડ્યું છે. હવે ફરી ચિત્રકલા સાથે જોડાવાની અને ચિત્રો બનાવવાની ઈચ્છા છે. હાલમાં પરિવારમાં મારા સંતાનો ખૂબ સારી રીતે જવાબદારી નિભાવતા થયા છે ત્યારે નિજાનંદ માણવાનો સમય આવ્યો છે એવું લાગે છે.







***સવાલ : ચાંદીના સિક્કા પર કેટલીક વખત વડીલોની સ્મૃતિમાં ફોટા આવતા હોય છે તે કેવી રીતે બને?***

*જવાબ :* આ માટે ડાઈ પર આબેહૂબ ફોટો ઉલટો દોરી એન્ગ્રેવિંગ - ખોદાણ કરવું પડે અને તે વધારે ચોક્સાઈ માંગી લે. અમે આવા ફોટાવાળા સિક્કાની ડાઈ બનાવતા. જ્યારે સિક્કા બને ત્યારે વ્યક્તિ આબેહૂબ ઓળખી જ શકાય તેવા ફોટાજોઈ લોકો ખાસ વખાણ કરતા અને અમને કામ કરવાનો આનંદ અને સંતોષ થતો.

***સવાલ : આપે કલમના શોખને વ્યવસાય સાથે અદ્‌ભુત રીતે સાંકળી લીધો. હવે તમારી નવી પેઢીમાં આ કળા સાથે કોઈ જોડાશે?***

*જવાબ :* મારા ભાઈઓ કે મારા દીકરાઓ આ કલા સાથે સંકળાયેલ નથી. પરંતુ નવી પેઢી એટલે કે મારા ચાર પૌત્ર અને પૌત્રીઓ ચિત્રકલા - ડ્રોઈંગ માટે વિશેષ રૂચિ ધરાવે છે. લાગે છે, તેઓ આ કલાનો વારસો આગળ વધારશે.

***સવાલ : રાયપુર સમાજને આપે જાતે મહાકાલી માતાજીની છબી બનાવી ભેટ આપી. તેની પ્રેરણા કઈ રીતે થઈ?***

*જવાબ :* આમ તો ઘણા વર્ષોથી ચિત્ર દોરવાનું કામ છૂટી ગયેલ. પણ મારો પુત્ર કૌશિક, જે રાયપુર સમાજનો પ્રમુખ છે તે અને બીજા આગેવાનો છેલ્લા બે વર્ષથી આ માટે આગ્રહ કરતા હતા. મને પણ વર્ષો પછી ફરી કલા સાધનામાં જોડાવાનું સૌભાગ્ય મળ્યું અને માતાજીની ઈચ્છાથી કાર્ય પૂર્ણ થયું. અગાઉ મેં ગાંધીજી, નહેરૂ, વિવેકાનંદ તેમજ ઘરના સભ્યોના પોર્ટ્રેઈટ બનાવેલ છે. સ્કૂલમાં હતો ત્યારથી ચિત્ર બનાવવાનો શોખ હતો. એટલે વિવિધ સ્પર્ધામાં ભાગ લેતો. સરકારના નશાબંધી વિભાગ દ્વારા યોજાયેલ પોસ્ટર ડિઝાઈન પ્રતિયોગીતામાં મારા પોસ્ટર પસંદ થતા. દારૂની બોટલમાં વ્યક્તિનું હાડપિંજર હોય તેવું ચિત્ર ઘણા પોસ્ટરમાં જોવા મળે છે. એ સૌપ્રથમ મેં ડિઝાઈન કરી નશાબંધી ખાતાને આપેલ. જેનો પોસ્ટરમાં ખાસ ઉપયોગ થાય છે. મને કાર્યનો સંતોષ છે.

***શ્રી કિશોરભાઈ કટ્ટાનું નિવૃત્તિ જીવન કલા સાધના સાથે સુખરૂપ બની રહે તેવી 'જ્ઞાતિસેતુ' પરિવારની શુભ કામના.***

*જેને કામ કરવું છે એના માટે દરેક પળ એ શુભ પળ છે.*


**પાના નં.-૩૭ ઉપર આપેલ 'સામાન્ય જ્ઞાન'ના જવાબો**

**જવાબો :** (૧) D, (૨) B, (૩) C, (૪) C, (૫) B, (૬) C, (૭) B, (૮) A, (૯) D, (૧૦) A, (૧૧) A, (૧૨) C, (૧૩) A, (૧૪) A, (૧૫) C, (૧૬) D, (૧૭) B, (૧૮) B, (૧૯) B, (૨૦) C, (૨૧) C, (૨૨) B, (૨૩) D, (૨૪) A, (૨૫) B.

**રસાસ્વાદ**

# ગુજરાતી સર્જનાત્મક સાહિત્ય ક્ષેત્રે અનોખું સ્થાન મેળવનાર કચ્છના ભૂમિપુત્ર – હરિન્દ્ર દવે

**જીનલ સોલંકી**



ગુજરાતી સાહિત્યિક ખજાનો આપણી પાસે મબલક છે. સમૃધ્ધ છીએ આપણે એ બાબતમાં... પણ જે રીતે પરિસ્થિતિ દેખાય છે એ જોતાં લાગે કે આ સમૃધ્ધિ બહુ ટકશે નહીં. કેમકે એને જાળવનારો વર્ગ જોવા મળતો નથી. અને એનું એકમાત્ર કારણ છે આપણી માતૃભાષા પ્રત્યેની સુગ...

તમે જુઓ ને... 'મને ગુજરાતી નહીં સમજાય –', 'મારૂં ગુજરાતી તો એટલી હદે ખરાબ છે...' આપણા અંગ્રેજીમય ગુજરાતીઓ આવા વાક્યો બોલીને ગર્વની લાગણી મહેસુસ કરે છે. બાપુજીમાંથી પપ્પા, પપ્પામાંથી ડેડ અને ડેડમાંથી 'પોપ્સ' સુધી પહોંચેલા આપણે... આ પરિવર્તનને વિકાસ માનીએ છીએ. આ હકીકત આપણને ક્યારે સમજાશે...?

મને તો એવો પણ ભાસ થાય છે કે આવનારા સમયમાં નરસિંહ, મીરાં, પ્રેમાનંદ, અખો – આ બધાની રચનાઓ તો દંતકથા બની જશે. ગુણવંત શાહ, હરિન્દ્ર દવે, સુરેશ દલાલ, રમેશ પારેખ – આ બધાને વાંચનારો કોઈ વર્ગ બચશે ખરો? ગુજરાતી જ જ્યાં વાંચતાં નહીં આવડતું હોય તો એ પેઢી આવી વિભૂતિઓને કઈ રીતે પચાવશે? ગુણવંત શાહ તો સ્પષ્ટ કહે છે, 'તમારા બાળકોને સુરેશ દલાલ, રમેશ પારેખ, હરિન્દ્ર દવેની રચનાઓનું ઘેલું લગાડો.' ગુણવંત શાહના 'ટહુકો' પુસ્તકમાં પણ એમણે સ્પષ્ટ લખ્યું જ છે કે, 'માતૃભાષા આપણી આંખ છે અને આંખ વધારે સારૂં જોઈ શકે એ માટે અન્ય ભાષાના શ્રેષ્ઠત્તમ ચશ્માંની મદદ જ લેવાય.' ગુજરાતી સમજી શકનાર વાંચકવર્ગને ગુણવંત શાહનું આ પુસ્તક અચૂક વાંચવાની હું નમ્ર અપીલ કરૂં છું...

આપણા ભૂલકાંઓ સ્ટાઈલમાં 'થેંક્યુ', 'સોરી', 'મેન્શન નોટ', 'વેલકમ' જેવા શબ્દો બોલે તો આપણન સ્માર્ટ લાગે છે... અંગ્રેજી આવડે એ જ સ્માર્ટ...? મને તો એ વ્યાખ્યા જ નથી સમજાતી. સમજણ વગરની સ્માર્ટનેસ કંઈ નિપજાવી ન શકે. આપણા ભૂલકાંઓની વિચારવાની ટેવ છૂટતી જાય છે. વિચારવાની શક્તિ ક્ષીણ થતી જાય છે. આવું બારીક નિરીક્ષણ આપણે કેમ નથી કરતા...??

વિચારવાની શક્તિ જ નહીં હોય તો 'સર્જન' ક્યાંથી નીપજશે? સર્જન ઊંડાણમાંથી પ્રગટે છે 'ઉપરછલ્લા'માંથી નહીં... અને અંગ્રેજી બસ આપણને આ ઉંડાણ સુધી પહોંચવા જ દેતી નથી. અંગ્રેજીનો વિરોધ નથી... વિરોધ માત્ર માતૃભાષાની અવહેલના થાય એનો જ છે... માતૃભાષા પ્રત્યેની આવી સુગ ગુજરાત સિવાય બીજે ક્યાંય નથી. આજથી દસ-બાર વર્ષ પછીની પરિસ્થિતિ વિચારીએ... ગુજરાતી સમજનારા - પચાવનારા વર્ગ કેટલા હશે? મને તો એવું પણ લાગે છે કે આપણું જ મેગેઝીન 'જ્ઞાતિસેતુ' આવનારા દાયકાઓમાં કદાચ અંગ્રેજી વર્ઝનમાં બહાર પાડવું પડે તો નવાઈ નહીં...!

ખેર, આમ તો અહીં હરિન્દ્ર દવેની કવિતાનો રસાસ્વાદ કરાવવાનો છે. પણ જાણે - અજાણે એવી શંકા છે કે દરેક શું આ રસાસ્વાદને માણી શકશે? ખાસ તો યુવા પેઢી...? એટલે આ ગુજરાતી ભાષા અંગેનો ઉભરો ઠલવાઈ જાય છે...

**હરિન્દ્ર દવેની ખૂબ જાણીતી રચના...**

*"પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા,*
*જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ*
*એક તરણું કોળ્યું ને તમે યાદ આવ્યા...*

*ક્યાંક પંખી ટહુક્યું ને તમે યાદ આવ્યા*
*જાણે શ્રાવણનાં આભમાં ઉઘાડ થયો રામ*
*એક તારો ટમક્યો ને તમે યાદ આવ્યા...*

*જરા ગાગર છલકીને તમે યાદ આવ્યા*
*જાણે કાંઠા તોડે છે કોઈ મહેરામણ રામ*
*સહેજ ચાંદની છલકી ને તમે યાદ આવ્યા...*

*કોઈ ઠાલું મલક્યું ને તમે યાદ આવ્યા*
*જાણે કાનુડાનાં મુખમાં બ્રહ્માંડ દીઠું રામ*
*કોઈ આંખે વળગ્યું ને તમે યાદ આવ્યા...*

*કોઈ આંગણ અટક્યું ને તમે યાદ આવ્યા*
*જાણે પગરવની દુનિયામાં શોર થયો રામ*
*એક પગલું ઊપડ્યું ને તમે યાદ આવ્યા..."*

*આપણી પાસે આવો, અમૂલ્ય અદ્દભુત સાહિત્યિક વારસો છે. બસ, એ જળવાઈ રહે... ટકી રહે એવી ઈશ્વર પાસે પ્રાર્થના.*

'પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા…' એ પ્રખ્યાત ગીતના રચયિતા એવા શ્રી હરિન્દ્ર દવેનો જન્મ ૧૯૩૦માં કચ્છના ખંભરા ગામમાં થયો હતો. મુંબઈ યુનિવર્સિટીમાં બી.એ., એમ.એ. સુધીનો અભ્યાસ કરી અનેક સામયિકોના તંત્રીપદે રહ્યા. સાહિત્ય અકાદમી દિલ્હીનો ઍવોર્ડ અને રણજીતરામ સુવર્ણચંદ્રક મેળવનાર શ્રી હરિન્દ્ર દવે ગીતકાર - ગઝલકાર ઉપરાંત નવલકથાકાર અને નિબંધકાર પણ છે. એમના કાવ્યસંગ્રહો, નવલકથાઓ, નાટકો, વિવેચનો, સંપાદનો, અનુવાદો અંગેના અનેક પુસ્તકો ઉપલબ્ધ છે. ગુજરાતી સમજનાર સૌને લાભ લેવો રહ્યો…

હરિન્દ્ર દવેની રચનાઓમાં શબ્દોનો ઘોંઘાટ નથી, શબ્દોનું સંગીત છે. કોઈપણ સર્જન ગુંગળાઈને બહાર આવે એ કોઈના હૃદયને ટચ ન જ કરી શકે… હરિન્દ્ર દવેનું સર્જન ગુંગળાઈને નહીં પણ અંદરથી ઘુંટાઈને બહાર આવે છે. કદાચ એટલે જ હરિન્દ્ર દવેને વાંચવા ગમે છે. એમની 'પાન લીલું જોયું…' જેવી જ અન્ય લોકપ્રિય રચના છે 'ફૂલ કહે ભમરાને… ભમરો વાત વહે ગુંજનમાં; માધવ ક્યાંય નથી મધુવનમાં…' હરિન્દ્ર દવેની રચનાઓમાં પ્રણય - વેદના - ખુમારી ભારોભાર જોવા મળે છે.

આમ તો કોઈપણ કવિતાનું શબ્દો દ્વારા અર્થઘટન કવિતાની મજા મારી નાખે એવું મારૂં માનવું છે. કવિતાને માણવા માટે કવિની અભિવ્યક્તિની સૂક્ષ્મતાને માણવાની દૃષ્ટિ હોવી જોઈએ. તો જ કદાચ રસાસ્વાદમાં તરબોળ થઈ શકાય.

અહીં શબ્દશઃ અર્થ સમજાવવાની મારી ઇચ્છાને રોકીને કેવળ હરિન્દ્ર દવેની રચના મૂકી છે. આ રચના વાંચ્યા પછી હરિન્દ્ર દવેને વાંચવાનો ચસકો લાગે તો પણ બસ ભયો ભયો છે…

*જે પોતાની નજર ધરતી પર રાખે છે એને કદી ઠોકર લાગતી જ નથી. ઠોકર તો એને જ લાગે છે કે જે ધરતીને ભૂલીને આકાશના તારા ગણવા બેસે છે! માથું નીચું રહેવું જ જોઈએ એ જ કુદરતી સ્થિતિ છે. ઈશ્વરના આશીર્વાદ એના પર ઉતરે છે કે જે પોતાનું માથું નમાવીને પ્રણામ કરે છે. ફૂલમાળા એના ગળામાં જ શોભે છે જે ધારણ કરતી વખતે પહેરાવનારા સમક્ષ પોતાનું માથું નીચે નમાવે છે.*

## તેજસ્વી તારલાઓ



**હેમાંશી**
**અતુલભાઈ બુધ્ધભટ્ટી**
**અંજાર**
**ધોરણ-૪ : ૯૬%**



**શ્રુતિ**
**હસમુખભાઈ બારમેડા**
**નલિયા**
**ધોરણ-૮ : ૯૧.૬૬%**




**તુલસી**
**બિરાહીલાલ મૈચા**
**મિરજાપર**
**ધોરણ-૯ : ૬૭.૮%**



**દેવાંગ ભાવેશકુમાર**
**પરમાર - ભુજ**
**S.S.C. :**
**99.07 Percentile**



**રિધ્ધિ**
**બિરાહીલાલ મૈચા**
**મિરજાપર**
**ધોરણ-૧૧ (કોમર્સ) : ૭૦.૩%**



**અદિતિ**
**હરેશ બારમેડા - નલિયા**
**ધોરણ-૧૨ (સાયન્સ) :**
**96.21 Percentile**



**આરતી હેમંતભાઈ**
**બારમેડા**
**નલિયા**
**B.Com. (Sem.-2) : 79.57%**



**દિપાલી**
**હસમુખભાઈ બારમેડા**
**નલિયા**
**B.Com. (Sem.-4) : 81.7%**



**હીરેન**
**હસમુખભાઈ બારમેડા**
**ભુજ**
**C.A. : પાસ**

# જ્યોતિર્લિંગ કેદારનાથ

**પ્રો. રસિકભાઈ મહીચ્છા**

*हिमालये तु केदारं, धुश्मेशं च शिवालये ।*
*एतानि ज्योतिर्लिङ्गानि सायं प्रातः पठेन्नरः ॥*
*सप्तजन्मकृतं पापं स्मरणेन विनश्यति ।*
*एतेशां दर्शनादेव पातकं नैव तिष्ठति ॥*

હિમાલયમાં આવેલા કેદારનાથ અને ઔરંગાબાદમાં આવેલા જ્યોતિર્લિંગ ગૃશ્મેશ્વરનું સવાર અને સાંજે સ્મરણ કરવાથી સાત જન્મના પાપોનો વિનાશ થાય છે.

ભારતમાં આવેલા બાર જ્યોતિર્લિંગમાં કેદારનાથ જ્યોતિર્લિંગની યાત્રા સૌથી વિકટ છે. ઉત્તરાખંડમાં ગઢવાલ વિસ્તારમાં રૂદ્રપ્રયાગ જીલ્લામાં ઋષિકેશથી ૨૨૩ કિ.મી. દૂર ૧૧,૭૫૫ ફૂટની ઊંચાઈએ આવેલું પૌરાણિક કેદારનાથ ગામ મંદાકિની નદીના કાંઠે વસેલું છે. આ મંદાકિની નદી આગળ જતા રૂદ્ર પ્રયાગ પાસે બદ્રીનાથથી આવતી અલકનંદા નદીને મળે છે અને ભાગીરથી બને છે. હરિદ્વાર પાસે ગંગા નામ ધારણ કરે છે. કેદારનાથમાં આવેલું આ શિવાલય હિંદુ ધર્મની અપ્રતિમ આસ્થાના પ્રતીકસમું ભારતવર્ષનું સૌથી પવિત્ર અને પુરાણકાલીન જ્યોતિર્લિંગ છે. આદિ શંકરાચાર્ય અને સ્વામી વિવેકાનંદજી હજારો કિ.મી.ની પગપાળા યાત્રા કરીને અહીં દર્શનાર્થે આવ્યા હતા. સતયુગમાં થઈ ગયેલા પ્રતાપી અને દયાળુ રાજા કેદારે આ મંદિરનું નિર્માણ કર્યું હોવાથી તેનું નામ કેદારનાથ પડ્યું છે. રાજા કેદારને એક પુત્રી હતી જેનું નામ વૃંદા હતું. તે લક્ષ્મીજીનો અવતાર હતી. તેણે વર્ષો સુધી બ્રહ્મચર્ય ધારણ કર્યું હતું અને વૃંદાવનનું સર્જન કર્યું હતું.



જ્યોતિર્લિંગ એટલે જ્યોતિ અથવા પ્રકાશપુંજમાંથી સર્જાયેલું લિંગ. શિવપુરાણની કથા પ્રમાણે એક વખત બ્રહ્મા અને વિષ્ણુ વચ્ચે વિવાદ થયો કે બંનેમાંથી શક્તિશાળી કોણ છે? છેવટે તેઓ ભગવાન શિવ પાસે ગયા. પરંતુ શંકર ભગવાન તો અનંત શક્તિનું સ્વરૂપ છે. તેની પ્રતીતિ કરાવવા તે પ્રકાશ અથવા જ્યોતિના સ્તંભમાં રૂપાંતર થઈ ગયા. ચકાચૌંધ થઈ ગયેલા બ્રહ્મા અને વિષ્ણુ વિચાર કરવા લાગ્યા કે આ દિવ્ય જ્યોતિનો સ્તંભ ક્યાંથી આવે છે? બ્રહ્માજી ઉપરના ભાગમાં ગયા અને વિષ્ણુ ભગવાન નીચેના ભાગે તપાસ કરવા ગયા. પરંતુ તેઓ પ્રકાશ પુંજના સ્રોત અથવા અંતનો તાગ મેળવી ના શક્યા.

ભગવાન શિવની દિવ્ય જ્યોતિ ચોસઠ ભાગમાં લિંગના સ્તંભ સ્વરૂપે વિભાજીત થઈ ગઈ. છેવટે અંતિમ ૧૨ સ્વરૂપ લિંગ આકારે પ્રસ્થાપિત થયા. તેથી તેઓ દ્વાદશ જ્યોતિર્લિંગ કહેવાયા. જેઓ ગુજરાતમાં દ્વારકા પાસે સોમનાથ અને નાગેશ્વર એમ બે જ્યોતિર્લિંગ છે. મધ્ય પ્રદેશમાં બે જ્યોતિર્લિંગ ઓમકારેશ્વર અને મહાકાલેશ્વર છે. મહારાષ્ટ્રમાં પુના પાસે ભીમાશંકર, ઔરંગાબાદ - ઈલોરા પાસે ગૃશ્નેશ્વર અને નાસીક પાસે ત્ર્યંબકેશ્વર એમ ત્રણ જ્યોતિર્લિંગ છે. તામિલનાડુમાં રામેશ્વર, ઝારખંડમાં દેવઘર પાસે વૈદ્યનાથ, વારાણસી (ઉત્તર પ્રદેશ)માં કાશી વિશ્વનાથ અને આંધ્ર પ્રદેશમાં શ્રી શૈલમ પાસે મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગ છે. ઉત્તરાખંડમાં કેદારનાથ જ્યોતિર્લિંગ આવેલા છે.

કેદારનાથ સંદર્ભે બીજી એક એવી કથા છે કે મહાભારતના યુધ્ધ પછી પાંડવોને પોતાના ભાઈઓને મારી નાખવા બદલ ખૂબ પશ્ચાતાપ થવા લાગ્યો. તેતી ભગવાન શિવનું શરણ શોધવા ગુપ્ત કાશી તરફ યાત્રાએ નીકળી ગયા. ભગવાન શંકર તો કૈલાસમાં હતા. તેથી તેઓ કૈલાસ પર્વત તરફ જવા લાગ્યા. પરંતુ શંકર ભગવાન પાંડવોને મળવા નહોતા ઈચ્છતા તેથી પાડાનું સ્વરૂપ ધારણ કરી કેદારનાથ પાસે સંતાઈ ગયા. જ્યારે ભીમે અદ્વિતીય લાગતા પાડાને પકડવાનો પ્રયત્ન કર્યો ત્યારે તે જમીનમાં ગરકાવ થઈ ગયો. આ પાડાના વિવિધ અંગો પરથી પાંચ કેદાર થયા. પાડાની ખુંધ હતી ત્યાં કેદારનાથ, પગ હતા ત્યાં તુંગનાથ, પેટ હતું ત્યાં મધ્ય મહેશ્વર, મુખ હતું ત્યાં રૂદ્રનાથ અને પૂંછ હતી ત્યાં કલ્પેશ્વર થયા. આ પાંચ કેદારના મંદિરો અહીં આવેલા છે. કેદારનાથ મંદિરના ગર્ભગૃહમાં જ્યોતિર્લિંગ આવેલું છે. તે ઉપરાંત પાંડવો અને દ્રૌપદીની મૂર્તિઓ પણ છે. મંદિરની પાછળ આદિશંકરાચાર્યની સમાધિ પણ છે.

ભગવાન શંકરની કૃપાથી બારેય જ્યોતિર્લિંગના દર્શન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. અન્ય શિવ મંદિરની સરખામણીમાં જ્યોતિર્લિંગની ભવ્યતા અને દિવ્યતા કંઈક અનન્ય અને અદ્વિતીય છે. બાર જ્યોતિર્લિંગની યાત્રા કરવાથી આધ્યાત્મિક સંતોષની અનુભૂતિ થાય છે.

હિમાલયમાં આવેલા ચાર ધામ ગંગોત્રી, યમુનોત્રી, કેદારનાથ અને બદ્રીનાથની યાત્રાનું મહાત્મ્ય ઘણું છે. આ ચારેય ધામ મે થી ઓક્ટોબર દરમ્યાન ખુલ્લા થાય અને ત્યારે જ ત્યાં જઈ શકાય છે. શિયાળાની સીઝનમાં ઠંડીને કારણે બંધ હોય છે. આ ચારેય ધામ જવા માટે પહેલા હરિદ્વાર અથવા મસુરી જવું પડે છે. ત્યાંથી બસ અથવા ટેક્ષી મળે છે. ત્રણ ચાર દિવસના પેકેજવાળી ટૂરિસ્ટ બસ પણ જતી હોય છે. તેમાં જવું અનુકૂળ છે કારણકે પછી આપણે દર વખતે અલગ અલગ ટ્રાન્સપોર્ટ શોધવાની ઝંઝટ કરવાની રહેતી નથી. કેદારનાથના પહાડી પરનું ટ્રેકિંગ ગૌરીકુંડથી શરૂ થાય છે અને ગૌરીકુંડ સુધી બસો જાય છે. પરંતુ ૨૦૧૩ના વિનાશક પૂર પછી રસ્તાઓ ધોવાઈ ગયા છે અને હવે સોનપ્રયાગ સુધી બસો જાય છે. હેલિકોપ્ટર સર્વિસ સોનપ્રયાગથી મળે છે. ચારધામની યાત્રા માટે આપણી શારીરિક ક્ષમતા હોવી જરૂરી છે. હૃદયરોગવાળાઓ ડોક્ટરની સલાહ લઈને જવું હિતાવહ છે.

કેદારનાથજીના દર્શને જવું હોય તો હરિદ્વાર રેલવે સ્ટેશનથી દરરોજ સવારે GMOA ગઢવાલ મંડળ ઑનર્સ એસોસિએશનની બસો સોનપ્રયાગ જવાની બસો મળે છે. અગાઉથી રીઝર્વેશન પણ કરાવી શકાય છે. હરદ્વારથી સોનપ્રયાગ ૨૪૩ કિ.મી. થાય અને આખા દિવસની મુસાફરી કરવાની હોય છે. જો રસ્તામાં લેન્ડ સ્લાઇડ થઇ હોય તો કેટલો સમય રસ્તામાં લાગે તે નક્કી ન હોય. એટલે સાથે નાસ્તા અને જમવા જેવું અવશ્ય રાખવું. બસની મુસાફરી પહાડો પર આવતા સતત વળાંકો દરમ્યાન વોમિટ અને ચક્કર પણ ઘણા લોકોને આવે છે. એટલે તેના માટે ઍવોમાઇન જેવી ગોળીઓ સાથે રાખવી જરૂરી છે. મુસાફરી દરમ્યાન હળવો નાસ્તો અને ચા-પાણી લેવા. ભરપેટ ખાવું ઇચ્છનીય નથી. ઘણાને માઉન્ટેન સીકનેસ થવાનો સંભવ છે. તેથી પેરાસીટામોલની ગોળીઓ પણ સાથે રાખવી.

અમે જ્યારે કેદારનાથ ગયા હતા ત્યારે અમારી બસ છેક ગૌરીકુંડ સુધી જતી હતી પરંતુ હવે મોટેભાગે સોનપ્રયાગ ઉતારે છે. ત્યાંથી ગૌરીકુંડ પાંચ કિ.મી. થાય છે અને તેના માટે રીક્ષાઓ અને જીપો મળી જાય છે. ગૌરીકુંડમાં ઘણા ગેસ્ટ હાઉસ, હોટેલો અને અન્ય સગવડો મળી જાય છે. અહીં સવારે વહેલા ઉઠીને ગરમ પાણીના કુંડમાં સ્નાન કરવાથી આગલા દિવસની મુસાફરીનો થાક ઉતરી જાય છે.

બને ત્યાં સુધી કેદારનાથનો ૧૪ કિ.મી.નો ટ્રેક સવારે વહેલા ચા-નાસ્તો કરીને શરૂ કરી દેવો. જેથી આપણે આરામથી ચાલી શકીએ. ગ્રુપમાં હોઈએ તો આપણને ખબર પણ ના પડે અને રસ્તો કપાઈ જાય છે. જો બિલકુલ ચાલી ના શકાય તો પછી પોની કરી લેવું. ઘોડાવાળા ૧૫૦૦થી ૨૦૦૦ રૂપિયા આવવા જવાના ચાર્જ કરે છે. જો ગ્રુપમાં ત્રણ-ચાર ઘોડા કરવા હોય તો બાર્ગેનિંગ અવશ્ય કરવું. ટ્રેક દરમ્યાન સાથે બિસ્કીટ્સ અને પાણીની બોટલ રાખવી જરૂરી. રસ્તામાં નાના નાના ઢાબા અને ચાની હોટેલો આવતી હોય છે. ત્યાં થાક પણ ઉતારી શકાય અને ચા-કોફી પી શકાય. આપણા થેલા, રકશેક અન્ય સામાન ઉપાડવા મજૂર કે પીઠું પણ મળે છે. વૃધ્ધો અને બીમાર વ્યક્તિઓ માટે પાલખીઓ પણ મળે છે. તેઓ ૩૦૦૦થી ૪૦૦૦ રૂપિયા લે છે.

સોનપ્રયાગ, ફાટાથી વિવિધ કંપનીઓની પ્રાઇવેટ હેલિકોપ્ટર સર્વિસ પણ મળે છે. ફાટા - કેદારનાથ - ફાટા રીટર્ન ટિકીટના હાલ રૂા. ૭,૦૦૦/- ભાડું છે. દર્શન માટે દોઢેક કલાકનો સમય મળે છે. કેદારનાથમાં રાત્રિ રોકાણ માટેની પણ અલગ હેલિકોપ્ટર સર્વિસ છે.

ગૌરીકુંડથી અમે સાતેક વાગે ઘોડાથી કેદારનાથની યાત્રા શરૂ કરી હતી. ઊંચી નીચી પથરાળ પહાડી જમીન પર ઘોડો ચાલતો હોય ત્યારે ખૂબ બીક લાગે. અલબત્ત ઘોડાવાળો ઘોડાની રસ્સી પકડીને આપણી સાથે સાથે ચાલતો હતો. સાંકડી જગ્યાએ ઘણા બધા ઘોડાની ગીર્દી પણ થઈ જતી હતી. વચ્ચે આવતી હોટેલમાં અમે ચા પીને થાક ઉતાર્યો હતો. અમે લગભગ સાડા બારથી એકાદ વાગે કેદારનાથ પહોંચી ગયા હતા. ત્યાં વરસાદ ધોધમાર ચાલુ થઈ ગયો. એટલે પ્લાસ્ટિકનો રેઇનકોટ પહેરી લીધો હતો.

ઠંડી ખૂબ હતી. અંધારૂં થઈ ગયું હતું. વાતાવરણ ગમગીન લાગતું હતું. ભીના કપડામાં અને ધ્રુજતા હતા. ઉબડ ખાબડ જમીન પર રસ્તાઓમાં વરસાદી ઝરણાઓ વહેતા હતા. કેદારનાથના દર્શન કરીને અમે લગભગ ત્રણેક વાગે પાછા આવવા નીકળ્યા. રસ્તામાં વરસાદ ચાલુ હતો. ઘોડાઓ અમને કઈ દિશામાં લઈ જતા હતા તેનો કંઈ ખ્યાલ આવતો ન હતો. પરંતુ નીચે ગૌરીકુંડ ગામ દેખાવા લાગ્યું એટલે મનમાં ધરપત થઈ. લગભગ સાડા છ વાગે ગૌરીકુંડ આવી ગયા. ઘોડા પર બેસીને શરીર આખું ખખડી ગયું હતું અને થાક પણ ખૂબ લાગ્યો હતો.

ત્યારબાદ અમે રાત્રિ ભોજન લઈ હોટેલમાં આરામ કર્યો. સવારે અમે પરત હરિદ્વાર જવા નીકળી ગયા. ■

# સુખી પરિવાર

ભાવિ બારમેડા - રાયપુર

આજના રોજ બનતા અને તૂટતા સંબંધો વિશે થોડુંક લખું છે. કંઈક જોયું અને જાણ્યું છે, કંઈક દુનિયાથી સમજીને લખ્યું છે – આપણી મનોદશા વિશે. જે એમ સમજે છે કે હું વિચારું તેમજ બનવું જોઈએ, બીજાએ વર્તવું જોઈએ તો શું એ ખરૂ? શું તમે બીજા પ્રમાણે વર્તન કરી શકવા સમર્થ છો ખરા?

એક સુખી પરિવાર કેવો હોવો જોઈએ? તે પરિવાર અગર સુખી થવા ઇચ્છે છે તો તેં કંઈ મુખ્ય બાબત છે જે તેઓના સુખનું મુળભૂત તત્ત્વ બની શકે? તે છે - Flexibility. આજની દુનિયાનો વ્યક્તિ ફક્ત આ યુગમાં જન્મ્યો છે એટલે જ ખૂબ પરેશાન છે.

મારી શાળાના અંગ્રેજીના બારમા ધોરણના પાઠ્ય પુસ્તકમાં એક ખૂબ સુંદર કવિતા છે "Five ways to kill a man." જેમાં કવિ કટાક્ષ કરે છે કે લોકોએ માનવજાતનું નિકંદન કાઢવાના કેટલા રસ્તા શોધ્યા છે. તેમના અનુસાર પહેલો રસ્તો ઇસુને જે રીતે લોકોએ માર્યા હતા કારણકે તેઓ દયા અને કરૂણા શીખવતા હતા. ઇસુ દુનિયા માટે દયા અને કરૂણાનો સંદેશ છોડી ગયા. પણ તેમને Crusify કર્યા ગયા. આ પહેલો રસ્તો હતો. આમ તો ઘણા યુધ્ધો, એ પહેલા પણ થયા હતા. હવે મનુષ્યે નવા રસ્તા શોધ્યા છે પોતાનું નિકંદન કાઢવાના! તેમાં નવા શસ્ત્રોની ખોજ જેમ કે વિશ્વયુધ્ધમાં ગેસના ગોળા ફેંકીને, શ્વાસ રૂંધાવીને મારવા, પછી ન્યુક્લિયર બોંબથી પૂરા શહેરને એક સાથે ફક્ત થોડી પળોમાં નેસ્તોનાબૂદ કરી નાખવું. આ બધા કારગર રસ્તાઓ છે માનવે માનવનું નિકંદન કાઢવાના. પણ જ્યારે કવિતાનો અંત આવે છે ત્યારે કવિ કહે છે કે સૌથી ખરાબ રસ્તો વ્યક્તિને મારવાનો હોય અને રીબાવીને મારવી હોય, રોજ રોજ થોડો થોડો રીબાવીને મારવો હોય તો તેને ૨૧મી સદીમાં મૂકી દો. પળ પળ જીવવું અને જીવવા માટેનો સંઘર્ષ તેને આપોઆપ પળ પળ મોત તરફ ધકેલશે. ન એ જીવશે, ન એ મરશે, ફક્ત રીબાશે.

૨૧મી સદીનો માણસ જીવતો નથી, જીવવા દેતો નથી. ૨૧મી સદીનો વ્યક્તિ વિચારે છે કે ફક્ત હું જીવું ને મારી આજુબાજુ અગર કદાચ કોઈ મુશ્કેલી સર્જાય તો ન હું શાંતિથી બેસું, ન કોઈને બેસવા દઉં. શું આ વાત સાચી નથી, આપણે જીવતા નથી! અને જીવવા દેતા નથી. આપણે સૌ વિચારીએ છીએ કે આપણી પાસે રીમોટ કન્ટ્રોલ છે, પૂરી દુનિયાને ચલાવવાનું. દુનિયાનો દરેક વ્યક્તિ આપણી સોચ, વિચાર અને બુધ્ધિપૂર્વક જ વર્તણુંક કરવો જોઈએ. તો તે ખરો, નહીં તો તે પૂર્ણપણે ખોટો! પણ આપણને આ માપવાનું યંત્ર આપ્યું કોણે? એ કઈ સત્તા છે કે જે આપણને કહી ચૂકી છે કે જે આપણે વિચારીએ છીએ તે જ બધા વિચારે! ને જે આપણા વિચાર છે, તેની સત્યતાના પારખા શા છે? અગર આપણી પાસે જવાબ નથી, તો "Live and Let Live."

દુનિયામાં ફરિયાદીનો તો પાર નથી, પણ ઘણીવાર "જવા દે" કરીને આંખ આડા કાન કરી, આગળ વધવાના અભિગમની જરૂરિયાત છે. કારણ,

*"ફરિયાદ સામાન્ય છે, સૌ પાસે મળશે.*
*સંતોષ અસામાન્ય છે, સુખી પાસે જડશે."*

ફરિયાદી હંમેશા દુઃખી રહેશે, ખોદણી કરનાર, બીજાના વાંક જોનાર, ફક્ત બીજાની જિંદગીમાં ઝેર ઘોળશે અને પોતે પણ ખુશ નહીં રહે. આ બધું કરવાનું ફક્ત એક કારણ એ છે કે તેની પાસે કામ નથી તો મગજને શેતાનનું ઘર ન બનવા દઈએ. અને કોઈકને કોઈક કામમાં મન લગાવીએ તો મન કદાચ નકારાત્મક બાબતો તરફ વળશે જ નહીં.

એક સ્નેહભર્યું સંબોધન, એક લાગણીથી સભર વાક્ય, પ્રેમપૂર્વકના કરેલા વખાણ તમારી જીંદગીમાં ચમત્કાર સર્જશે. બીજાની જીંદગીમાં ખામી ન જોવી, બીજાની જીંદગીને પોતાના પ્રભાવમાં કચડવા કરતાં આપણી જીંદગીને સરળતાથી જીવી લઈએ, ચલાવી લઈએ તો જ ઘણું ઘણું.

*રે હું તો ચાલ્યો લોકોને શીખવાડવા,*
*તું તો ગાંડો ને હું તો ડાહ્યો બનવા*
*પણ, બની ગયો દોઢ ડાહ્યો હું તો*
*ને બનાવ્યા દોઢ ગાંડા મેં તો*
*છોડો છોડો આ ડાહ્યા બનાવ રમતો*
*રમતો તો બાળકો રમતા,*
*જીંદગી મોટાઓ જીવતા,*
*તો કેમ નહીં, મોટું મન કરીએ!*
*કેમ નહીં મનમાં સહુ વસીએ,*
*કેમ નહીં મોજમાં સહુ રહીએ,*
*કેમ નહીં મોજમાં સહુને રાખીએ?*
*કેમ મારૂં જ બોલ્યું થાય!*
*તો શું થઈ ગયું,*
*અગર તારૂં બોલ્યું ય ચલાવાય.*
*ચાલો સત્યાગ્રહ આમાંય કરીએ,*
*વિરોધ કરીએ પણ સહન કરીને,*
*અંતરાત્માને ઝંઝોળી દઈને કરીએ*
*કોઈના આત્માને રીબાવીને ન કરીએ*
*ચાલો, માનવીને ડાહ્યો બનાવવાનો*
*સત્યાગ્રહ કરીએ....*

# થોડુંક જતું કરવાની ભાવના સાથે સંબંધ જોડનારને દોષ ન આપો

મહેશકુમાર તુલસીદાસ છત્રાળા - અંજાર

આપ સૌ જાણો છો આજે સંબંધ કરવો ખૂબ જ કઠિન છે. સંબંધ બંધાય કે તરત તૂટવાની બીક લાગે. સંબંધ કરીએ તો તકલીફ અને ન કરીએ તોય તકલીફ! સંબંધ બાંધવા માટે વચ્ચેની વ્યક્તિની જરૂર પડે. આપણે જેમને ક્યારેય જોયા ન હોય તેવી વ્યક્તિની ઓળખ સંબંધ કરાવનાર કરાવી આપે અને થોડી ખાતરી આપે. જેથી સંબંધની બાબતમાં આપણી ચિંતા હળવી થાય અને આપણે સંબંધ બાંધીએ. પણ ક્યારેક તકલીફ થાય તો?

બંને પક્ષનું હિત સમજી, વચ્ચેની વ્યક્તિ સંબંધ કરાવે છે. દીકરી પરણીને સાસરે જાય છે. તેને જીવનભર ત્યાં રહેવાનું છે. ક્યારેક ને ક્યારેક કોઈ બાબતને લઈને દીકરીને દુ:ખ થવાનું જ છે. કેમકે કોઈ માણસ પરિપૂર્ણ નથી. ત્યાં પારકાને પોતાના કરવાના છે. જ્યારે દીકરી દુ:ખની વાત માવતરે કરે છે ત્યારે વચ્ચેની વ્યક્તિને મુશ્કેલી થાય છે. બંને પક્ષના લોકો તેને મહેણા મારે છે. તમે અમારી દીકરીની જીંદગી બગાડી, તમે અમારા દીકરાનું ભવિષ્ય ખરાબ કર્યું. આને કહેવાય, ભલાઈના ભાલા વાગવા!

સંબંધ જોડનારને એવી મુશ્કેલી થાય છે કે કોઈ પક્ષને તે કંઈ પણ કહી શકતી નથી. તે વ્યક્તિ બંને પક્ષની નજરમાં ખરાબ થઈ જાય છે. અમુક એવા તીખા માણસો છે જે સંબંધ જોડાવનાર સાથે વ્યવહાર કાઢી નાખે છે. તેમના ઘેર જતા પણ નથી. વધારામાં ચારે તરફ તેની નિંદા થાય છે. અરે! તમારી દીકરી કે દીકરો જો સંબંધ જોડનાર સંબંધ ન કરાવત તો તમે શું જીંદગીભર તમારા સંતાનને કુંવારા બેસાડત? ના. સમય પ્રમાણે સંબંધ કરાવવા જ પડે. તમે એટલા બધા હોંશિયાર કે તમે જેટલા સંબંધ બાંધો તેમાં મુશ્કેલી ન જ આવે. આવું શક્ય નથી. દુનિયામાં કોઈ માણસ પરિપૂર્ણ છે જ નહીં. કામ કરે તેની ભૂલ થાય.

મનને જરા શાંત કરીને વિચારીએ. જો સંબંધ કરાવનાર સંબંધ કરાવશે જ નહીં તો? બધાને મુશ્કેલી થવાની છે. કેમકે સેતુ વગર સંપર્ક શક્ય નથી. સંબંધ કરાવનાર પાત્ર બતાવે, પણ નિર્ણયશક્તિ માતા-પિતાની અને ઘરના સભ્યોની હોય છે. આપણે તો બુધ્ધિશાળી માણસ છીએ. બધું જોઈ વિચારીને કરીએ પછી કોઈ પણ મુશ્કેલી થાય તો? દોષ સંબંધ કરાવનારનો નહીં, આપણા નસીબનો! બજારમાંથી આપણે માત્ર રૂા. ૧૦૦/-ની વસ્તુ ખરીદ કરીએ તો કેટલું વિચારીએ, કેટલું નિરીક્ષણ કરીએ, ભાવતાલ કરીએ પછી જ ખરીદીએ. તો જીંદગીભરના સંબંધો વણવિચાર્યે તો ન જ કરીએ.

સંબંધ જોડનાર શું કરે? કોઈનું મન જાણી શકાતું નથી. ચોરના મસ્તક પર લખેલું નથી કે આ ચોર છે. લગ્ન પછી જે પરિસ્થિતિ તે નિભાવવાની હોય છે. સંબંધ ભગવાન બાંધે છે, કોઈનો પણ દોષ હોતો નથી. તમારા સંતાનના ભાગ્યમાં જે પાત્ર લખેલું હતું તે મળ્યું, તેને નિભાવે જ છૂટકો.

ટૂંકમાં, સંબંધ બાંધવા માટે જોડનારને સાથે રાખો. તેને દોષ ન આપો. સૌની ચિંતા હળવી થાય, દીકરા-દીકરી સમયસર પરણી જાય. સમાજનો વિકાસ થાય. થોડુંક જતું કરવાથી જો ઘણું બધું મળતું હોય તો મેળવી લેવું. સમય જતો ન કરવો. ઘણા પિતા છોકરી જોવા માટે પોતે જતા નથી અન્યને મોકલે છે. પોતે નાનપ અનુભવે છે. આપણું કામ હોય તો આપણે જાતે જ જવું જોઈએ. જ્ઞાતિજન - જ્ઞાતિજનના ઘેર જશે તો શું વાંધો? પરસ્પર ઓળખાણ થવાની, નવું જાણવા મળશે. થોડો અહંકારનો ત્યાગ કરો.

સમાજની પરિસ્થિતિ જોઈને થોડું લખવાનું મન થયું. તેથી કોઈને દુ:ખ લાગે તો ક્ષમા કરશો. જો આપને આ લેખ પસંદ પડે તો એક ફોન કરશો. જેથી મને એમ થાય કે મારો લેખ વંચાયો.

*મો. ૯૯૨૫૩ ૧૭૬૦૮*

## *FRIENDSHIP AND RELATIONSHIP*

*RELATIONS OF FRIENDSHIP AND LOVE,*
*ARE AS DELICATE AS THE WINGS OF DOVE,*
*THEY ARE BASED ON TRUST*
*AND TO ACHIEVE SUCCESS IN THEM,*
*BEING FAITHFUL IS A MUST.*
*RICHES CANNOT BUY THEM*
*NOR ADVERSITY CAN BREAK THEM*
*THEIR RELATION IS LIKE THAT OF*
*HEART AND SOUL*
*AND IS RESPECTED BY ALL.*
*FRIENDSHIP IS AN OCEAN OF LIKING*
*WHILE LOVE IS AN OCEAN OF EMOTIONS*
*BY CHANCE OR LUCK WE GET OUR RELATIVES*
*BUT BY CHOOSING FRIENDS AND LOVERS*
*WE GET OUR LIFE MATES.*

*AROHI KOTADIA - AHMEDABAD*

*એની થરકતી પાંપણોમાં*
*રીસામણાં અટવાયા હતાં,*
*પણ જોયું હૃદયના તાગ થકી તો*
*શમણાં પડેલા જોયા હતા.*

*– નીલેશ અંતાણી*

# કરવું હોય તો કામ કર, પંચાત શાને....

વિવેક બી. સોની - મોથાળા

દરેક મનુષ્ય તેના સ્વભાવને લીધે બીજા મનુષ્યથી અલગ પડે છે. દરેક માનવીના સ્વભાવ જુદા જુદા હોય છે. કેટલાક લોકો એવા હોય છે કે પોતાના જ કામમાં રચ્યાપચ્યા રહે છે. જ્યારે કેટલાક લોકો એવા હોય છે કે પોતાનું કામકાજ છોડી બીજાના અંગત કામકાજની પંચાયત કરવા લાગે છે.

આ પંચાત શા માટે?

ક્યારેક આવો પ્રશ્ન ઉદ્‌ભવે છે. ત્યારે તેનો એક જ જવાબ મળે છે 'સ્વભાવ.' હા, આ સાચું છે. દરેક માનવી તેના સ્વભાવને કારણે કાર્ય કરતો હોય છે. કેટલાક લોકોને બીજાની પંચાત કરવાની ખૂબ જ ઇચ્છા હોય છે. તે માનવી બીજાની પંચાત કરવાનો એક પણ મોકો છોડતો નથી. આવા લોકો પોતાનું અંગત કામકાજ છોડીને પણ બીજાની પંચાત કરે છે.

વર્તમાન સમયમાં પણ આપણને એવા કેટલાક લોકો જોવા મળે છે જે તેના સ્વભાવને કારણે બીજા લોકોની પંચાત કરે છે. આ પંચાત કરવાથી તે વ્યક્તિને એક જ મોટું નુકસાન થાય છે, જે છે સમયનું. જે કિંમતી સમય તે બીજા લોકોની પંચાત કરવામાં વ્યર્થ કરી દે છે, જે વ્યક્તિની આપણે પંચાત કરીએ છીએ તે વ્યક્તિને આ બાબતથી કોઈ પણ જાતનું નુકસાન થતું નથી.

કેટલીક વ્યક્તિઓ એવી હોય છે કે પંચાત કરવી એ તેની આદત બની ગઈ હોય છે. બીજા લોકોની પંચાત કરવી, એ આપણી અંદર રહેલું સૌથી મોટું દૂષણ છે. જે તેને ક્યારેય પ્રગતિ કરવા દેતું નથી. તેનું સંપૂર્ણ જીવન બીજા લોકોની પંચાત કરવામાં જ વીતી જાય છે.

માનવીનો સ્વભાવ તેને લોકોની પંચાત કરવામાં મજબૂર કરે છે. જો આવા લોકો પોતાના સ્વભાવમાં સ્થિરતા મેળવી લે તો તે વ્યક્તિ જીવનમાં ક્યારેય પાછું વાળીને નહીં જુએ. તે વ્યક્તિ જીવનમાં સતત પ્રગતિના પંથે ચાલતો રહેશે.

*મો. ૭૬૦૦૮ ૦૨૯૯૩*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદે ઉજવ્યો નવરાત્રિ કાર્યક્રમ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદે રવિવાર, તા. ૨-૧૦-૨૦૧૬ના રોજ એક દિવસનો નવરાત્રિ કાર્યક્રમ ઉજવેલ હતો. જેમાં સમગ્ર અમદાવાદમાંથી લેવા પટેલ સમાજ, કડવા પાટીદાર સમાજ, લોહાણા સમાજ, વાગડ લોહાણા સમાજ, જૈન સમાજ, ભાનુશાળી સમાજ, મારૂ કંસારા જ્ઞાતિ, ગુર્જર ક્ષત્રિય સમાજ, મેમણ સમાજ વગેરે ઘટક સમાજના વિવિધ અગ્રણીઓ ઉપરાંત અંદાજિત ૧૫૦૦ની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેલ હતા.

'અમે ગુજરાતી' કલ્ચરલ ગ્રુપની ઓરકેસ્ટ્રાના ગ્રુપના સહારે અંદાજિત ૩૦૦ ખેલંદાઓ એકસાથે સતત ત્રણ કલાક જેટલા સમય માટે ઝુમી - રમીને વાતાવરણને નવરાત્રિમય બનાવી દીધું હતું.

સૌપ્રથમ રાત્રે ૮.૩૦ કલાકે કોર્પોરેટર શ્રી આશિષ ધીરુભાઈ શાહ અને પટેલ ટ્રાવેલ્સના શ્રી મેઘજીભાઈ ખેતાણીના અતિથિ વિશેષપદે યોજાયેલ આ કાર્યક્રમની શરૂઆત મા અંબેની આરતીથી કરવામાં આવેલ હતી. લોહાણા સમાજના પ્રમુખ શ્રી જગદીશભાઈ ઠક્કર, વાગડ લોહાણા સમાજના પ્રમુખ શ્રી જગદીશભાઈ ખાંડવાલા, મારૂ કંસારા જ્ઞાતિના પ્રમુખ શ્રી જયમીનભાઈ સોની, ક.ક.પા.સ.ના શ્રી નરસિંહભાઈ પટેલ, ગોતા તેમજ બારેજડી સમાજના અગ્રણીશ્રીઓ, જૈન સમાજના શ્રી હીરજીભાઈ શાહ, શ્રી રજનીભાઈ શાહ વગેરે ઉપસ્થિત રહેલ હતા.

રાત્રે ૧૨ વાગે કાર્યક્રમ પૂરો થતાં વિવિધ ખેલાડીઓને ઈનામોથી નવાજવામાં આવ્યા હતા. શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તરફથી વિવિધ કાઉન્ટર્સ મૂકવામાં આવ્યા હતા. ખાણીપીણી માટે ૧૫ જેટલા સ્ટોલ્સ પર લોકોએ મનભરીને વિવિધ વાનગીઓની મજા માણેલ હતી.

કાર્યક્રમના કન્વીનરપદે શ્રી અશોક રઘુરામ ઠક્કર હતા. કાર્યક્રમનું સંચાલન મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે કરેલ હતું. શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી દિનેશભાઈ મહેતા, શ્રી ભરતભાઈ શાહ, શ્રી ઈતેશ ચૌહાણ વગેરેએ અથાગ મહેનત કરી આ કાર્યક્રમને સફળતાની મંઝીલે પહોંચાડેલ હતો. ■

*લક્ષ્મીનો સ્વભાવ ઘણો ચંચળ છે. પણ એથી વધુ ચંચળ તો કીર્તિ છે. કપૂરની જેમ ઊડી જતાં એને વાર લાગતી નથી. લક્ષ્મી તો ગયા પછી ભાગ્ય અને પુરૂષાર્થના બળે ઘણીવાર પાછી આવે છે પણ આબરુ ગયા પછી પાછી ફરતી નથી.*

# Delete Some Data First

મીતા એન. સોલંકી

Hello Friends, 'જ્ઞાતિસેતુ'નો દળદાર અંક હાથમાં આવશે ત્યારે દિવાળીને આવકારવાની તૈયારીઓ થઈ ચૂકી હશે. ઘરની સાફસફાઈ કરી હશે, માળિયા, ભંડારીયા, બિનજરૂરી - ઘરના કચરા કાઢ્યા હશે. ઘરની સાફ-સફાઈ પૂર્ણ થવાને આરે હશે, આખરી ઑપ અપાતો હશે.

ક્યારેય વિચાર્યું છે કે ઘરની જેમ આપણા મનની સાફ સફાઈ કરવાની પણ જરૂર હશે! ઠાંસીઠાંસીને મનની સ્મૃતિઓને સંઘરી રાખવાની આદત હોય છે. પાછું આપણે એવો ભ્રમ પાળીએ છીએ કે જુવો, મારી યાદદાસ્ત કેટલી સારી છે!

મનમાં સંઘરાયેલો કચરો એટલે નકારાત્મક વિચારશૈલી, દુઃખદ સ્મૃતિઓ, દુર્ઘટના - ઈર્ષ્યાભાવ વગેરે કૂટીકૂટીને ભર્યા હોય છે. એને આપણે વર્ષો સુધી સંઘરી રાખતા હોઈએ છીએ.

મન પાસે એવી કોઈ વ્યવસ્થા નથી કે નથી કોઈ સ્વિચ જેના વડે આપણે બિનજરૂરી કચરો ડિલિટ કરીએ. કોમ્પ્યુટર - મોબાઈલમાં આ સગવડ સારી છે. હદથી વધુ ડેટા ઈન્સ્ટોલ થાય એટલે વોર્નિંગ મળી જાય કે મને ખાલી કરો.

જેઓના મગજમાં કચરો વધી જાય તેઓની મનોસ્થિતિ રોગીષ્ટ હોય છે. ડિપ્રેશન જેવો મહારોગ મનના સડેલા કચરાને કારણે જ જન્મે છે. અને તેની અસર આપણા રોજબરોજના વર્તન પર પડે છે.

રોગોનું મૂળ મન છે. મોબાઇલ જેમ હેંગ થઈ જાય તે જ રીતે મનની ઈર્ષ્યા, આળસવૃત્તિ, અહંકાર, શંકા - વહેમ વગેરે દ્વેષભાવથી ભરેલું હોય તો નવા વિચાર, ફ્રેશ આઇડિયા જેવા સ્ફુર્તિદાયક અને સકારાત્મક ગુણોને આવકારવા માટે મનમાં જગ્યા નહીં રહે.

ક્યારેક એમ લાગે છે કે અમુક વસ્તુ - પરિસ્થિતિને ભૂલી જ ન શકીએ તો? આપણું જીવન બહુ અટપટું બની રહે, આપણા પૂર્વગ્રહો રાહુ ગ્રહની જેમ ઘેરામાં લે છે.

ખરેખર તો સ્મૃતિભ્રંશ વરદાન છે. નવા વિચારો આવકારવા મનમાં જગ્યા ખાલી કરવી પડે. ચારેબાજુ ધુમ્મસમાં કાંઈ દેખાતું નથી. તેમ આ મનમાં પણ પૂર્વગ્રહરૂપી નકારાત્મકતાની ધુમ્મસ મોકળાશપૂર્વક વર્તવા દેતી નથી.

વૃધ્ધોને વર્ષો પહેલાની ઘટનાઓ યાદ કરીને વાગોળવાની આદત હોય છે. દિવસ દરમ્યાન આજે શું થયું એ ભૂલી જાય અને વર્ષો પહેલાનું બધું યાદ હોય છે. જેની વર્તમાનમાં ખરેખર ઉપયોગીતા હોતી નથી. જીંદગી પાસે આપણી બે જ અપેક્ષા છે. ખુદ સુખી થાવ અને સુખી કરો. તો દોસ્તો, ડેટા ડિલિટનો પ્રોગ્રામ અજમાવવા જેવો છે. તો મોબાઈલની જેમ ઓવર સ્ટફિંગની સમસ્યા નહીં રહે.

અમુક વ્યક્તિઓ ભૂતકાળની નેગેટીવ બાબતોની જ વાત કરતા હોય, વર્ષો પહેલાના મનમોટાવ - ઝઘડા વગેરે યાદ રાખીને સામેવાળી વ્યક્તિનું આકલન કરતા હોય છે. બેસુમાર સ્મૃતિઓના ખડકલા નીચે આપણું મન હંમેશાં કુંઠિત રહ્યા કરે છે.

અમુક પર્સનાલીટીમાં મેગ્નેટ હોય છે. તેનું કારણ જ આ હોય છે કે તેઓ વર્તમાનમાં જ રહેતા હોય છે. સાજી, સારી, તંદુરસ્ત દેખાતી વ્યક્તિ ક્યારેક ઓચિંતાનું ગેરવ્યાજબી વર્તન કરે, એક જ વાતનું પુનરાવર્તન કર્યા કરે ત્યારે સમજવું કે મગજને ડેટા ડિલીટીંગનો અખતરો કરવા જેવો છે.

શું આપણા મગજમાં મોબાઈલની જેમ ડિલીટીંગનું ફંકશન છે? નથી? તો... એનો ઉપાય એ જ છે કે વર્તમાનમાં જીવવું, ભવિષ્યની ચિંતા છોડવી, માફી આપવી - માંગવી, નવું વાતાવરણ સ્વીકારવું. ફ્રેશ માઇન્ડ, ફ્રેશ એર, પોઝીટીવ વિચારોવાળી વ્યક્તિ સાથેનો સંગાથ આ કદાચિત એના ઉપાયો છે. તમારૂં શું માનવું છે?

દિવાળીની ચોખ્ખી શુભ કામના... હેપ્પી ન્યુ યર...

## સામાન્ય જ્ઞાન

(અનુસંધાન : પાના નં.-૩૯ ઉપરથી ચાલુ)

**૨૦.** કળિયુગના ઋષિ તરીકે કોણ જાણીતું છે?
(A) રવિશંકર રાવળ (B) મોરારી બાપુ
(C) રવિશંકર મહારાજ (D) સ્વામી સચ્ચિદાનંદ

**૨૧.** કીર્તિ મંદિર કયા નેતાનું જન્મ સ્થળનું સ્મારક છે?
(A) જવાહરલાલ નહેરુ (B) સરદાર પટેલ
(C) ગાંધીજી (D) વિનોબા ભાવે

**૨૨.** કુમારપાળે કયા ધર્મને રાજયધર્મ બનાવ્યો હતો?
(A) બૌધ્ધ (B) જૈન
(C) હિંદુ (D) એકેય નહીં

**૨૩.** ગાંધીજીની હત્યા દિલ્હીમાં કયા સ્થળે થઈ હતી?
(A) આગાખાન મહેલ (B) આનંદ ભવન
(C) રાષ્ટ્રપતિ ભવન (D) બિરલા ભવન

**૨૪.** ગુજરાતની હડપ્પન સંસ્કૃતિના અવશેષો કયા સ્થળેથી પ્રાપ્ત થયા છે?
(A) રંગપુર (B) પાલનપુર
(C) ખેડબ્રહ્મા (D) પીપાવાવ

**૨૫.** ગાંધીજીએ કોને સેવાના સાગર કહીને સંબોધ્યા હતા?
(A) ડૉ. ચંદુભાઈ દેસાઈ (B) ઠક્કર બાપા
(C) રવિશંકર મહારાજ (D) ડૉ. આંબેડકર

સંકલન : કુ. કૃપા સાકરીયા - ભુજ

**૧.** ગુજરાત સ્વતંત્ર રાજ્ય બન્યું ત્યારે તેના કેટલા જિલ્લાઓ હતા?
(A) ૧૮ (B) ૧૬
(C) ૧૯ (D) ૧૭

**૨.** ગુજરાત રાજ્યની સ્થાપના થયા પછીના શાસનકાળમાં કયો સમય રાજકીય અસ્થિરતાનો ગણાય છે?
(A) ૨૦૦૧થી ૨૦૦૪ (B) ૧૯૯૪થી ૧૯૯૮
(C) ૧૯૮૬થી ૧૯૯૦ (D) ૧૯૯૫થી ૨૦૦૦

**૩.** બળવંતરાય મહેતાનું નામ શાની સાથે વિશેષ રીતે જોડાયેલું છે?
(A) દેશી રાજ્યોનું એકીકરણ
(B) ભાષાવાર પ્રાંત રચના
(C) પંચાયતી રાજ (D) ભારતનું બંધારણ

**૪.** ગુજરાતમાં નવનિર્માણનું આંદોલન કઈ સાલમાં થયું હતું?
(A) ૧૯૮૫ (B) ૧૯૮૪
(C) ૧૯૭૪ (D) ૧૯૮૦

**૫.** ગુજરાતમાં છેલ્લે રાષ્ટ્રપતિ શાસન કયા રાજ્યપાલના શાસનકાળ દરમિયાન લાદવામાં આવ્યું હતું?
(A) કૈલાસપતિ મિશ્રા (B) કૃષ્ણપાલ સિંઘ
(C) સુંદરસિંહ ભંડારી (D) બલરામ જાખડ

**૬.** નર્મદા બોન્ડની સૌપ્રથમ જાહેરાત કયા મુખ્યમંત્રીએ કરી હતી?
(A) નરેન્દ્ર મોદી (B) કેશુભાઈ પટેલ
(C) ચીમનભાઈ પટેલ (D) માધવસિંહ સોલંકી

**૭.** પીપાવાવ બંદર માટે કોની સાથે કરાર કરવામાં આવેલ છે?
(A) જાપાન પોર્ટ ઓથોરીટી
(B) સીંગાપોર પોર્ટ ઓથોરીટી
(C) ફ્રાન્સ પોર્ટ ઓથોરીટી
(D) ઈન્ડોનેશિયા પોર્ટ ઓથોરીટી

**૮.** વિદ્યાર્થીઓના કૌશલ્યવર્ધન માટે ગુજરાત સરકારે શાની સ્થાપના કરી છે?
(A) ગુજરાત નોલેજ સોસાયટી
(B) ગુજરાત વોકેશનલ સોસાયટી
(C) ગુજરાત સ્કીલ્સ સોસાયટી
(D) ગુજરાત ઈ-ગવર્નન્સ

**૯.** ગુજરાતના માર્ગોના વિકાસ માટે કઈ યોજના અમલમાં છે?
(A) વિકાસ પથ (B) કિસાન પથ
(C) પ્રગતિ પથ (D) તમામ

**૧૦.** કંડલા ફ્રી ટ્રેડ ઝોનની સ્થાપના કયા મુખ્યમંત્રીના કાર્યકાળમાં થઈ?
(A) જીવરાજ મહેતા (B) હિતેન્દ્ર દેસાઈ
(C) બળવંતરાય મહેતા (D) ઘનશ્યામ ઓઝા

**૧૧.** ગુજરાતનો છેલ્લા રાજપૂત રાજા કોણ હતો?
(A) કર્ણદેવ સોલંકી (B) વિશળદેવ સોલંકી
(C) ત્રિભોવનપાળ (D) કર્ણદેવ વાઘેલા

**૧૨.** ભારતના બિસ્માર્ક તરીકે કોણ ઓળખાય છે?
(A) વિઠ્ઠલભાઈ પટેલ (B) ગાંધીજી
(C) સરદાર પટેલ (D) મોરારજી દેસાઈ

**૧૩.** કોને ભારતરત્ન ઍવોર્ડ મળેલ નથી?
(A) ગાંધીજી (B) સરદાર પટેલ
(C) મોરારજી દેસાઈ (D) ગુલઝારીલાલ નંદા

**૧૪.** સૌપ્રથમ ગુજરાતી એન્સાઈક્લોપીડિયા બહાર પાડનાર કોણ હતા?
(A) રતનજી ફરાજી શેઠ (B) ચૈતન્ય દીવાનજી
(C) ફરદુનજી મર્ઝબાન (D) મહંમદ અલ્લારખિયાજી

**૧૫.** ગાંધીજીના અંગત સચિવ કોણ હતા?
(A) નારાયણભાઈ દેસાઈ (B) અરુણા આસફ અલી
(C) મહાદેવભાઈ દેસાઈ (D) ગોપાલકૃષ્ણ ગોખલે

**૧૬.** કયા ગુજરાતી કવિને રાષ્ટ્રીય શાયરનું બિરૂદ મળેલ છે?
(A) ઉમાશંકર જોશી (B) સુંદરમ
(C) સ્નેહ રશ્મિ (D) ઝવેરચંદ મેઘાણી

**૧૭.** રીચર્ડ ઍટનબરોની ‘ગાંધી’ ફિલ્મમાં રઘુપતિ રાઘવ ભજન ગાનાર ગુજરાતી નાયક...
(A) હેમંત ચૌહાણ (B) આસિત દેસાઈ
(C) પ્રફુલ્લ દવે (D) નીનુ મજુમદાર

**૧૮.** ‘દર્પણ’ એકેડેમિની સ્થાપના કોણે કરી હતી?
(A) મૃદુલા સારાભાઈ (B) મૃણાલીની સારાભાઈ
(C) મલ્લિકા સારાભાઈ (D) ઈલા ઠાકોર

**૧૯.** ગુજરાતનાં પ્રથમ મહિલા કુલપતિ કોણ હતા?
(A) પુષ્પાબેન મહેતા (B) હંસાબેન મહેતા
(C) વિનોદિની નીલકંઠ (D) તારાબહેન મોડક

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૮ ઉપર)**

# 'તમસો મા જ્યોતિર્ગમય'

**હંસરાજ કંસારા**

અજય ઊઠ્યો. દોઢેક કલાકથી પથારીમાં પડખાં ફેરવી એ કંટાળી ગયો હતો. એણે રૂમની લાઈટ ઑન કરી. એની પત્ની અલ્પા તરફ જોયું. અલ્પા એની લાક્ષણિક ઢબે સૂતી હતી. પરંતુ એના વદન પર સદૈવ રમતું સંતોષનું સ્મિત નહોતું. બત્તી બંધ કરી એ ડ્રોઈંગ રૂમમાં આવ્યો. રૂમની લાઈટ અને પંખાની સ્વિચ ઑન કરી. ખટ...ખટ...ખટાક કરતો પંખો થોડો ધ્રૂજ્યો અને પછી એની પાંખડીઓ જોરથી ઘૂમવા લાગી. એણે બેડરૂમ તરફ જોયું ત્યાં એનાં બન્ને બાળકો સૂતાં હતાં. આઠ વર્ષનો અંટુ એના નાનકડા બૅડ પર ઓશીકામાં મોં છૂપાવી ટૂંટિયુંવાળી પડ્યો હતો. એની બાજુના બૅડ પર બાર વર્ષની તૃપ્તિ પડખાંભેર સૂતી હતી. એનો એક હાથ અંટુની પીઠ પર હતો.

અજયને એ રૂમમાં જવું હતું. અંટુને સરખો સુવડાવવો હતો. એનું ઓશીકું જો અશ્રુભીનું થયું હોય તો તે બદલવું હતું. એના માથાના વાળ સહેલાવવા હતા. પરંતુ અત્યારે એ ત્યાં જતાં અચકાતો હતો.

અજયે ઘડિયાળમાં જોયું. સાડા બાર થયા હતા. ચારેક કલાક પહેલાં એ ઘેર આવ્યો હતો. ઘરમાં પગ મૂકતાં જ બંને બાળકો એને ઘેરી વળ્યાં હતાં. તૃપ્તિને એની રંગોળી માટેના રંગ અને અંટુને એના ફટાકડા મળશે તેની ખાતરી હતી. પરંતુ અજય એ બધું લાવી શક્યો નહોતો. તૃપ્તિએ તો મન મનાવી લીધું પરંતુ અંટુએ ધાંધલ કર્યું. અજયે ગુસ્સામાં એના ગાલ પર લાફો ચોડી દીધો. એની પત્ની અલ્પા તરત જ રસોડામાંથી બહાર આવી. બન્ને બાળકોને ચૂપચાપ એમના રૂમમાં લઈ ગઈ.

અજય સ્વભાવે ગુસ્સાખોર હતો. પરંતુ ઘરમાં સૌએ એની એ ક્ષણિક નબળાઈ સ્વીકારી લીધી હતી, ખાસ તો અલ્પાએ. અને એટલે જ, અલ્પા બન્ને બાળકોને લઈ ગઈ તેની અજયને કોઈ નવાઈ લાગી નહોતી. અજયને એના અકારણ ક્રોધ બદલ દુઃખ થયું. પરંતુ એને વિશ્વાસ હતો કે અલ્પા બાળકોને મનાવી લેશે. બાળકોને સુવડાવી અલ્પા બહાર આવી. બન્ને જમવા બેઠાં. અજય એના વર્તન બદલ પસ્તાવો કરવા લાગ્યો. એણે અલ્પાને ગળગળા અવાજે કહ્યું કે આ વરસે પણ પ્રમોશન લિસ્ટમાં એનું નામ નહોતું. એની ફ્લેટ માટેની લૉન પણ મંજૂર થઈ નહોતી. ઑફિસેથી એ સીધો ફટાકડા અને રંગો લેવા માટે બજારમાં જ જતો હતો. ત્યારે રસ્તામાં કોઈએ ફેંકેલો બોમ્બ જેવો ફટાકડો અચાનક ફૂટતાં એને એક્સિડન્ટ નડ્યો હતો. અને એ ગરબડમાં એનું પૈસાનું પાકીટ ક્યાંક પડી ગયું હતું. એને કંઈ ખાસ ઈજા થઈ નહોતી માત્ર કોણી છોલાઈ ગઈ હતી. અલ્પા, અજયની કેફિયત મૂંગે મોંએ સાંભળી, ટેબલ પરનાં વાસણો ચોકડી પર મૂકવા ચાલી ગઈ.

અજયને દુઃખ થયું કે અલ્પાએ એની છોલાયેલી કોણી પર આયોડેક્સ લગાવવાનું તો ઠીક, એણે તો ઉઝરડો જોવાનીય દરકાર કરી નહોતી. અજય પણ ડ્રોઈંગ રૂમમાં ગયો. દીપોત્સવી પૂર્તિનાં પાનાં પલટાવતો ત્યાંજ બેસી રહ્યો. અલ્પા એનું રસોડાનું કામ આટોપી, ચૂપચાપ બેડરૂમમાં જઈ સૂઈ ગઈ. અલ્પાનું આજનું વર્તન અજયને કેમેય સમજાતું નહોતું. અને એટલે જ આજે એને ઊંઘ આવતી નહોતી. ડ્રોઈંગરૂમમાં પંખો જોરથી ફરતો હતો, છતાં અજયને અકળામણ થતી હતી. એણે રૂમની બારીનો પડદો હટાવ્યો. પડદા પાછળ લપાયેલી ગરોળી ટપ...કરતી નીચે પડી, ઝડપથી દીવાલ પર ચડી, ત્યાં લટકતા એક કેલેન્ડર પાછળ ભરાઈ ગઈ. કેલેન્ડરમાં વિવિધ રંગોસભર દીપોત્સવનું ચિત્ર હતું. એની નીચે લખ્યું હતું : 'ઉત્સવ એટલે આંસુની ગેરહાજરી, સ્મિતની ઘેર હાજરી.'

અજયને અહેસાસ હતો કે આજે એના ક્ષણિક ક્રોધને કારણે એના ઘરમાં ઉત્સવ સમયે 'સ્મિત'ને બદલે 'આંસુ' છે. પરંતુ અલ્પાએ આ વાતે એનાથી અબોલા લીધા એનું અજયને અધિક દુઃખ થયું. 'અંટુના અશ્રુ' અને અલ્પાના 'અબોલા'ને લીધે આજે એને કેમેય ઊંઘ આવતી નહોતી. એટલે બીજું કંઈ ન સૂઝતાં એણે ટેબલ પર વેરાયેલા તેમજ બીજે પડેલાં અખબારોનો ટિપોય પર ઢગલો કરી એને તારીખવાર ગોઠવવા લાગ્યો. એક અખબારના પ્રથમ પૃષ્ઠે એણે 'રાવણ દહન'ની ખબર અને તસવીર જોઈ. હેડલાઈન હતી : 'શુભનો અશુભ પર વિજય.' બીજી એક ખબરમાં આઠ વર્ષના કમ્પ્યુટર જાયન્ટ બાળકની તસવીર હતી. અંટુને એની સ્કૂલ માટે સ્ક્રેપબુક બનાવવા કામ લાગશે એમ માનીને અજયે એ બન્ને ખબરની તસવીરો સહિત કતરણો રાખી લીધી. અખબારો પલટતાં એનું ધ્યાન બીજી ખબરો પર પણ ગયું. એમાં એક ફટાકડાની ફેક્ટરીમાં લાગેલી આગની વિગત હતી. એની તસવીરમાં બે ઇન્સેટ હતા. એકમાં એક બાળ મજૂર ફેક્ટરીમાં કામ કરતાં નખશિખ દાઝી ગયો હતો, તેની તસવીર હતી. બીજી તસવીરમાં આગમાં ભડથું થયેલી મહિલા હતી. અજયે એ બન્ને ખબર ધરાવતાં પૃષ્ઠો ડૂચો વાળી ફેંકી દીધા.

અજયે અખબારોનું બંડલ ડ્રોઈંગરૂમમાં એક ખૂણે મૂક્યું. એ ખૂણાની દીવાલમાં ભેજ ઊતર્યો હતો. ક્યાંક પ્લાસ્ટરનાં પોપડા ખરી ગયા હતા. એને લીધે એ દીવાલ પર કોઈ આધુનિક શૈલીનું abstract ચિત્ર ઊપસી આવ્યું હતું. જેમાં એક તરફ 'રાવણ દહન' તો બીજી તરફ 'બાળ દહન'નો આભાસ અજયને થયો. કેલેન્ડરની પાછળ છુપાયેલી ગરોળી હવે બેધડક એના શિકારની શોધમાં એ ભેજવાળી ભીંતે આંટા મારતી હતી. અજયની આંખમાં હવે ઊંઘ ભરાણી હતી. અંટુનો આક્રોશ અને અલ્પાના અબોલા આ ચિત્રો વચ્ચે વામણા બની અદશ્ય થઈ ગયા.

અજય ટેબલ પરના કાગળો અને બીજી વસ્તુઓ સમેટવા લાગ્યો. અચાનક એના કોઈ મિત્રે મોકલેલું દિવાળી ગ્રીટિંગ કાર્ડ એની નજરે ચડ્યું. એણે એ ખોલીને જોયું. એમાં પાંચ યુગાવતારનાં ચિત્રો હતા. એક તરફ રામ અને શ્રી કૃષ્ણ હતા. બીજી તરફ મહાવીર સ્વામી અને બુદ્ધ હતા. વચ્ચે હતા મહાત્મા ગાંધી. કાર્ડમાં સામેની બાજુ એમના દ્વારા પ્રતિપાદિત શાશ્વત સત્યોનાં દોહન સમા સૂત્રો હતાં :

**(અનુસંધાન : જુઓ પાના નં.-૮ ઉપર)**

# મહામૂલી માનવતા

મુંબઈના વિખ્યાત ઓર્થોપેડિક ડોક્ટરે જે કહ્યું તે સાંભળીને અમદાવાદનાં અંકિતાબહેન ડઘાઈ ગયા. એમનાં હાથમાં એમનો લાડકવાયો દીકરો હતો જે પોતાની મમ્મીની માનસિક હાલતથી બેખબર હતો.

ડૉક્ટરે શબ્દોની ધણધણાટી બોલાવી દીધી હતી. 'તમારા દીકરાને સેરેબ્રલ પાલ્સી નામનો રોગ છે એ તમે જાણો છો. એની સારવાર તો મેં આપી દીધી. પણ હવે એના બેય પગની અક્કડતા સુધારવા માટે તમારે ખાસ પ્રકારના શુઝ બનાવડાવવા પડશે.

ના, અમદાવાદમાં નહીં, અહીં મુંબઈમાં જ બનાવડાવવા પડશે. મને બીજા કોઈની ઉપર વિશ્વાસ નથી. દીકરાની કસરત ચાલુ રાખજો. છ મહિના પછી પાછા 'ચેક અપ' માટે આવી જજો. તમે હવે જઈ શકો છો. પૈસા બહાર કાઉન્ટર ઉપર ચૂકવી શકો છો. બાય! નેક્સ્ટ પેશન્ટ!'

ગુજરાતના કોઈ પણ દર્દીને લઈને ક્યારેય મુંબઈ ગયા છો? જો ગયા હશો તો અવશ્ય ડઘાઈ ગયા હશો. ત્યાંના ડૉક્ટરોની તોતિંગ ફી અને નખશીખ પ્રોફેશનાલિઝમ જોઈને તમને અચૂક લાગશે કે આપણા ડૉક્ટરો તો સાવ મફતમાં સારવાર આપે છે.

દોષ ત્યાંના ડૉક્ટરોનો નથી, પણ મુંબઈના જીવનધોરણનો છે. મોંઘવારી, ક્લિનિકની જગ્યાના આસમાનને સ્પર્શતા ઊંચા ભાવ, દેશભરમાંથી આવતા દર્દીઓનો ધસારો, આમાં ડૉક્ટરો ધંધાદારી ન બને તો શું કરે?

આ ડૉક્ટર પણ એવા જ મજબૂર મહાત્મા હતા. પૂરા દેશમાં એમનું નામ છે. પ્રથમવારની કન્સલ્ટિંગ ફી રૂા. ૩,૦૦૦/-. દર્દી માટે ફાળવી શકાતો સમય પાંચેક મિનિટ કરતાં વધારે નહીં. અંકિતાબહેન દીકરાને ઊંચકીને બહાર નીકળ્યા. પર્સ કાઉન્ટર પર ઊંધું વાળીને રસ્તા પર આવી ગયાં. ટેક્ષી કરીને શુઝ બનાવનારની ઑફિસે જઈ પહોંચ્યાં. દીકરાના પગનું માપ આપ્યું.

શૂ-મેકરે કીધું 'બે દિવસ પછી આવજો. બુટ તૈયાર હશે.' 'ભલે.' અંકિતાબહેન ઊભા થયા. 'અત્યારે કંઈ આપવાનું છે?' એમના મનમાં એમ કે સો-દોઢસો રૂપિયા એડવાન્સ પેટે કદાચ આપવાના થશે. 'પાંચ હજાર રૂપિયા.' માણસે સપાટ ચહેરે કહી દીધું, 'પૂરું પેમેન્ટ આજે જ આપવું પડશે. પછી જ અમે કામ શરૂ કરીશું.'

અંકિતાબહેન પાસે એ.ટી.એમ. કાર્ડ હતું એ અત્યારે મદદે આવ્યું. રકમ ચૂકવીને ફરી પાછાં રસ્તા ઉપર. ફરી પાછી ટેક્સી. ફરી પાછું યજમાનનું ઘર. એટલું વળી સારું હતું કે શાળાના વખતની જૂની બહેનપણી મુંબઈમાં પરણીને સેટલ થયેલી હતી, નહિંતર હોટેલમાં રહેવાનો ખર્ચ ઊંટની પીઠ પરના છેલ્લા તણખલા જેવો સાબિત થયો હોત.

પણ આ બધું કરવું જ પડે તેમ હતું. ત્રણ વર્ષના વહાલા દીકરા રમ્ય માટે આ દોડધામ, આ હાડમારી, આ ખર્ચાઓ, માનસિક-આર્થિક-શારીરિક એમ ત્રિવિધ પ્રકારની હાલાકીઓ ઊઠાવવી જ પડે તેમ હતી. રમ્યા સાચ્ચે જ રમ્ય હતો. પરાણે વહાલો લાગે તેવો.

ટ્રેનમાં બેઠેલા અજાણ્યા પ્રવાસીઓ પણ એને રમાડવા માટે ઊંચકી લેતા. પણ હાથમાં લીધા પછી તરત જ પૂછી બેસતા, 'બેન, આના પગમાં કંઈક ખોડ છે?'

સાંભળીને અંકિતાની છાતી ચીરાઈ જતી. એ બને એટલા ઓછા વાક્યોમાં માહિતી સમાવી દેતી – 'હા, એને જન્મથી જ સેરેબ્રલ પાલ્સીની બીમારી છે. મગજમાં કે એની વિચારશક્તિમાં કશું નુકસાન નથી, પણ પગના સ્નાયુઓમાં અક્કડતા આવી જાય છે. સારવાર ચાલુ છે. ડૉક્ટરો કહે છે કે આગળ જતાં બહુ વાંધો નહીં આવે.'

જગતના શ્રેષ્ઠ ઓર્થોપેડિક ડૉક્ટરોમાંના એક ડૉક્ટર મુંબઈમાં હતા. એનું નામ સાંભળીને અંકિતા એમની પાસે દોડી ગઈ હતી. ડૉક્ટરે ત્રણ વર્ષના રમ્યને બેહોશીનું ઈન્જેક્શન આપીને એના બંને પગના સાંધાઓમાં એક ખાસ પ્રકારનું ઈન્જેક્શન આપ્યું હતું. એ દવાને કારણે અમુક મહિનાઓ સુધી પગના સ્નાયુઓ શિથિલ બની જવાના હતા. બાકીનું કામ ફિઝિયોથેરાપી અને ખાસ બનાવટના બુટ દ્વારા પૂરું કરવાનું હતું.

શ્રેષ્ઠ સારવાર માટે મહત્તમ ધન ખર્ચીને અંકિતા પાછી અમદાવાદ આવી ગઈ. ફિઝિયોથેરાપી માટે રોજ દોઢથી બે કલાકનો ભોગ આપવો પડતો હતો. પતિની આવક મર્યાદિત હતી. સારવાર માટેની જાવક અમર્યાદિત હતી.

અમદાવાદ આવ્યાને માંડ એકાદ મહિનો થયો હશે ત્યાં બીજી મુશ્કેલી ઉત્પન્ન થઈ.

રમ્ય આખો દિવસ બુટ પહેરી રાખતો હતો. એના લીધે બુટના તળિયા ઘસાઈ ગયા. હવે શું કરવું?

રમ્યના પપ્પાએ મુંબઈમાં ફોન લગાડ્યો. બુટ બનાવનારે કહી દીધું, 'નવા સૉલ નખાવવા પડશે, નહિંતર બુટને નુકસાન થશે તો નવેસરથી પાંચ હજારનો ખર્ચ...'

'ના ભઈ'સાબ અમે નવા તળિયાં નખાવડાવી લઈશું.' 'જુઓ ત્યાં અમદાવાદમાં કોઈ કરી આપે એવું છે કે કેમ? નહિંતર કુરિયર દ્વારા અમારી પાસે મોકલી આપજો. અઠવાડિયામાં તમને બુટ પાછા મળી જશે. મુંબઈગરાની વાત સાંભળીને અમદાવાદના મધ્યમવર્ગીય પતિ-પત્ની ગભરાઈ ઊઠ્યા.

પૈસા! પૈસા! પૈસા! ન ધારી હોય એવી દિશાએથી નવા નવા ખર્ચાઓ ઊભા થઈ રહ્યા હતા. માનવતા નામનો શબ્દ જાણે જગતમાંથી નષ્ટ થઈ ચૂક્યો હતો. કોઈની લાચારીમાંથી લોકોને રૂપિયાની ફસલ લણી લેવી હતી.

શું કરવું? ક્યાં જવું?

કોઈએ માહિતી આપી, અમદાવાદમાં એક મોચી છે. બહુ નાનો માણસ છે પણ કારીગર તરીકે મોટો છે. જાહેર રસ્તાની ફુટપાથ ઉપર બેસીને જૂતા સાંધવાનું અને પોલીશ કરી આપવાનું કામ કરે છે. એક્સપર્ટની દુકાને જવાને બદલે આ ગરીબ કારીગર પાસે જઈ આવો. કદાચ કમ ખર્ચમાં તમારું કામ થઈ જાય!

અંકિતાના દિમાગમાં વાત જચી ગઈ. બુટ લઈને એ પહોંચી ગઈ. પાંત્રીસેક વર્ષનો એક લઘરવઘર આદમી ફુટપાથ ઉપર પાંચ-સાત ડબ્બીઓ, બે-ચાર બ્રશ અને જૂતાં રિપેર કરવાનો સરંજામ લઈને બેઠો હતો.

કારીગર હોંશિયાર હોવો જોઈએ કારણકે એની આગળ ઘરાકોની લાઈન લાગી હતી.

કોઈ શો-રૂમમાં જેટલા નવા જૂતાં ન હોય, એટલી સંખ્યામાં જૂના બુટ-ચંપલો આ ફુટપાથિયાના દરબારમાં જોઈ શકાતા હતા.

સ્ત્રીને આવેલી જોઈને મોચીએ પૂછ્યું, ‘આવો બહેન, આ તરફ આવી જાવ. તમારે લાઈનમાં ઊભા રહેવાની જરૂર નથી. બોલો, શું લઈને આવ્યા છો?’ બોલતી વખતે પણ એના હાથ તો ચાલુ જ હતા.

અંકિતાએ થેલીમાંથી બુટ કાઢ્યા. તરત જ મોચી થંભી ગયો. ‘દીકરો કે દીકરી?’

‘દીકરો છે!’

‘તળિયાં ઘસાઇ ગયા છે ને? અરેરે! આ બીમારી જ એવી છે, પણ તમે ચિંતા ન કરશો બેન. બુટ મુકતાં જાવ. આવતીકાલે લઈ જજો.’

‘પણ જોજો હં, કામ બગડે નહીં....’

મોચી હસ્યો. ‘બેન, મારું નામ દિનેશ છે અને આખું અમદાવાદ જાણે છે કે દિનેશ આવા કામમાં મુંબઈના કારીગર કરતાંયે વધુ હોંશિયાર છે. આ ઘસાઈ ગયેલા તળિયાં કાઢીને ચામડાના નવા સોલ લગાડવાનું કામ બહુ મહેનત માંગી લે તેવું છે બેન. એટલા માટે તો મેં એક દિવસનો સમય માંગ્યો છે અને બીજી એક વાત તમે જાણી લો, તમારા દીકરા જેવી બીમારીવાળા તમામ બચ્ચાંઓના બુટ આ દિનેશ જ સમારી આપે છે. તમે ફિકર ન કરશો!’

ધમધમતો ધંધો, માથે પડતી ઘરાકી, ચાર-પાંચ સહાયકો અને સમયની ખેંચ હોવા છતાં મોચીએ શક્ય એટલી ઝડપથી રમ્યના બુટ નવા જેવા કરી આપ્યા. બીજા દિવસે જ્યારે અંકિતા વાયદા પ્રમાણેના સમયે જઈ પહોંચી, ત્યારે એના મનમાં આવી ગણતરી ચાલી રહી હતી, ‘આ કામ માટે મોચી સોથી દોઢસો રૂપિયા તો જરૂર લેશે જ.’

પણ એને આંચકો ત્યારે લાગ્યો જ્યારે દિનેશે જીર્ણોધ્ધાર પામેલા બુટ એના હાથમાં મૂકીને કહ્યું, ‘ના બેન! આ કામનો હું એક પૈસો પણ નથી લેતો. આખા અમદાવાદમાં મારી મોનોપોલી છે એ હું જાણું છું. પણ ના... ભગવાને મને પૂરતી કમાણી આપેલી છે. તમારો જો ખૂબ આગ્રહ હોય તો ફી પેટે એક માંગણી મૂકું છું – આવતા મહિને ફરી પાછા આવો ત્યારે તમારા મુન્નાને પણ લેતા આવજો.’

‘કેમ?’

‘બીજું કંઈ કામ નથી, બે’ન! પણ મને ખબર તો પડે કે હું કયા ભગવાન માટે આ ભક્તિ કરી રહ્યો છું!’ બોલતાં બોલતાં દિનેશનું ગળું ભીનું થઈ ગયું અને સાંભળીને અંકિતાની આંખો!

મોચીની ભક્તિ મહિના-દર મહિના ચાલતી રહી.

પણ એક દિવસ અંકિતા માટે વીજળી બનીને ત્રાટક્યો. એ જ્યારે બુટના સમારકામ માટે દિનેશના પાથરણાં પાસે પહોંચી ત્યારે દિનેશ ગાયબ હતો. એની જગ્યાએ એક વીસેક વર્ષનો યુવાન બેઠો હતો.

અંકિતાના ચહેરા પર ફૂટેલો સવાલ વાંચીને યુવાને બાજુના ઝાડ તરફ આંગળી ચીંધી. વૃક્ષના થડ ઉપર સ્વ. દિનેશની ફ્રેમમાં મઢેલી છબી લટકતી હતી. એની ઉપર તાજા ફૂલોની માળા ચડાવેલી હતી.

યુવાને માહિતી આપી. ‘એ મારા કાકા હતા. વીસ દિવસ પહેલાં એક અકસ્માતમાં ગુજરી ગયા. સાઈકલ પર જતા હતા, પાછળથી બસ ધસી આવી. કાકા ચગદાઈ ગયા... પણ તમે નિરાશ ન થશો બે’ન. લાવો, તમારાં દીકરાના બુટ હું રીપેર કરી આપું છું. દિનેશકાકા ખાસ મહેનત લઈને આ કારીગરી મને શીખવતા ગયા છે.’

અંકિતા કશું બોલી ન શકી. થેલીમાંથી બુટ કાઢીને એણે યુવાનના હાથમાં મૂકી દીધા.

બીજા દિવસે જ્યારે એ પાછી આવી ત્યારે બુટ ‘નવા’ બની ગયા હતા.

અંકિતાએ પર્સ ખોલ્યું. ‘કેટલા રૂપિયા આપું?’

‘એક પણ નહીં.’ યુવાને જવાબ આપ્યો. પછી ઉમેર્યું, ‘દિનેશકાકા આ વાત પણ મને વારસામાં શીખવતા ગયા છે. બહેન, જીવનભર આ ચામડાં ચૂંથતા રહીએ છીએ. ક્યારેક તો આવા ભજન-કીર્તન કરવા દો!’

ફરી એકવાર બોલનારનું ગળું અને સાંભળનારની આંખો ભીની બની ગઈ.

અંકિતાને આજે પહેલીવાર સમજાયું કે જગતમાં બધે ઠેકાણે પૈસાનું ચલણ નથી હોતું. ફુટપાથ પર બેઠેલો મોચી મેટ્રો સિટીના ડૉક્ટર કરતાં પણ વધુ મોટો હોઈ શકે છે.

ફુટપાથ પરની આ ફાઈવ-સ્ટાર હસ્તીને સલામ!

***(સત્ય ઘટના)*** ***સૌજન્ય : ડૉ. શરદ ઠાકર***

Chimanlal Soni 98985 15125 Pratish C. Soni 98240 31029

# PRATISH Industries

## MANUFACTURER OF :

- Sheet Metal Press Components
- Electronics Sheet Metal Press Components
- Tools & Dies
- CNC Wire Cut



Factory : 390 GIDC, Makarpura, Baroda-390010

Tel. : 0265-2637736 Telefax : 0265-2643155

E-mail : pratishindustries@yahoo.in

RNI No. GujGuj/2005/16692/Posted at PSO Ahmedabad.




Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad- 380 021.
Published at: Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chandla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00